
# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

સૈફના નિવેદન બાદ કરીનાનો જૂનો ઈન્ટરવ્યૂ વાઈરલ...



પેજ-09

સ્ટાર ઓલરાઉન્ડર બેન સ્ટોક્સની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 29.00 |
| વડોદરા | 33.00 | 28.00 |
| સુરત | 29.00 | 27.00 |

પેજ 5




એમેઝોન ઈન્ડિયાએ પ્રાઈમ ડે 2026ની ડીલ્સ જાહેર કરી

01 JULY-2026 WEDNESDAY

હોર્મુઝ જળમાર્ગ પર જંગ: ઈરાનની અમેરિકાને સ્પષ્ટ ચેતવણી



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 76478.67 | ▼ | 249.70 |
| નિફ્ટી | 23865.75 | ▼ | 80.50 |
| સોનું | 143450.00 | ▲ | 1048.0 |
| ચાંદી | 228182.00 | ▲ | 8776.0 |

વર્ષ-15 । અંક-228 । વિક્રમ સંવત-2082 । જેઠ વદ - 02 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# માતા-દીકરીઓને મળ્યું સન્માન,

## હવે સપનાઓને મળી નવી ઉડાન



અમારું વચન પાળતા, 'માવાં-ધિયાં સત્કાર યોજના' હેઠળ જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનાના હપ્તા આજે એકસાથે બેંક ખાતાઓમાં જમા કરવામાં આવી રહ્યા છે.

- આપકા અપના ભગવંત માન

1092/18/2026-27/12830

ਮੁੱਖ ਮੰਤਰੀ ਮਾਵਾਂ ਧੀਆਂ ਸਤਿਕਾਰ ਯੋਜਨਾ

પંજાબની દરેક મહિલા માટે દર મહિને **રૂપિયા 1,000**

એસ.સી. (SC) વર્ગની મહિલાઓ માટે દર મહિને **રૂપિયા 1,500**

માહિતી અને લોકસંપર્ક વિભાગ, પંજાબ

અમદાવાદ એક્સપ્રેસ
WEDNESDAY • 01-07-2026

# શું ગુજરાતમાં ન્યાયતંત્ર બાકી છે? ઝઘડિયા દુર્ઘટના પર AAP નેતા નિરંજન વસાવાના સરકાર પર આકરા પ્રહારો




અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી અને નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ઝઘડિયા જીઆઈડીસીમાં જે મેટ્રોપોલિટન કંપની આવેલી છે, તેમાં બોઈલર ફાટવાને કારણે ત્રણથી પણ વધુ કર્મચારીઓ કાળનો કોળિયો બન્યા (મૃત્યુ પામ્યા) હતા. તેમ છતાં પણ કોઈ રાજકીય કે સામાજિક આગેવાન પીડિતોને ન્યાય અપાવવા આગળ આવ્યા નહોતા. ત્યારબાદ પીડિત પરિવારે ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાનો સંપર્ક કરી ન્યાયની અપેક્ષા સાથે તેમને ઘટનાસ્થળે બોલાવ્યા હતા. જ્યારે ચૈતરભાઈ અને આમ આદમી પાર્ટીની ટીમ ત્યાં પહોંચીને કંપનીના સત્તાધીશો સાથે વાતચીત કરવાનો પ્રયત્ન કરી રહી હતી, તે જ સમયે ભારતીય જનતા પાર્ટીના આગેવાન રોશન વસાવા અને તેમના માણસો દ્વારા ચૈતરભાઈ વસાવા સાથે બોલાચાલી કરવામાં આવી હતી. આ ભાજપના નેતાઓએ પીડિત પરિવારોને ન્યાય અપાવવાના બદલે આખા મુદ્દાને ડાયવર્ટ કરવા માટે ઘર્ષણ ઊભું કર્યું હતું. તેમ છતાં ચૈતરભાઈએ જણાવ્યું હતું કે, તેઓ કંપનીના મેનેજર અને એમ.ડી. સાથે વાત કરીને પીડિત પરિવારને યોગ્ય ન્યાય અપાવશે. પરંતુ, આ એક પૂર્વઆયોજિત કાવતરું હતું, જેથી કરીને ચૈતરભાઈ સાથે ઘર્ષણ કરીને મૂળ મુદ્દો ભટકાવી શકાય. આજે સોશિયલ મીડિયામાં આ વીડિયો ક્યાંય દેખાઈ રહ્યો નથી કે ઘર્ષણની શરૂઆત સામેવાળા પક્ષે કરી હતી. આમ છતાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા, ભરૂચ જિલ્લા પ્રમુખ પિયુષ પટેલ, જિલ્લા પંચાયતના સદસ્ય રજનીભાઈ અને સર્જનભાઇ વસાવાને નોટિસ આપીને ઝઘડિયા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં હાજર થવા જણાવ્યું હતું. જ્યારે આ આગેવાનો ત્યાં હાજર થયા, ત્યારે તેમની પૂછપરછ કરીને તેમની ધરપકડ કરી લેવામાં આવી છે અને હજુ સુધી તેમને છોડવામાં આવ્યા નથી.

# ભરૂચ AAP નેતાઓની ધરપકડ પછી સંગઠનને તોડવાનો આરોપ, ડો. કરન બારોટે સરકારને ઘેરી



અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. કરન બારોટે એક વિડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, AAP ભરૂચ જિલ્લા પ્રમુખ પિયુષ પટેલ, તા. પ્રમુખ સર્જન વસાવા અને જિ. પં. સભ્ય રજનીભાઈ વસાવાની ધરપકડ થઈ છે. હું ગુજરાતી જનતાને સવાલ પૂછવા માગું છું કે આમ આદમી પાર્ટીના નેતાઓ અને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ મજબૂતાઈથી ગુજરાતની જનતાના પ્રાણ પ્રશ્નો મુદ્દે અવાજ ઉઠાવે શું એ કોઈ ગુનો છે? AAP નેતાઓ અને કાર્યકર્તાઓ ખેડૂતો, યુવાનો, મહિલાઓ, કોન્ટ્રાક્ટ કર્મચારીઓ, આશાવર્કર સહિત ગરીબ અને મધ્યમ વર્ગના તમામના મુદ્દાઓને ઉઠાવે છે અને તેમના ન્યાય માટેની માંગણી કરતા આવ્યા છે. ત્યારે આ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ગુજરાતની જનતાના પ્રાણ પ્રશ્નો ન ઉઠાવે અને જનતાના પ્રશ્નોનું નિરાકરણ ન આવે એટલા માટે અમારો અવાજ દબાવવાનો પ્રયાસ સત્તા પક્ષ દ્વારા થઈ રહ્યો છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ડો. કરન બારોટે જણાવ્યું હતું કે, ધારાસભ્ય ચૈતર વસાવાએ પ્રજાના પ્રશ્નો મજબૂત રીતે ઉઠાવ્યા, માટે તેમનો અવાજ દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આમ આદમી પાર્ટી સમગ્ર ગુજરાતમાં પોતાનું મજબૂત સંગઠન બનાવી રહી છે. નેતાઓ અને કાર્યકર્તાઓની મહેનતથી જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યો અને નગરપાલિકાના સભ્યો ચૂંટાઈને આવ્યા માટે આમ આદમી પાર્ટીને દબાવવા અને નેતાઓને ઝુકાવવા માટે તથા આમ આદમી પાર્ટીના સંગઠનને તોડવા માટે સત્તા પક્ષ દ્વારા પ્રયાસો થઈ રહ્યા છે. અમે જનતાને કહેવા માંગે છે કે અમે પ્રજા માટે લડતા આવ્યા છીએ અને લડતા રહીશું. અમને ન્યાયતંત્ર પર ભરોસો છે. સરકાર દ્વારા લોકશાહીના લીરેલીરા ઉડાવવાનું જે કામ કરવામાં આવી રહ્યું છે એને ગુજરાતની જનતા સમક્ષ મૂકવું જરૂરી છે. સત્તાધીશો નથી ઈચ્છતા કે આદિવાસી લોકો, ગરીબ અને મધ્યમવર્ગના લોકો આગળ આવે અને એમને સારી સુવિધાઓ મળે, તો આવા સત્તાધીશોને હવે ઓળખવાની જરૂરત છે. હવે જનતાએ ટૂંક જ સમયમાં આ લોકોને જાકારો આપવો પડશે અને પ્રજાના પ્રશ્નો મુદ્દે જે નેતાઓ-કાર્યકર્તાઓ લડી રહ્યા છે તેમને જનતાના સમર્થન અને સાથ સહકારની જરૂર છે. તો આવા લોકોને ન્યાય મળે અને એ લોકો વધુ મજબૂતીથી પ્રજાના પ્રશ્નો ઉઠાવે એ માટે પ્રજા એમને સપોર્ટ આપે એવી વિનંતી કરીએ છીએ.

# AAP ધારાસભ્ય ચૈતર વસાવા સામેની ખોટી FIR અને સજાના વિરોધમાં ૨ જુલાઈએ ડેડિયાપાડામાં ગર્જશે 'આદિવાસી મહાસંમેલન'

અમદાવાદ | આમ આદમી પાર્ટીના નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે, ચૈતરભાઇ વસાવા જ્યારથી ધારાસભ્ય બન્યા છે ત્યારથી પ્રજાના નાના-નાના પ્રશ્નો હોય, પછી તે રસ્તાના હોય, શિક્ષણના હોય, પાણીના હોય, આરોગ્યના હોય, સનદની જમીનના હોય કે અન્ય સામાજિક પ્રશ્નો હોય આ તમામ મુદ્દાઓને તેઓ મજબૂતાઈથી ઉઠાવે છે, સરકાર સામે અવાજ બુલંદ કરે છે અને લોકોને ન્યાય અપાવે છે. પરંતુ આ ભારતીય જનતા પાર્ટી અને તેમાં બેઠેલા નેતાઓએ ફોરેસ્ટ અધિકારીઓ સાથે મિલીભગત કરીને તેમની પર ખોટી FIR દાખલ કરાવી. જેના લીધે તેમને અને અન્ય નવ જેટલા લોકોને પણ સાત-સાત વર્ષની સજા ફટકારવામાં આવી. એટલું જ નહીં, માત્ર ૧૭ દિવસનું બાળક પણ



જેલમાં છે તેની પરિસ્થિતિ દિવસે ને દિવસે વધુ કથળતી જાય છે, તેમ છતાં જાડી ચામડીના ભારતીય જનતા પાર્ટીમાં બેઠેલા નેતાઓ અને સરકારના પેટનું પાણી હલતું નથી.'આપ' નેતા નિરંજન વસાવાએ વધુમાં જણાવ્યુ હતુ કે આવનારા દિવસોમાં એટલે કે આગામી તારીખ ૦૨-૦૭-૨૦૨૬, ગુરુવારના રોજ સવારે ૧૧ કલાકે ડેડિયાપાડાના પીઠા ગામ ખાતે એક મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તમામ સમાજના લોકો આ સામાજિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાના છે. ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશના તમામ સામાજિક સંગઠનો અને આગેવાનો પણ અહીં પધારવાના છે. તો આપ સૌ ભાઈઓ, બહેનો અને મિત્રો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહો, તેવું અમારા તમામ આગેવાનો અને સાથીઓ તરફથી ભાવભર્યું આમંત્રણ છે.

# ભરૂચ AAP નેતાઓની ધરપકડ બાદ યાકુબ ગુરજીના સરકાર પર આકરા પ્રહાર

અમદાવાદ : ભરૂચ AAP નેતાઓની ધરપકડ મુદ્દે આમ આદમી પાર્ટીના ભરૂચ લોકસભા ઇન્ચાર્જ યાકુબ ગુરજીએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે AAP ભરૂચ જિલ્લા પ્રમુખ પિયુષ પટેલ, ભરૂચ જિ.પં.સભ્ય રજનીભાઈ વસાવા અને ઝઘડિયા તાલુકા પ્રમુખ સર્જન વસાવાની ગઈકાલે ધરપકડ થઈ છે. હું ગુજરાતી જનતાને સવાલ પૂછવા માગું છું કે આમ આદમી પાર્ટીના નેતાઓ અને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા મજબૂતાઈથી ભરૂચ જીલ્લામાં ઔદ્યોગિક એકમોમાં થતાં અક્સ્માતમાં મૃત્યુ પામેલા કે ઘાયલ થયેલા કામદારો માટે ન્યાયની માંગણી કરવી શું ગુનો છે? કંપનીઓમાં છાસવારે દુર્ઘટના બને છે તેમાં સ્થાનિકો અને કામદારોનો જ ભોગ લેવાય છે, મૃત્યુ પામનારા કે ઘવાયેલા કામદારોના પરિવારોને કંપની માલિકો ગણકારતા ન હોય ત્યારે આવા પીડિત પરિવારો રાજકીય આગેવાનોનો સહારો લેતા હોય છે. ઝઘડિયા જીઆઈડીસીની મેટ્રોપોલિટન એકસાઈકેમ પ્રા.લિ. કંપની બાબતે પણ આવું જ બન્યું , કંપનીમાં બ્લાસ્ટ થયો, એક કામદારનુ મૃત્યુ થયું, ત્રણ-ચાર લોકો ગંભીર રીતે દાઝેલા હોય જેમને સુરતની હોસ્પિટલમાં દાખલ કર્યા, બીજા દિવસે બીજા કામદાર ભાઈનું મૃત્યુ થયું, ત્યારે પીડિત પરિવારે જીલ્લા પ્રમુખ પિયુષભાઈનો સંપર્ક કર્યો અને પિયુષભાઈએ ધારાસભ્ય ચૈતરભાઈનો સંપર્ક કર્યો અને કામદારોને ન્યાય અપાવવા ચૈતરભાઈ અને પિયુષભાઈ આમ આદમી પાર્ટીની ટીમ સાથે કંપનીએ પહોંચ્યા. આમ, કામદારોના પ્રશ્નો મુદ્દે અવાજ ઉઠાવવો ભાજપ સરકાર ગુનો સમજે છે. ભાજપ સરકાર હંમેશા કંપની માલિકોના ફાયદાનું કામ કરે છે આજે સમગ્ર ગુજરાતમાં ખેડુતોની જે દુર્દશા છે તે વીજ કંપનીઓને ફાયદો કરાવવાની ભાજપની નિતીને કારણે છે. AAP નેતાઓ અને કાર્યકર્તાઓ ખેડૂતો, યુવાનો, મહિલાઓ, કોન્ટ્રાક્ટ કર્મચારીઓ, કામદારો, ગરીબ અને મધ્યમ વર્ગના તમામના મુદ્દાઓને ઉઠાવે છે અને તેમના ન્યાય માટેની માંગણી કરતા આવ્યા છે. ત્યારે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ગુજરાતની જનતાના પ્રાણ પ્રશ્નો ન ઉઠાવે અને જનતાના પ્રશ્નોનું નિરાકરણ ન આવે એટલા માટે અમારો અવાજ દબાવવાનો પ્રયાસ સત્તા પક્ષ દ્વારા થઈ રહ્યો છે. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા યાકુબ ગુરજીએ જણાવ્યું હતું કે, ધારાસભ્ય ચૈતર વસાવાએ પ્રજાના પ્રશ્નો મજબૂત રીતે ઉઠાવ્યા, માટે તેમનો અવાજ દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આમ આદમી પાર્ટી ભરૂચમાં પોતાનું મજબૂત સંગઠન બનાવી રહી છે. નેતાઓ અને કાર્યકર્તાઓની મહેનતથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં જિલ્લામાં બીજા નંબરે રહી છે. માટે આમ આદમી પાર્ટીને દબાવવા અને નેતાઓને ઝુકાવવા માટે તથા આમ આદમી પાર્ટીના સંગઠનને તોડવા માટે સત્તા પક્ષ દ્વારા પ્રયાસો થઈ રહ્યા છે. અમે જનતાને કહેવા માંગીએ છીએ કે અમે પ્રજા માટે લડતા આવ્યા છીએ અને લડતા રહીશું. અમને ન્યાયતંત્ર પર ભરોસો છે. સરકાર દ્વારા લોકશાહીના લીરેલીરા ઉડાવવાનું જે કામ કરવામાં આવી રહ્યું છે એને જનતા સમક્ષ મૂકવું જરૂરી છે. સત્તાધીશો નથી ઈચ્છતા કે આદિવાસી લોકો, ગરીબ અને મધ્યમવર્ગના લોકો આગળ આવે અને એમને સારી સુવિધાઓ મળે, તો આવા સત્તાધીશોને હવે ઓળખવાની જરૂરત છે. હવે જનતાએ ટૂંક જ સમયમાં આ લોકોને જાકારો આપવો પડશે અને પ્રજાના પ્રશ્નો મુદ્દે જે નેતાઓ-કાર્યકર્તાઓ લડી રહ્યા છે તેમને જનતાના સમર્થન અને સાથ સહકારની જરૂર છે. તો આવા લોકોને ન્યાય મળે અને એ લોકો વધુ મજબૂતીથી પ્રજાના પ્રશ્નો ઉઠાવે એ માટે પ્રજા એમને સપોર્ટ આપે એવી વિનંતી કરીએ છીએ. આમ આદમી પાર્ટીના નેતા અને કાર્યકર્તાઓ ભાજપની દબાણ અને ડરાવવાની નીતિથી ડરશે નહીં, આમ જનતા માટે લડતા રહેશે.

# PM-JAY કાર્ડના નવા નિયમોથી ગરીબો પરેશાન, હોસ્પિટલો કરી રહી છે મનમાની : વિનોદ પરમાર AAP

## ગુજરાતમાં PM-JAY ના નામે ખાનગી હોસ્પિટલો અને ઇન્સ્યોરન્સ કંપનીઓ કમાણી કરે છે : વિનોદ પરમાર AAP

અમદાવાદ |આમ આદમી પાર્ટી (AAP) ગુજરાત સ્ટેટ હોસ્પિટલ કેર કમિટીના પ્રદેશ પ્રમુખ વિનોદ પરમારે એક વિડિયો દ્વારા ભાજપ સરકારની આરોગ્ય નીતિઓ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું કે, આજે એક ચોંકાવનારો વિષય સામે આવ્યો છે. PM-JAY (આયુષ્માન) યોજનામાં કાર્ડની વેલીડીટી પૂરી થઈ જવાના લીધે અનેક ગરીબ દર્દીઓના કાર્ડ બંધ થઈ ગયા છે. કાર્ડ બંધ થવાને કારણે ગરીબોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે અને ઈમરજન્સીના સમયે પણ તેમને સારવાર મળતું નથી. હોસ્પિટલો દ્વારા પહેલા કાર્ડ રિન્યુ કરાવવાનો આગ્રહ રાખીને મનમાની કરવામાં આવી રહી છે, જેનાથી ખાનગી હોસ્પિટલોને સીધો ફાયદો થઈ રહ્યો છે. તેમણે પંજાબની 'આપ' સરકારનું ઉદાહરણ આપતા ઉમેર્યું કે, પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકારે કોઈપણ રોગ કે હોસ્પિટલની મર્યાદા વિના ૧૦ લાખ સુધીની મફત આરોગ્ય સેવાઓ આપતું કાર્ડ બનાવ્યું છે. ત્યાં કોઈ જટિલ નિયમો કે આવકના દાખલાની વેલિડિટીની ઝંઝટ નથી. શું ભાજપ સરકાર આવી લોકઉપયોગી વ્યવસ્થા કરી શકશે? ના, કારણ કે ભાજપ સરકાર માત્ર કમાણી કરવામાં અને ઈન્સ્યોરન્સ કંપનીઓને ફાયદો કરાવવામાં વ્યસ્ત છે. વિનોદ પરમારે હોસ્પિટલોની પોલિસી પર સવાલ ઉઠાવતા કહ્યું કે, આ યોજના સંપૂર્ણપણે ઈન્સ્યોરન્સ બેઝ્ડ હોવાથી હોસ્પિટલો મનમાની કરે છે. દર્દી દાખલ થાય ત્યારે એપ્રૂવલ આવવામાં ૩-૪ દિવસ લાગે છે અને ડિસ્ચાર્જ વખતે પણ ઉપરથી મંજૂરી નથી આવી તેમ કહીને ગરીબ દર્દીઓને અટકાવી રાખવામાં આવે છે, જેના કારણે દર્દીઓએ પોતાના ગજવામાંથી પૈસા ચૂકવવા પડે છે. જો સરકાર ખરેખર ગરીબોનું ભલું ઈચ્છતી હોય તો પંજાબ સરકારની જેમ ૧૦ લાખની મર્યાદાવાળું અને કોઈ પણ નિયમોના બંધન વગરનું કાર્ડ લોન્ચ કરવું જોઈએ. હવે જનતાએ જાગૃત થઈને આ અન્યાય સામે અવાજ ઉઠાવવાનો સમય આવી ગયો છે.

# News Brief

## AAPએ વિદ્યાર્થી પાંખ ASAPમાં 16 હોદ્દેદારોની નિમણૂક કરી



ગુજરાત | ગુજરાતમાં 2027ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી (AAP)એ પોતાની વિદ્યાર્થી પાંખ ASAP (Association of Students for Alternative Politics) માં મોટા પાયે સંગઠનાત્મક ફેરફારો કર્યા છે. પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, ફ્રન્ટલ પ્રદેશ અધ્યક્ષ પ્રવીણ રામ અને ASAPના પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકીયાની આગેવાનીમાં કુલ 16 નવી નિમણૂકો જાહેર કરવામાં આવી છે.
પાર્ટીએ વિદ્યાર્થી પાંખમાં 9 પ્રદેશ ઉપપ્રમુખ અને 7 પ્રદેશ સંગઠન મંત્રીની નિમણૂક કરીને યુવા સંગઠનને વધુ સક્રિય બનાવવાનો પ્રયાસ કર્યો છે. પાર્ટીનું માનવું છે કે રાજ્યના વિવિધ વિસ્તારોમાં વિદ્યાર્થીઓ સાથે સીધો સંપર્ક વધારવા અને સંગઠનને તળિયાના સ્તર સુધી મજબૂત બનાવવા આ નિયુક્તિઓ મહત્વપૂર્ણ સાબિત થશે. પાર્ટીએ તમામ નવા હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી છે અને આગામી સમયમાં રાજ્યભરમાં વિદ્યાર્થી હિતના મુદ્દાઓ પર વધુ સક્રિય રીતે કાર્ય કરવાની અપેક્ષા વ્યક્ત કરી છે. AAPનું માનવું છે કે યુવાનો અને વિદ્યાર્થીઓને સંગઠન સાથે જોડીને 2027ની વિધાનસભા ચૂંટણી માટે મજબૂત રાજકીય માળખું ઊભું કરવામાં આ નિયુક્તિઓ મહત્વની ભૂમિકા ભજવશે.

## લાઇક્સ અને ફોલોઅર્સ ન વધ્યા તો ડિપ્રેશન! ગુજરાતમાં સોશિયલ મીડિયા 'વળગણ' ધરાવતા દર્દીની સંખ્યામાં 650 ટકાનો વધારો

ગુજરાત | આજના સમયમાં ભાગ્યે જ કોઈનો એવો સ્માર્ટ ફોન હશે જેમાં સોશિયલ મીડિયાની એકપણ એપ ના હોય. દૂર રહેતા સ્વજન-મિત્રથી જીવંત સંપર્કમાં રહેવાના હેતું સાથે સોશિયલ મીડિયાનો પ્રારંભ થયો હશે. પરંતુ હવે આ જ સોશિયલ મીડિયા 'બેધારી તલવાર' સમાન બની ગયું છે. સોશિયલ મીડિયાના વળગણને કારણે મનોચિકિત્સકના કાઉન્સિલિંગની જરૂર પડે તેવા દર્દીઓમાં પાંચ વર્ષમાં 650 ટકાનો વધારો થયો છે.

દર વર્ષે 30મી જૂનની ઉજવણી 'સોશિયલ મીડિયા દિવસ' તરીકે કરવામાં આવે છે. સોશિયલ મીડિયાનું વળગણ દૂર કરવા માટે અમદાવાદની સરકારી મેન્ટલ હોસ્પિટલમાં ડીએડિક્શન સેન્ટરની જ વાત કરવામાં આવે તો તેમાં આવતા દર્દીઓની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. 2021-22માં 116 દર્દીઓ ડિજિટલ ડિટોક્સ સેન્ટરમાં આવતા હતા અને તે સંખ્યા 2025-26માં વધીને 861 થઈ ગઈ છે. આ તો માત્ર સરકારી માનસિક આરોગ્ય હોસ્પિટલનો આંકડો છે. ખાનગી માનસિક આરોગ્ય હોસ્પિટલને આવરી લેવાય તો આંકડો બે હજારથી પણ વધી શકે છે.

ડીએડિક્શન સેન્ટરમાં આવનારા દર્દીઓ મોબાઈલના વળગણને કારણે સતત ગુસ્સો આવવો, ચીડિયાપણું, અધીરાપણું આવી જવું વિવિધ સમસ્યા ધરાવે છે. સોશિયલ મીડિયાના વળગણ માટે આવતા દર્દીઓ કિશોર કે યુવાન વયના જ નહીં વૃદ્ધો પણ હોય છે.

## ચાણક્ય સ્કૂલમાં ધો-10ના વિદ્યાર્થીને શિક્ષકે લાફો ઝીંક્યો : માસૂમનો કાનનો પડદો ફાટી જતાં ઓપરેશનની નોબત

અમદાવાદ | શિક્ષાના ધામ ગણાતી શાળાઓમાં બાળકો સાથે અમાનવીય વર્તનની વધુ એક ચોંકાવનારી ઘટના અમદાવાદના પૂર્વ વિસ્તારમાંથી સામે આવી છે. નિકોલમાં આવેલી ચાણક્ય સ્કૂલમાં ધોરણ-10માં અભ્યાસ કરતા એક માસૂમ વિદ્યાર્થીને શાળાના જ એક શિક્ષકે કારણ વગર એટલો જોરદાર લાફો ઝીંકી દીધો હતો કે, વિદ્યાર્થીના કાનનો પડદો ફાટી ગયો છે. આ લાફાને કારણે વિદ્યાર્થીના ડાબા કાનમાં લોહી અને સોજો આવી જતાં તેને સંભળાવાનું બંધ થઈ ગયું છે અને ભવિષ્યમાં ઓપરેશન કરાવવું પડે એવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. આ મામલે બાળકના પિતાએ કૃષ્ણનગર પોલીસ મથકમાં કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગતો અનુસાર, ચાણક્ય સ્કૂલમાં ધોરણ-10માં અભ્યાસ કરતો વિદ્યાર્થી નીરવ (નામ બદલ્યું છે) પીટી (PT) ના પિરિયડ દરમિયાન શાળાના ગ્રાઉન્ડમાં અન્ય મિત્રો સાથે બેઠો હતો. આ સમયે ધોરણ-10 અને 12ના વિદ્યાર્થીઓ ત્યાં સામાન્ય વાતચીત કરી રહ્યા હતા. આ દરમિયાન, ત્યાં આવી પહોંચેલા ઇંગ્લિશ મીડિયમના શિક્ષક લક્ષ્મણ સરે કોઈપણ કારણ વગર અચાનક નીરવને ઊભો કરી દીધો હતો અને તેના ગાલ પર એક સણસણતો તમાચો મારી દીધો હતો. ચોંકાવનારી બાબત એ છે કે, નીરવ પોતે ગુજરાતી મીડિયમનો વિદ્યાર્થી છે અને તેને આ શિક્ષક સાથે કોઈ લેવાદેવા કે ઓળખાણ પણ નહોતી.

આ ઘટના બાદ સવારે વિદ્યાર્થીના પિતા પર શાળામાંથી ફોન આવ્યો હતો કે, 'તમારા દીકરાને લાફો વાગવાથી તે રડી રહ્યો છે, માટે તેને ઘરે લઈ જાવ.' તેમના માતા-પિતા જ્યારે તાબડતોડ શાળાએ પહોંચ્યા ત્યારે નીરવની હાલત અત્યંત ખરાબ હતી અને તેને ડાબા કાને સંભળાતું તદ્દન બંધ થઈ ગયું હતું.

# બંને તરફ 100 મીટર યુ ટર્ન લેવો પડશે, પીક અવર્સમાં ટ્રાફિક પોલીસ હાજર રહેશે, AMC-ટ્રાફિક પોલીસની સંયુક્ત વિઝિટ

અમદાવાદ | અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટે ટ્રાફિક પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશન સંયુક્ત રીતે કામગીરી કરી રહી છે. કેપ્સુલ પ્રકારના ડિઝાઈન બનાવીને ટ્રાફિકને સતત ચાલુ રાખવાની કામગીરીના ભાગરૂપે હાટકેશ્વર ચાર રસ્તા પાસે ટ્રાફિકની સમસ્યાને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશનના ટ્રાફિક વિભાગના એડિશનલ સીટી ઈજનેર સહિતના અધિકારીઓ અને ટ્રાફિક ડીસીપી તેમજ પીઆઇ સહિતના અધિકારીઓએ સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

ટેમ્પરરી બેરીકેટ લગાવીને બંધ કરેલા ચાર રસ્તા પર હવે ડિવાઇડર લગાવી સંપૂર્ણ પણે બંધ કરી 100 મીટર યુ ટર્ન કરવામાં આવશે. યુટર્ન વખતે બીજી તરફથી આવતા વાહનોને તકલીફ ન પડે તે પ્રમાણે ડિઝાઈન તૈયાર કરવા માટે AMC અધિકારીઓને સૂચન કરવામાં આવ્યું છે

શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા વધી રહી ખાસ કરીને મોટા ચાર રસ્તા પર જ્યાં સૌથી વધારે ટ્રાફિક થાય છે ત્યાં વચ્ચેના ચાર રસ્તા બંધ કરી અને 100 મીટર દૂર યુ ટર્ન આપવામાં આવે છે. જેને પોલીસ દ્વારા કેપ્સુલ ડિઝાઈન કહેવામાં આવે છે. જેનો હાટકેશ્વર ચાર રસ્તા પર પણ પ્રયોગ કરવામાં આવ્યો છે. 132 ફૂટના રોડ તરફથી આવતાં બેરીકેડિંગ કરી દેવામાં આવ્યું છે, ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનના ટ્રાફિક વિભાગના એડિશનલ સિટીને હિમાંશુ મહેતા સહિતના AMC અધિકારીઓ અને પૂર્વના ટ્રાફિક ડીસીપી નરેશ કણજારીયા તેમજ પી.આઈ સહિતના ઉચ્ચ અધિકારીઓએ હાટકેશ્વર ચાર રસ્તા પર ટ્રાફિક સમસ્યા દૂર કરવા કેપ્સુલ પ્રકારની ડિઝાઈનને સફળ બનાવવા માટે ચર્ચા વિચારણા કરી હતી.

હાટકેશ્વર ચાર રસ્તા પર બેરીકેટિંગ કરવામાં આવ્યા છે. તેના કારણે 132 ફૂટ રીંગ રોડ પર મણીનગર ગુરુજી બ્રિજ તરફથી જે લોકો આવી રહ્યા છે તેમણે ડાબી તરફ વળી યુટન લઈને અમરાઈવાડી તરફ જવાનું હોય છે.

# ગાંધીનગરમાં જ ગુંડાઓનો 'વરઘોડો' કાઢી DGPના નિયમનો ઉલાળિયો

ગાંધીનગર | રાજસ્થાન ટુરિઝમ કોર્પોરેશનમાં ચેરમેન બનાવવાની લાલચ આપીને પડાવી લીધેલા કરોડો રૂપિયા પરત ન આપવા પડે તે માટે પૂર્વ આયોજિત કાવતરું રચીને જાનથી મારી નાખવાના ઈરાદે તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરવાનો મામલો ગાંધીનગરમાં સામે આવ્યો છે. ગાંધીનગરના કુડાસણ સ્થિત એક ફિટનેસ જીમ પાસે સોમવારે(29 જૂન) રાત્રે આ લોહિયાળ ખેલ ખેલાયો હતો. જેમાં બે વ્યક્તિઓને છરી અને અન્ય હથિયારોના ઘા ઝીંકી ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવતા બંનેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડાયા છે. આ સમગ્ર મામલે અમદાવાદના નવા નરોડા ખાતે રહેતા ઉત્સવ રોહિતકુમાર પટેલે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચાર નામજોગ અને અન્ય 10 જેટલા અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ચકચારી કેસમાં પકડાયેલા આરોપીઓ મુખ્યત્વે અમદાવાદ અને ગાંધીનગરના સ્થાનિક રહીશો છે. પકડાયેલા આરોપીઓમાં અમદાવાદના બહેરામપુરા ખાતે રહેતા 46 વર્ષીય હેમંત ઉર્ફે લાલાભાઈ ચતુરભાઈ ચૌહાણ અને 31 વર્ષીય સુનીલ રણછોડભાઈ ચૌહાણનો સમાવેશ થાય છે. જ્યારે ગાંધીનગરના સેક્ટર-2 ખાતેથી ત્રણ આરોપીઓ ઝડપાયા છે, જેમાં 52 વર્ષીય મહેન્દ્રસિંહ ખેમચંદ રાઠોડ, 50 વર્ષીય રામચંદ્રસિંહ ગોવિંદસિંહ રાઠોડ અને 47 વર્ષીય પ્રકાશસિંહ ખેમચંદ રાઠોડ સામેલ છે. આ ઉપરાંત ગાંધીનગરના જ પેથાપુર વિસ્તારમાં આવેલા સંજરી પાર્કમાંથી 27 વર્ષીય સાહીલ બાબુભાઈ મન્સુરી અને 50 વર્ષીય સમીર ઈસ્માઈલભાઈ મન્સુરીની પણ ધરપકડ કરવામાં આવી છે.

# અમદાવાદના તળાવોમાં સુરક્ષાને લઈને SOP જાહેર બોટિંગ સ્થળે એક ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર

અમદાવાદ : રાજ્યમાં આવેલા તળાવોમાં અનેક દુર્ઘટનાઓ બની હતી જેના કારણે નાગરિકોએ જીવ ગુમાવવા પડ્યા હતા. અમદાવાદમાં આવેલા તળાવોમાં જાહેર સુરક્ષા અને ડેવલોપમેન્ટને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) જાહેર કરવામાં આવી છે. સૌથી મહત્વનો મુદ્દો જે સ્થળે બોટિંગ પ્રવૃત્તિ થતી હશે, બોટિંગ સ્થળે એક ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર કાર્યરત કરવાનો છે.
બોટમાં ક્રૂ મેમ્બર સહિત તમામ પેસેન્જરોએ લાઈફ જેકેટ ફરજિયાત પહેરવું પડશે. ટ્રેઈન્ડ અને ક્વોલીફાઈડ વ્યક્તિ જ ક્રૂ ચલાવી શકશે. કેટલા લોકો બેસી શકે છે તેની ક્ષમતા સ્પષ્ટ પણે દર્શાવવી પડશે. દરેક તળાવ અને ગાર્ડન પર સિક્યુરિટી પણ મૂકવામાં આવશે અને તેમને પોલીસ અને ફાયરની મદદ કેવી રીતે લેવી તેની પણ ટ્રેનિંગ.
મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ તળાવોને લઈ બહાર પાડવામાં આવેલી SOPનો ચુસ્ત અમલ થાય તેના માટે પ્રોજેક્ટ લેવલની કમિટી, ઝોનલ લેવલ કમિટી તથા




સબ ઝોન લેવલ કમિટીની જાહેરાત કરી છે. જેમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (વોટર રિસોર્સ મેનેજમેન્ટ), ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (ઝોન), આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર સબ ઝોન નોડલ ઓફિસર તરીકે ફરજ બજાવશે. પ્રોજેક્ટ લેવલ કમિટીમાં ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ, ચીફ ફાયર ઓફિસર સહિત કુલ 9 સભ્યો રહેશે. દર મહિને આ કમિટી રિવ્યૂ બેઠક કરશે. ઝોન લેવલે દર 15 દિવસે અને સબ ઝોન લેવલે દર સપ્તાહે બોટિંગ પ્રવૃત્તિને લઈ રિવ્યૂ કરવામાં આવશે.

# સોલામાં કન્ટ્રક્શન સાઈટ પર વીજકરંટ લાગતા ત્રણ કામદારોના મોત નીપજ્યા

અમદાવાદ | શહેરના સોલા બ્રીજ પાસે બની રહેલી એક કન્ટ્રક્શન સાઈટ પર વીજકરંટ લાગતા કામ કરી રહેલા ત્રણ કામદારોના ઘટના સ્થળે જ કમાકમાટી ભર્યા મોત નીપજ્યા હતા. આ સમગ્ર ઘટનામાં સાઈટ સુપરવાઈઝરની બેદરકારી હોવાનો આક્ષેપ કરતા સોલા પોલીસે ફોરેન્સિક એક્સપર્ટની મદદથી તપાસ શરૂ કરી છે.
સોલામાં આવેલી મારૂતી હોસ્પિટલ પાસે આત્મન ગ્રાન્ડયુઅર સાઈટ પર શુક્રવારે સાંજના સમયે કામદારો કામ કરી કરતા હતા. ત્યારે સાઈટમાં એક જગ્યા પર ત્રણ કામદારોને વીજકરંટ લાગતા બેભાન થઈ ગયા હતા. ત્યાં હાજર લોકોએ વીજકરંટ બંધ કરીને ત્રણેયને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં મોકલ્યા હતા. જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ત્રણેય મૃતકના નામ શીવાલાલ બામણિયા, વિકેશ પારગી અને રાહુલ બામણીયા (તમામ રહે. રાજસ્થાન) હોવાનું જાણવા મળ્યું હતું. સ્થાનિક કામદારોએ આરોપ લગાવ્યો હતો કે સાઈટ સુપરવાઈઝરની બેદરકારીને કારણે આ ઘટના બની હતી. ત્યારે પોલીસે નિવેદન નોંધવાની સાથે સ્થળ ફોરેન્સિક એક્સપર્ટની મદદથી તપાસ શરૂ કરી છે.

# અમદાવાદમાં પહેલી વખત પોલીસનું EV વાહનમાં પેટ્રોલિંગ : IPS સહિત 100થી વધુ પોલીસકર્મીઓએ રથયાત્રાના રૂટનું મોડી રાતે નિરીક્ષણ કર્યું

અમદાવાદ | 16 જુલાઈએ જગન્નાથજીની રથયાત્રા યોજાવવાની છે તે અગાઉ અમદાવાદ પોલીસ દ્વારા તૈયારી કરવામાં આવી રહી છે. ગત(29 જૂન) મોડી રાતે અમદાવાદ પોલીસે પહેલી વખત ઈલેક્ટ્રિક વાહનથી રથયાત્રાના રૂટ પર પેટ્રોલિંગ કર્યું હતું. આ પેટ્રોલિંગમાં જેસીપી, ડીસીપી, એસીપી સહિત 100થી વધુ પોલીસકર્મીઓ હાજર રહ્યા હતા. આ તમામે ઈલેક્ટ્રિક ટુ વ્હીલર પર રૂટનું નિરીક્ષણ કર્યું હતું. રથયાત્રા અગાઉ દર વર્ષે રૂટ પર અનેક વખત પોલીસ દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવે છે, ત્યારે ગત મોડી રાતે સેકટર 1 જેસીપી નીરજા બડગુજર, ઝોન 3 ડીસીપી રૂપલ સોલંકી, ગાયકવાડ હવેલી પીઆઈ, કાલુપુર પીઆઈ, ખાડિયા પીઆઈ અને શહેરકોટડા પીઆઈ સહિતના અધિકારીઓ અને પોલીસકર્મીઓએ ઈલેક્ટ્રિક ટુ વ્હીલર પર સમગ્ર રૂટ પર પેટ્રોલિંગ કર્યું હતું.
સેકટર 1 જેસીપી નીરજ બડગુજરે જણાવ્યું હતું કે, દર વર્ષે પેટ્રોલિંગ કરવામાં આવે છે પરંતુ આ વર્ષે ઈલેક્ટ્રિક વાહન પર પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. જે ક્લીન એન્ડ ગ્રીનના હેતુ સાથે કરવામાં આવ્યું હતું.
સમગ્ર રૂટ પર એરિયા ડોમિનેશન અને પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. આગામી દિવસમાં પણ ફૂટ પેટ્રોલિંગ અને ડ્રોન સર્વેલન્સ પણ યોજાશે.



OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ખાણીપીણી અને વીડિયો શૂટિંગ પાછળ ₹90 લાખનો ધુમાડો, ટેન્ડર પ્રક્રિયા વિના બારોબાર ખર્ચ કરાતા વહીવટી તંત્રમાં દોડધામ

# રાજકોટ ડિમોલિશનમાં લાખોનું કૌભાંડ

(એજન્સી) વડોદરા । તા. 30



રાજકોટમાં આજી નદીના કિનારે થયેલા મેગા ડિમોલિશન અભિયાન બાદ હવે નાણાકીય ગેરરીતિનો મોટો વિવાદ સામે આવ્યો છે. આશરે 300 કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવવા માટે કરવામાં આવેલી આ કાર્યવાહીમાં માત્ર ખાણીપીણી અને વીડિયો શૂટિંગ પાછળ જ 90 લાખ જેવી તોતિંગ રકમનો ખર્ચ બતાવવામાં આવતા રાજકારણ ગરમાયું છે. જ્યારે આ ખર્ચની દરખાસ્ત મંજૂરી માટે સ્થાયી સમિતિ સમક્ષ આવી, ત્યારે તેની મંજૂરી અટકાવી દેવામાં આવી હતી, જેના પગલે હવે એક ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

### ટેન્ડર કે કરાર વિના લાખોનો ખર્ચ

મહાનગરપાલિકા દ્વારા આ ડિમોલિશનમાં કોઈ પણ પ્રકારના ટેન્ડર કે અગાઉથી નક્કી કરેલા કરાર વિના લાખોનો ખર્ચ કરી નાખવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ, પ્રેમવતી ચેરીટેબલ ટ્રસ્ટને ફૂડ ડીશ માટે 20.69 લાખ, આરાધના ટી પાસેથી નાસ્તા માટે 6.30 લાખ અને અન્ય ખર્ચ મળીને કુલ 27.21 લાખનો ખર્ચ તો કોઈ પણ સત્તાવાર મંજૂરી વિના બારોબાર કરી દેવાયો હતો. આ ઉપરાંત, પાણીની સામાન્ય બોટલ જે બજારમાં 5 માં મળે છે, તેના માટે મનપાના રેકોર્ડમાં 8 ના ભાવ ચૂકવવામાં આવ્યા છે, જે સીધી રીતે ટકાવારીના ખેલ તરફ ઈશારો કરે છે.

### મેયરની કડક નોંધ અને તપાસના આદેશ

આ સમગ્ર મામલાની ગંભીરતાને જોતા રાજકોટના મેયર નેહલ શુક્લએ મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી આ કૌભાંડની તટસ્થ તપાસ કરવા આદેશ આપ્યા છે. આ માટે ડેપ્યુટી કમિશનરના વડપણ હેઠળ એક ખાસ તપાસ સમિતિની રચના કરવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ સ્પષ્ટ કર્યું છે કે, જે અધિકારીઓ સીધી રીતે આ કામગીરીમાં જોડાયેલા ન હતા, તેમને જ તપાસ સોંપવામાં આવી છે, જેથી સત્ય બહાર આવી શકે.

### સરકાર પણ એક્શન મોડમાં

આ વિવાદ હવે ગાંધીનગર સુધી પહોંચ્યો છે. રાજ્ય સરકારે મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે આ તોતિંગ ખર્ચ અંગે લેખિતમાં ખુલાસો માંગ્યો છે. સરકારે એજન્સીની પસંદગી, ભાવ નિર્ધારણ અને ટેન્ડર પ્રક્રિયા અંગે જવાબ માંગતા મનપામાં ભારે દોડધામ મચી ગઈ છે. આગામી સમયમાં આ મામલે મેયરની ગાંધીનગર ખાતે યોજાનારી શહેરી વિકાસ વિભાગની બેઠકમાં પણ ચર્ચા થવાની પ્રબળ શક્યતા છે.

મનપાના અધિકારીઓનો બચાવ છે કે, આ મેગા ડિમોલિશનમાં 5,000 થી વધુ કર્મચારીઓ તૈનાત હતા, જેના કારણે ખર્ચ થયો છે. જો કે, તપાસ સમિતિ દ્વારા એ તપાસવામાં આવશે કે શું ખરેખર જરૂરિયાત મુજબ જ ખર્ચ થયો છે કે પછી કાગળ પર મોટી રકમ બતાવીને તિજોરીને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. કમિશનરે ખાતરી આપી છે કે, તપાસમાં જે કોઈ પણ જવાબદાર માલૂમ પડશે, તેમની સામે કાયદેસરના કડક પગલાં લેવામાં આવશે. રાજકોટમાં આજી નદીના કિનારે કરાયેલું આ અત્યાર સુધીનું સૌથી મોટું ડિમોલિશન હતું, પરંતુ હવે આ મેગા ઓપરેશન પોતે જ એક 'મેગા વિવાદ'માં ફસાઈ ગયું છે.

## ગણેશ ગોંડલ કેસમાં CBI તપાસની માંગ તેજ, રાજકુમાર જાટ રહસ્યમય મોતનું રહસ્ય



અમદાવાદ | ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના બંગલે મારપીટ અને ત્યારબાદ થયેલા રાજકુમાર જાટના રહસ્યમય મોતનો કેસ વધુ ગૂંચવાઈ રહ્યો છે. ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહેલી સુનાવણી દરમિયાન પીડિત પરિવારે પોલીસની તપાસ સામે ગંભીર સવાલો ઉઠાવીને આ સમગ્ર મામલાની CBI દ્વારા તપાસ કરાવવાની માંગ કરી છે. પરિવારે આક્ષેપ કર્યો છે કે પોલીસ આરોપીઓના પ્રભાવ હેઠળ કામ કરી રહી છે અને હત્યાના આ બનાવને અકસ્માત તરીકે દર્શાવવાનો પ્રયાસ કરી રહી છે. કેસની ગંભીરતા દર્શાવતા અરજદારપક્ષે નાર્કો ટેસ્ટ પર પણ સવાલો ઉઠાવ્યા હતા. સૌથી મોટો પ્રશ્ન એ ઊભો થયો છે કે એક વ્યક્તિ પોતાના ઘરથી દૂર એક જ રાતમાં ૫૨ કિલોમીટર કેવી રીતે ચાલી શકે? સીસીટીવી ફૂટેજમાં મૃતક પહેલા નગ્ન અને ત્યારબાદ અન્ય કપડામાં જોવા મળે છે, પરંતુ તેના અસલી કપડાં ક્યાં ગયા તે હજુ સુધી એક ઉકેલાયેલું કોયડો છે. પરિવારે શંકા વ્યક્ત કરી છે કે રાજકુમારને નગ્ન હાલતમાં ચાલવા મજબૂર કરવામાં આવ્યો હતો અને તેનો કેટલીક ગાડીઓ દ્વારા પીછો પણ કરવામાં આવ્યો હતો.

## વડોદરામાં નવા કતલખાના સામે VSPCA નો વિરોધ, VSPCA દ્વારા કમિશનરને રજૂઆત

(એજન્સી) વડોદરા । તા. 30

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં એક નવું કતલખાનું બનાવવાની દરખાસ્ત પર વિચારણા કરવામાં આવતા જીવદયા પ્રેમીઓમાં ભારે રોષ અને ચિંતાની લાગણી વ્યાપી છે. આ અંગે વડોદરા સોસાયટી ફોર પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ (VSPCA) ના ઉપપ્રમુખ તથા ગુજરાત સરકારના એનિમલ વેલ્ફેર બોર્ડના સભ્ય રાજીવ શાહે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુને પત્ર લખીને આ દરખાસ્ત પર પુનર્વિચાર કરવા અને તેને તત્કાલ પરત ખેંચવાની માંગ કરી છે. રાજીવ શાહે પત્રમાં ભારતીય સંસ્કૃતિના પાયાના સિદ્ધાંત "અહિંસા પરમો ધર્મ" ને યાદ અપાવતા જણાવ્યું છે કે, નવા કતલખાનાના નિર્માણથી જીવદયામાં માનતા નાગરિકોની લાગણી દુભાઈ છે. તેમણે પશુઓના માનવ સમાજ માટેના યોગદાનની યાદી આપતા કહ્યું કે, પશુઓ દૂધ અને શ્રમ દ્વારા આજીવન માનવજાતને મદદરૂપ થાય છે, અને વૃદ્ધાવસ્થામાં પણ કુદરતી ખાતર દ્વારા ખેતીને સમૃદ્ધ બનાવે છે. આમ, આવા પશુઓના સંરક્ષણને પ્રોત્સાહન આપવું એ સમયની માંગ છે, ન કે તેમની કતલ કરવી.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાજેતરમાં ઘાયલ અને ત્યજી દેવાયેલા પશુ-પક્ષીઓની સારવાર માટે ચાર આધુનિક પશુ હોસ્પિટલ શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો, જેની રાજીવ શાહે મુક્ત મને પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, આવા માનવીય નિર્ણયો દ્વારા કોર્પોરેશન સુશાસનનું ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે, ત્યારે કતલખાનાની દરખાસ્ત આ તમામ પ્રયાસોની વિરુદ્ધમાં છે. નવા માળખાં ઊભાં કરવાને બદલે નિરાધાર પશુઓ માટે આશ્રય અને સારવારની સુવિધા વધારવા પર ભાર મૂકવા અપીલ કરવામાં આવી છે. VSPCA ની આ રજૂઆતને પગલે જીવદયા પ્રેમીઓમાં એક આશા જાગી છે કે પાલિકા તંત્ર આ દરખાસ્ત પર ગંભીરતાથી વિચાર કરશે. પર્યાવરણના સંરક્ષણ અને ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોને પ્રાધાન્ય આપીને કતલખાનાની આ દરખાસ્તને પરત ખેંચવામાં આવે તેવી માંગ જોરશોરથી ઉઠી છે.



## વડોદરામાં કેનાલ માર્ગે થતી દારૂની હેરાફેરીનો પર્દાફાશ

(એજન્સી) વડોદરા । તા. 30

મધ્યપ્રદેશથી વડોદરા અને પંચમહાલ તરફ કેનાલના માર્ગે દારૂની હેરાફેરી કરતા મોટા નેટવર્કનો સ્ટેટ વિજિલન્સની ટીમે વહેલી સવારે પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે બે સગીર સહિત કુલ ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે અન્ય ત્રણ મુખ્ય આરોપીઓ ફરાર થઈ જવામાં સફળ રહ્યા છે. બાતમીના આધારે સ્ટેટ વિજિલન્સની ટીમે માણેકપુર પાસે નર્મદા કેનાલના મિનિ બ્રિજ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન મધ્યપ્રદેશ તરફથી દારૂનો જથ્થો ભરીને આવતી ત્રણ મોપેડ અને એક ઈકો કારને પોલીસે અટકાવી હતી. તપાસ દરમિયાન અંદરથી રૂ. ૨.૨૯ લાખની કિંમતની ૧,૩૭૩ નંગ દારૂ અને બિયરની બોટલો મળી આવી હતી. પોલીસે વાહનો સાથે કુલ રૂ. ૫.૫૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ દરોડામાં પોલીસે જયેન્દ્રસિંહ રમેશસિંહ ગોહિલ (રહે. બાકરોલ) અને પ્રેમકુમાર રાજેન્દ્ર ભાલીયા (રહે. ઘંટિયાળ, સાવલી) સાથે બે સગીરોને પણ અટકાયતમાં લીધા છે. બીજી તરફ, પોલીસને જોઈને ફરાર થઈ જનાર જયદીપ કમલેશ રાઠવા (રહે. દેગલા) અને દારૂનો જથ્થો ભરી આપનાર મુખ્ય આરોપી 'બકો શેઠ' (રહે. ઝડુલી, જાંબુઆ) સહિત ત્રણ ઈસમોને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. વાઘોડિયા પોલીસે આ અંગે ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

## વડોદરામાં સગીરા છેડતી કેસમાં આરોપીને જેલ, પોક્સો હેઠળ આરોપીને ત્રણ વર્ષની કેદ

(એજન્સી) વડોદરા । તા. 30

વાઘોડીયા રોડ વિસ્તારમાં ૧૨ વર્ષની સગીરાની છેડતી કરનાર નરાધમને વડોદરાની અદાલતે કડક સજા ફટકારી છે. આરોપી રાહુલ નંદકિશોર દસલાણીયા સામે પોક્સો (POCSO) એક્ટ હેઠળ નોંધાયેલા કેસમાં દોષિત ઠેરવીને અદાલતે તેને ત્રણ વર્ષની સખત કેદ અને દંડની સજા સંભળાવી છે. આ ચુકાદાથી પીડિતાને ન્યાય મળ્યો છે.

ગત ૨૫ એપ્રિલ ૨૦૨૫ના રોજ ૧૨ વર્ષની સગીરા પોતાના ઘરના ધાબા પર હતી, ત્યારે મૂળ રાજસ્થાનનો વતની અને હાલ વડોદરા રહેતો આરોપી રાહુલ દસલાણીયા ત્યાં આવ્યો હતો. તેણે સગીરાને "તારા ગાલ પર કંઈક ચોંટ્યું છે" તેમ કહીને પોતાની પાસે બોલાવી હતી. ત્યારબાદ આરોપીએ સગીરાનો હાથ ખેંચીને તેની છેડતી કરી હતી. જ્યારે સગીરાની માતાએ આ અંગે પૂછપરછ કરી ત્યારે આરોપીએ તેમની સાથે પણ ઝઘડો અને ગાળાગાળી કરી હતી, ત્યારબાદ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી.

કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ એન.યુ. મકવાણાએ મજબૂત દલીલો રજૂ કરી હતી. તેમણે સગીરા, તેની માતા અને માસીની જુબાનીઓને આધાર બનાવીને કોર્ટમાં આરોપીના ગુનાને સાબિત કર્યો હતો. અધિક સેશન્સ જજે તમામ પુરાવાઓ અને દલીલોને ધ્યાનમાં રાખીને આરોપી રાહુલ દસલાણીયાને દોષિત જાહેર કર્યો હતો.

અદાલતે આરોપીને ત્રણ વર્ષની સખત કેદ અને ૧૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત, આ ઘટનાને કારણે સગીરાને જે ગંભીર માનસિક યાતનાઓ ભોગવવી પડી છે, તેને ધ્યાનમાં રાખીને ન્યાયાધીશે આરોપીને પીડિતાને વળતર પેટે ૫૦,૦૦૦ રૂપિયા ચૂકવવાનો પણ કડક આદેશ આપ્યો છે.

આ ચુકાદો સગીરાઓની સુરક્ષા અને સુરક્ષિત વાતાવરણ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. વડોદરામાં બનેલી આ ઘટનાએ સમાજમાં જાગૃતિ લાવવા સાથે કાયદાકીય કડકાઈનો સંદેશ પણ આપ્યો છે.

## સુરતમાં પ્રથમ વરસાદે જ ખોલી વિકાસની પોલ, પાલિકાના વિકાસના દાવાઓની પોલ ખુલી



સુરત | સ્માર્ટ સિટી સુરતમાં મેઘરાજાના પ્રથમ આગમન સાથે જ મહાનગરપાલિકાના વિકાસના દાવાઓનું ફીણ નીકળી ગયું છે. સુરતના મોટા વરાછા વિસ્તારમાં વરસાદના કારણે આશરે ૪૦૦ મીટર જેટલો લાંબો રસ્તો અચાનક ધસી પડ્યો છે. આ માર્ગ પર આખેઆખી કાર સમાઈ જાય તેવા મોટા ૪ થી ૫ ભૂવા પડી જતાં સ્થાનિક લોકોમાં ભારે ભયનો માહોલ છવાયો છે. સદનસીબે આ ગંભીર દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. આ ઘટનાએ પાલિકાના રોડ વિભાગની કામગીરી અને કોન્ટ્રાક્ટરોની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. આ જ રસ્તા પર થોડા સમય પહેલાં ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી અને તેના પર નવો રોડ બનાવવામાં આવ્યો હતો. પ્રથમ વરસાદમાં જ આ રસ્તો બેસી જતાં ડ્રેનેજ કામગીરીની ગુણવત્તા કેટલી નબળી હશે તે સ્પષ્ટપણે જણાઈ આવે છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે અધિકારીઓના સુપરવિઝન વગર જ આ કામગીરી કરવામાં આવી હતી, જેના પરિણામે આજે લોકોએ ભોગવવું પડી રહ્યું છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા.

### સરકારની કોર્ટમાં મોટી કબૂલાત

## સુરતના નાસીરનગરમાં 'ભૂતિયા' ડિમોલિશનનો મામલો





(એજન્સી) સુરત । તા. 30

સુરતના નાસીરનગરમાં થયેલા વિવાદાસ્પદ 'ભૂતિયા' ડિમોલિશન કેસમાં રાજ્ય સરકારે ગુજરાત હાઈકોર્ટમાં એક ચોંકાવનારી કબૂલાત કરી છે. સરકારે સ્વીકાર્યું છે કે આ વિસ્તારમાં કરવામાં આવેલી તોડફોડની કાર્યવાહી કોઈ પણ સક્ષમ સત્તાધીશની મંજૂરી વિના હાથ ધરવામાં આવી હતી. આ કેસે વહીવટી તંત્રની કાર્યપદ્ધતિ પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે, જેના પગલે હવે હાઈકોર્ટે તંત્રને આડે હાથ લીધું છે.

### અધિકારીઓની હાજરી અને ટેલિફોનિક સૂચનાઓનો ખેલ

સરકારના નિવેદન મુજબ, જ્યારે ૧૫૦ મકાનો તોડી પાડવાની આ ગેરકાયદે કાર્યવાહી થઈ રહી હતી, ત્યારે સ્થળ પર કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ, પોલીસ અને ટોરેન્ટ પાવરના અધિકારીઓ હાજર હતા. આશ્ચર્યની વાત એ છે કે, વીજ કંપનીએ કોર્ટમાં જણાવ્યું છે કે તેમને આ કાર્યવાહી માટે કોઈ લેખિત મંજૂરી કે આદેશ મળ્યા ન હતા, પરંતુ માત્ર ટેલિફોનિક સૂચનાના આધારે તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. વીજ કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે તેમના કર્મચારીઓ ત્યાં પહોંચ્યા ત્યારે ૧૦ થી ૧૫ મકાનો તો પહેલેથી જ તોડી પાડવામાં આવ્યા હતા અને તે દરમિયાન તેમના વીજ મીટરોને પણ ભારે નુકસાન થયું હતું.

આ સમગ્ર મામલાની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને તીખા સવાલ કર્યા હતા. કોર્ટે પૂછ્યું હતું કે, "આટલા મોટા પાયે ડિમોલિશન થઈ રહ્યું હતું ત્યારે કોર્પોરેશનના જવાબદાર અધિકારીઓ શું કરી રહ્યા હતા? શું કમિશનર માત્ર ટેલિફોનિક સૂચનાના આધારે આટલી મોટી કાર્યવાહીનો આદેશ આપી શકે?" કોર્ટે કાયદાકીય પ્રક્રિયાના ઉલ્લંઘન સામે નારાજગી વ્યક્ત કરતા કડક શબ્દોમાં ટકોર કરી હતી કે, લોકોના આશિયાના તોડતા પહેલા જે કાયદાકીય પદ્ધતિ અપનાવવી જોઈએ, તેનું અહીં સદંતર ઉલ્લંઘન થયું છે.

### સુઓમોટો લેવાના સંકેત અને તપાસના આદેશ

આ ઘટનાની ગંભીરતાને જોતા હાઈકોર્ટે હવે આ મામલે સુઓમોટો (જાતે સંજ્ઞાન) લેવાના સંકેત આપ્યા છે. સરકારે પણ આ ભૂલ સ્વીકારીને આખા મામલાની ઊંડી તપાસના આદેશ આપ્યા છે. જવાબદાર અધિકારીઓની ભૂમિકા શું હતી અને કોના ઈશારે આ 'ભૂતિયા' ડિમોલિશન કરવામાં આવ્યું, તે જાણવા માટે તપાસનો દોર તેજ કરવામાં આવ્યો છે.

### હાઈ-સ્પીડ રેલ કોરિડોર અંગેના સેમિનારમાં કેન્દ્રીય મંત્રી મનોહર લાલ ખટ્ટરે કરી મોટી જાહેરાત

# વડોદરા બનશે પશ્ચિમ ભારતનું મુખ્ય હબ

### ગુજરાતને અર્બન ચેલેન્જ ફંડ હેઠળ રૂ. 6,475 કરોડની કેન્દ્રીય સહાય મળશે

(એજન્સી) વડોદરા । તા. 30

વડોદરાની જી.એસ.એફ.સી. (GSFC) યુનિવર્સિટી ખાતે આજે "High-Speed Rail Corridor as a Catalyst for Economic Growth & Regional Development" વિષય પર એક ભવ્ય પ્રાદેશિક પરિસંવાદ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા કેન્દ્રીય શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ મંત્રી શ્રી મનોહર લાલ ખટ્ટરે ગુજરાતના વિકાસને વેગ આપતી અનેક મહત્વની જાહેરાતો કરી હતી.




કેન્દ્રીય મંત્રી મનોહર લાલ ખટ્ટરે જણાવ્યું હતું કે, ભારત વૈશ્વિક લીડર બનવા તરફ અગ્રેસર છે. તેમણે માહિતી આપી હતી કે, વર્ષ ૨૦૨૯-૩૦ સુધીમાં ૨૦૦૦ કિલોમીટરનું મેટ્રો નેટવર્ક પૂર્ણ કરીને ભારત વિશ્વમાં બીજા ક્રમે પહોંચી જશે. ગુજરાત માટે મોટી જાહેરાત કરતા તેમણે જણાવ્યું કે, રૂ. ૧ લાખ કરોડના 'અર્બન ચેલેન્જ ફંડ' અંતર્ગત ગુજરાતને રૂ. ૬,૪૭૫ કરોડની કેન્દ્રીય સહાય મળશે, જેનાથી રાજ્યમાં કુલ રૂ. ૨૫,૯૦૦ કરોડના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ સાકાર થશે.

મંત્રીએ વડોદરાના ભવિષ્ય અંગે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે, વડોદરા માત્ર હાઈ-સ્પીડ રેલનું સ્ટેશન જ નહીં, પરંતુ પશ્ચિમ ભારતનું સશક્ત મેન્યુફેક્ચરિંગ, લોજિસ્ટિક્સ અને ઈનોવેશન હબ બનશે. શહેરને પ્રદૂષણ મુક્ત પરિવહન માટે ૨૫૦ ઈ-બસોની ભેટ આપવામાં આવી છે, જેમાંથી ૩૦ બસોનું આજે પ્રસ્થાન પણ કરાવાયું હતું. તેમણે વર્ષ ૨૦૩૬ના ઓલિમ્પિક્સ અને ૨૦૩૦ના કોમનવેલ્થ ગેમ્સને રોકાણકારો માટે સુવર્ણ તક ગણાવી હતી.

આ કાર્યક્રમમાં વડોદરાના રમત-ગમત અને શૈક્ષણિક વિકાસને વેગ આપવા માટે ચાર મહત્વના સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યા હતા: ■ ધનરાજ પિલ્લાઈ સ્પોર્ટ્સ એકેડેમી અને VMC/VSPF વચ્ચે રમત-ગમતના વિકાસ માટે. ■ એમ. એસ. યુનિવર્સિટી અને VMC વચ્ચે ભાગીદારી.■ પારુલ યુનિવર્સિટી અને VMC વચ્ચે શૈક્ષણિક ભાગીદારી. ■ નવરચના યુનિવર્સિટી અને VMC વચ્ચે શૈક્ષણિક ભાગીદારી.

આ પ્રસંગે 'વડોદરા અર્બન અચીવમેન્ટ્સ', 'હેરિટેજ ઓફ વડોદરા' અને 'સિટી લોજિસ્ટિક્સ પ્લાન' જેવા મહત્વના કોફી ટેબલ પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું. વડોદરાના મેયર શ્રીમતી ગીતાબેન મકવાણાએ જણાવ્યું હતું કે, વડોદરા ગ્રીન બોન્ડ અને બ્લુ બોન્ડ જેવી પહેલ સાથે શહેરી વિકાસમાં સદાય અગ્રેસર રહ્યું છે.

### સુસાઇડ નોટમાં 47 વર્ષના સંન્યાસી જીવન અને બીમારીનો ઉલ્લેખ

## જેતપુરના રણુજા ધામના મહંતે કેન્સરની પીડાથી કંટાળી જીવન ટૂંકાવ્યું

(એજન્સી) જેતપુર । તા. 30



રાજકોટ જિલ્લાના જેતપુર નજીક આવેલા પ્રસિદ્ધ રણુજા ધામ મંદિરના મહંત કરસનદાસ બાપુએ આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં શોકની લહેર પ્રસરી ગઈ છે. છેલ્લા ઘણા સમયથી ગંભીર બીમારીથી પીડિત મહંતે બોરડી સમઢિયાળા અને ખારચિયા ગામ વચ્ચે આવેલી એક વાડીના કૂવામાં ઝંપલાવીને અંતિમ પગલું ભર્યું હતું. ઘટનાની જાણ થતાં જ આસપાસના ગામોના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

મહંત કરસનદાસ બાપુએ મંદિરની સામે આવેલી વાડીના કૂવામાં પડતું મૂક્યું હોવાની જાણ થતાં જ જેતપુર તાલુકા પોલીસ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટરની મદદથી મૃતદેહને કૂવામાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ઘટનાસ્થળેથી એક સુસાઈડ નોટ મળી આવી છે, જેણે આ કરુણ ઘટના પર પ્રકાશ પાડ્યો છે.

મહંતે લખેલી આ સુસાઈડ નોટમાં તેમના આધ્યાત્મિક જીવન અને સંઘર્ષની કહાની છે. મૂળ મીઠાપુરના વતની અને વરીયા કુંભાર જ્ઞાતિમાં જન્મેલા મહંતે નોટમાં જણાવ્યું હતું કે, તેઓ ૪૭ વર્ષ પહેલાં પોતાનો પરિવાર છોડીને સંન્યાસી બન્યા હતા અને છેલ્લા ૪૫ વર્ષથી રણુજા ધામ મંદિરમાં નિષ્ઠાપૂર્વક સેવા-પૂજા કરતા હતા. તેમણે નોંધ્યું છે કે આટલા વર્ષોમાં તેમણે પોતાના પરિવાર સાથે કોઈ પણ પ્રકારનો સંપર્ક રાખ્યો નહોતો.

### વડોદરા પોલીસમાં નાસ્તાના ટેબલ પર વિવાદ

## પીઆઈ અને કોન્સ્ટેબલ વચ્ચે નાસ્તાને લઈને ટકરાવ

(એજન્સી) વડોદરા । તા. 30



પોલીસ વિભાગમાં શિસ્ત અને ફરજનું મહત્વ સૌથી ઉપર ગણાય છે, પરંતુ વડોદરા પોલીસ વિભાગમાં હાલમાં બનેલી એક ઘટનાએ સમગ્ર પોલીસબેડામાં ચર્ચા જગાવી છે. એક પીઆઈ (PI) દ્વારા કોન્સ્ટેબલને વારંવાર નાસ્તો લેવા મોકલવા બાબતે સર્જાયેલો વિવાદ છેક ગાંધીનગર સુધી પહોંચ્યો છે. આ કેસમાં કોન્સ્ટેબલે પીઆઈ અને ઉચ્ચ અધિકારી સામે લેખિત ફરિયાદ કરીને પોતાની નારાજગી વ્યક્ત કરી છે.

મળતી માહિતી મુજબ, એક પોલીસ બ્રાન્ચમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલને પીઆઈએ વારંવાર નાસ્તો લેવા મોકલ્યા હતા. કોન્સ્ટેબલે બે વાર તો આ કામગીરી કરી હતી, પરંતુ જ્યારે ત્રીજી વાર નાસ્તો લેવા જવાનું કહેવામાં આવ્યું, ત્યારે કોન્સ્ટેબલે સ્પષ્ટ શબ્દોમાં ના પાડી દીધી હતી. તેમણે જણાવ્યું હતું કે, "આ મારું કામ નથી અને તમે મને વારંવાર ધક્કા ખવડાવીને હેરાન કરો છો." આ ઘટના બાદ પીઆઈએ પોતાના ઉચ્ચ અધિકારીને જાણ કરતા કોન્સ્ટેબલને બોલાવી પૂછપરછ કરવામાં આવી હતી અને ત્યારબાદ તેમની દૂરના સ્થળે બદલી કરી દેવાનો મૌખિક હુકમ કરવામાં આવ્યો હતો.

પોતાનું અપમાન થયું હોવાનું અનુભવતા કોન્સ્ટેબલે ચૂપ રહેવાને બદલે હિંમત દાખવી છેક ગાંધીનગર સુધી લેખિત ફરિયાદ નોંધાવી છે. તેમણે પીઆઈ ઉપરાંત તેમને બોલાવનાર ઉચ્ચ અધિકારી સામે પણ મોરચો માંડ્યો છે. આ સમગ્ર ઘટનાક્રમમાં એક મહિલા કોન્સ્ટેબલની પણ બદલી કરવામાં આવતા તે પણ તપાસનો અને ચર્ચાનો વિષય બન્યો છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારૂ સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માનસિક તાણ ઘટાડશે.

**વૃષભ : બ. વ. ઉ.**

ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. ઘરના કામો તમને મોટા ભાગના સમયે વ્યસ્ત રાખે છે.

**મિથુન : ક. છ. ઘ.**

સંતોષી જીવન માટે તમારી માનસિક દ્રઢતામાં વધારો કરો. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. તમારી સમસ્યાઓ ગંભીર હશે-પણ તમે જે પીડામાંથી પસાર થઈ રહ્યા છો.

**કર્ક : ડ. હ.**

આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.

**સિંહ : મ. ટ.**

તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો તમે જેની સાથે રહો છો.

**કન્યા : પ. ઠ. ણ.**

આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ, લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે.

**તુલા : ર. ત.**

તમારા માતા-પિતાની અવગણના કરવી એ બાબત તમારી ભાવિ શક્યતાઓને હાનિ પહોંચાડી શકે છે. સારો સમય ક્યારેય લાંબો ટકતો નથી. માણસના કર્મો અવાજના મોજાં જેવા હોય છે. આ મોજાં પાછાં ફરે છે .

**વૃશ્ચિક : ન. ય.**

જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. પિતા તરફથી કઠોર વર્તન તમને સંતાપ આપશે. પણ તમારે મગજ શાંત રાખી પરિસ્થિતિને તમારા અંકુશમાં રાખવાની જરૂર છે.

**મકર : ખ. જ.**

મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. મિત્રો દ્વારા તમે મહત્વના સંપર્કો બનાવશો. રૉમાન્સ માટે ઉત્સાહજનક દિવસ-સાંજ માટે કોઈક ખાસ યોજના બનાવો અને તેને શક્ય એટલી રૉમેન્ટિક બનાવો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થઈ શકો છો તમારૂ મોહિત કરનારો સ્વભાવ તથા ખુશનુમા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં તથા તથા સંપર્કો વધુ ગાઢ બનાવવામાં તમારી મદદ કરશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે.

બંને પક્ષના યુવકોને હોસ્પિટલમાં દાખલ કરાયા

# ભાવનગરના ઘોઘામાં સિમેન્ટ મિક્સરના ભાડા મામલે સામસામી સશસ્ત્ર મારામારી



ભાવનગર - ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના સારવદર ગામે વાડી વિસ્તારમાં મહાદેવ ગાળા જવાના રસ્તે સીમેન્ટ મિક્સર મશીનના રૂ.૧૦,૦૦૦ના ભાડાના હિસાબ બાબતે બે જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ સશ ધીંગાણું ખેલાયું હતું. ધારીયા અને કુહાડી જેવા તીક્ષ્ણ હથિયારો ઉડતા બંને પક્ષે ઈજાગ્રસ્તોને સર ટી. હોસ્પિટલ ખસેડાયા છે. ઘોઘા તાલુકાના સારવદર વાડી વિસ્તારમાં રહેતા પ્રકાશભાઈ રતનભાઈ ગોહેલના મોટાભાઈ જયંતીભાઈ પાસે હેતરાજને સીમેન્ટના મીક્ષર મશીનના ભાડાના રૂ.૧૦,૦૦૦ બાકી નીકળતા હતા. આ પૈસાનો હિસાબ કરવા માટે હેતરાજએ જયંતીભાઈને વાડીના શેઢે બોલાવ્યા હતા. ત્યાં ઉગ્ર બોલાચાલી થતાં હેતરાજે ધારીયા વડે જયંતીભાઈના માથાના પાછળના ભાગે જીવલેણ ઘા ઝીંકી દીધો હતો, જ્યારે નીકુલે ધોકા વડે ગળા-ગાલના ભાગે ફટકો માર્યો હતો અને તુલશીભાઈએ ઢીકાપાટુનો માર માર્યો હતો. જ્યારે સામે પક્ષે નીકુલભાઈ તુલશીભાઈ ગોહેલે વળતી ફરિયાદ નોંધાવી છે કે તેઓ આર.સી.સી બાંધકામ કોન્ટ્રાક્ટથી સારું કમાતા હોઈ સામા પક્ષને ગમતું ન હતું અને પૂરા પૈસા આપી દીધા હોવા છતાં તેઓ ઉઘરાણી કરતા હતા. જયંતીભાઈએ ફોન કરીને નીકુલને વાડી બહાર બોલાવી અચાનક કુહાડીનો ઘા ડાબા હાથે મારી દીધો હતો. ત્યારબાદ પ્રકાશએ પ્લાસ્ટીકના પાઈપ વડે પીઠ પર આડેધડ માર માર્યો હતો, મગનભાઈએ પકડી રાખ્યો હતો, ગવુંબેને પથ્થરમારો કર્યો હતો અને કલુબેને ગાળો આપી હતી. આ બનાવ સંદર્ભે બન્ને પક્ષે ઘોઘા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અમરેલીમાં યોજાય પર્યાવરણ ચિંતન બેઠક

## સમાજ અને સિંહ વચ્ચેનું સાયુજ્ય જાળવવા જરુરી પગલાં ભરો

અમરેલી : અમરેલી ખાતે તારીખ 29 જૂન ના રોજ પર્યાવરણ ચિંતન બેઠકનું આયોજન ગુર્જરી પર્યાવરણ ટ્રસ્ટના નેજા હેઠળ કરવામાં આવ્યું. જેમાં વિશેષ કરીને તાજેતરમાં બનેલી માનવ અને સિંહ વચ્ચેની ઘર્ષણ ઘટનાઓને ધ્યાનમાં લઈને 'સિંહના બદલાયેલા વર્તન' વિષય પર સંવાદ કરવામાં આવ્યો. બેઠકના પ્રારંભમાં સિંહ દ્વારા કરાયેલા હુમલામાં મૃત્યુ પામનાર સૌ મૃતાત્માઓ માટે બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. પર્યાવરણવિદ્ શ્રી તખુભાઈ સાંડસુરે કહ્યું કે માનવ જિંદગીઓ મૂલ્યવાન છે કૃષિ અને અન્ય ગૃહ ઉદ્યોગોને અસર કરનાર સિંહોના માનવ હુમલાના ઘટનાક્રમને નજર અંદાજ કરી શકાય નહીં. તેથી વન વિભાગ અને સમાજના વિવિધ અગ્રણીઓને સાથે રાખીને સિંહના વર્તન માટે અભ્યાસ થવો જોઈએ.આ બેઠક આ પ્રકારની સાયુજ્યપુર્ણ સંવેદનાને જોડવા કડીરૂપ બનવા માંગે છે.જીવશાસ્ત્રી શ્રી બીપીનભાઈ જોશી એ સિંહના વર્તનમાં આવેલા બદલાવ માટે શરીરમાંથી ક્રોધથી કોર્ટીઝો તત્વ ઝરવાના કારણને જવાબદાર ગણાવ્યું. સિંહ વિશેષજ્ઞ શ્રી મંગળુભાઈ ખુમાણે પૃથ્વીના તાપમાનમાં થઈ રહેલો સતત વધારો આવા હુમલા માટે કારણભૂત હોવાનું તારણ વ્યક્ત કર્યું.



## નખત્રાણા તાલુકામાં RSSનો પ્રારંભિક વર્ગ સમર કેમ્પ યોજાશે

| મહેશ એલ. સોની નખત્રાણા

નખત્રાણા તાલુકા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા આગામી તારીખ 10 જુલાઈથી 12 જુલાઈ દરમિયાન શ્રી અલખધામ આશ્રમ, કાધીયા મોટા મુકામે ત્રિદિવસીય 'પ્રારંભિક વર્ગ - સમર ફિઝિકલ કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં 13 વર્ષ પૂર્ણ કરનાર યુવાનો ભાગ લઈ શકશે અને શિબિર દરમિયાન યુવાનોને શારીરિક વિકાસ માટે ફિટનેસ, તંદુરસ્તી અને રક્ષા, માનસિક વિકાસ માટે એકાગ્રતા, યાદશક્તિ અને વિચારશક્તિ, નેતૃત્વ વિકાસ માટે આત્મવિશ્વાસ, ભાષણ અને નેતૃત્વ કૌશલ્ય, વ્યક્તિત્વ વિકાસ માટે સંવાદ કૌશલ્ય અને સામાજિકતા ઉપરાંત શિસ્ત અને સંસ્કાર હેઠળ સ્વાનુશાસન, સમયપાલન અને સારા સંસ્કાર, દૃષ્ટિ અને સેવા ભાવ હેઠળ રાષ્ટ્રભાવના, સેવા ભાવ અને સમાજ પ્રત્યે જવાબદારી તેમજ સાથીભાવ દ્વારા એકતા, સહકાર અને ટીમ સ્પિરિટ કેળવી સંપૂર્ણ વ્યક્તિત્વ નિર્માણનું શિક્ષણ આપવામાં આવશે અને વધુ માહિતી તથા નોંધણી માટે પ્રવીણભાઈ - 9662896616 અથવા દિલીપભાઈ - 7575056508નો સંપર્ક કરવા તેમજ રજિસ્ટ્રેશન લિંક માટે પોસ્ટરમાં આપેલ QR કોડ સ્કેન કરવા જણાવાયું છે. સંગઠન, સંસ્કાર, સેવા અને સમર્પણના મુદ્રાલેખ સાથે યોજાનાર આ શિબિરનો ઉદ્દેશ્ય યુવાધનમાં રાષ્ટ્રનિર્માણના સંસ્કારોનું સિંચન કરવાનો છે.

રજિસ્ટ્રેશન લિંક

## માનકુવા ઘટક ના પ્રમુખ તરીકે જયેશભાઈ સોની (સામત્રા) ની વરણી

મહેશ એલ. સોની નખત્રાણા

રવિવાર, 28 જૂન 2026ના રોજ ભુજ તાલુકાના માનકુવા ખાતે કચ્છ જિલ્લા સોના-ચાંદી વેપારી કારીગર મહામંડળની મહત્વની બેઠક યોજાઈ. માનકુવા મંડળ હેઠળના નવ ગામો - કલ્યાણપર, આણંદસર, દેશલપર, સામત્રા, કોટડી, માનકુવા, કોડકી, ભારાસર અને વાળાસરના વેપારી-કારીગરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.કાર્યક્રમની શરૂઆતમાં સ્થાનિક આગેવાન શ્રી જયેશભાઈ ટી. સોની ■સામત્રા● એ જિલ્લા પ્રમુખ શ્રી હીરાલાલભાઈ સોની, શ્રી વસંતભાઈ પોમલ, શ્રી મનોજભાઈ પાટડીયા સહિતના પદાધિકારીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરી સન્માન કર્યું.શ્રી હીરાલાલભાઈ સોનીના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં વેપારીઓની વર્તમાન સમસ્યાઓ, સરકારના નવા નિયમો અને સોના-ચાંદીના ભાવની વધઘટ અંગે વિસ્તૃત ચર્ચા થઈ. મહાનુભાવોએ વ્યવસાયમાં પારદર્શિતા અને ગ્રાહક સુખાકારી માટે માર્ગદર્શન આપ્યું. શ્રી વસંતભાઈ પોમલે સમય સાથે કદમ મિલાવી, વ્યવસાયમાં નવી ટેકનોલોજી અપનાવવા અને અન્ય ક્ષેત્રોમાં પણ આગળ વધવા સૂચન કર્યું. સૌએ એકસૂરે ગ્રાહકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત દાગીના વ્યાજબી ભાવે મળે તે માટે પ્રતિબદ્ધતા દર્શાવી.



દોઢ વર્ષ જૂની અદાવતમાં લોહિયાળ ખેલ

## આયુષ મેડિકલ ઓફિસર અને તેના પિતા પર કોદાળી-લાકડીઓ વડે ઘાતક હુમલો



ભાવનગર : બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના જનડા ગામેથી તાજપર જવાના રસ્તા પર સનસનાટી ભર્યો લોહિયાળ હુમલો પ્રકાશમાં આવ્યો છે. સાળંગપુર પીએચસી સેન્ટર ખાતે આયુષ મેડિકલ ઓફિસર અને તેમના પિતા પર ગામના જ બે મહિલા સહિત આઠ લોકોએ પૂર્વ આયોજિત કાવતરું રચીને કોદાળી અને લાકડીઓ જેવા જીવલેણ હથિયારો વડે હુમલો કર્યો હતો. બનાવની વિગત એવી છે કે, ગઢડા તાલુકાના જનડા ગામે રહેતા અને સાળંગપુર પીએચસી સેન્ટર ખાતે આયુષ મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા સંજયભાઈ લાભુભાઈ રાઘવાણીના ભાઈના પત્નીને ફોન કરવા બાબતે દોઢ વર્ષ પહેલાં રામજી રમેશભાઈ રાઘવાણી સાથે બોલાચાલી થઈ હતી. આ જૂનું મનદુઃખ રાખીને ગઈકાલે સવારે સંજયભાઈ નોકરી પર જવા નીકળ્યા, ત્યારે રસ્તામાં પશુઓ આડા ઉતરતા તેમણે મોટરસાયકલ ઊભું રાખ્યું હતું. આ તકનો લાભ લઈ પાછળથી રમેશ કલ્યાણભાઈએ પોતાની છકડો રીક્ષા સંજયભાઈના બાઈક સાથે અથડાવી દીધી હતી અને ઝઘડો શરૂ કર્યો હતો.

સામાન્ય બોલાચાલી જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. રમેશના પરિવારના સભ્યો રણજીત અને રવિ લાકડીઓ તથા ધર્મેશ કોદાળી લઈને ધસી આવ્યા હતા. ધર્મેશે સંજયભાઈના માથામાં કોદાળીનો ઘા ઝીંકી દીધો હતો, પુત્રને બચાવવા વચ્ચે પડેલા પિતા લાભુભાઈ પર મુન્નાએ લાકડીથી અને રામજીએ માથામાં કોદાળી મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. આસપાસના વાડીના લોકો દોડી આવતા હુમલાખોરો નાસી છૂટ્યા હતા. પિતા-પુત્રને ગંભીર હાલતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ સંદર્ભે બી. એન.એસની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૫૪ અને જી.પી. એક્ટ ૧૩૫ હેઠળ ગુનો નોંધી બે મહિલા સહિત આંઠ લોકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હોસ્ટેલથી શાક માર્કેટ સુધી બુલડોઝર ફરી વળ્યું

## બોટાદમાં ડિમોલીશન : ૪૦૦ ગેરકાયદેસર દબાણો દૂર કરાયા



બોટાદ : બોટાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યા અને સ્થાનિકોમાંથી વારંવાર મળતી ફરિયાદોને ધ્યાને લઈ નગરપાલિકા દ્વારા સોમવારે વહેલી સવારથી જ દબાણ હટાવવાની મેગા કાર્યવાહી હાથ ધરાઈ હતી. નગરપાલિકા અને પોલીસ તંત્રની આ સંયુક્ત કામગીરી હેઠળ શહેરની મુખ્ય બજારમાં વર્ષોથી ઉભા રહેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા હતા. બોટાદ નગરપાલિકાના અધિકારીઓની દેખરેખ હેઠળ ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે સોમવારે સવારથી જેસીબી અને ટ્રેક્ટરની મદદથી કાર્યવાહી કરી શહેરના મુખ્ય માર્કેટ વિસ્તારમાં દુકાનોની બહાર ઉભા કરાયેલા શેડ, ઓટલા, લોખંડની ગ્રીલ તેમજ પડદાં સહિતના ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા હતા.આગાખાન હોસ્ટેલથી શાક માર્કેટ તેમજ શિવાજી સર્કલથી મુખ્ય બજાર વિસ્તાર સુધી કાર્યવાહી હાથ ધરાઈ હતી. કામગીરી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. શહેરના મુખ્ય બજારોમાં વારંવાર સર્જાતા ટ્રાફિક જામ તેમજ દબાણ અંગે અનેક ફરિયાદો મળતા તેના આધારે અગાઉ દુકાનદારોને સ્વૈચ્છાએ દબાણો દૂર કરવા માટે નોટિસો અપાઈ હતી. તેમ છતાં દબાણો યથાવત રહેતા તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ હતી.અંદાજે ૪૦૦ જેટલી દુકાનો બહાર ઉભા કરાયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરાતા મુખ્ય બજારોના રસ્તાઓ વધુ ખુલ્લા બનતા વાહનચાલકો અને રાહદારીઓને રાહત મળશે તેવી આશા વ્યક્ત કરી નગરપાલિકાના ઈન્ચાર્જ સેનેટરી ઈન્સ્પેક્ટર મેહુલ ચૌહાણે વધુમાં જણાવ્યું હતું કે,શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા સુદ્રઢ બનાવવા અને જાહેર માર્ગો ખુલ્લા રાખવાના હેતુથી આ કાર્યવાહી કરાઈ છે અને આગામી સમયમાં પણ ગેરકાયદેસર દબાણો સામે નિયમિત ઝુંબેશ ચાલુ રખાશે.

### બોટાદમાં ઘર પાસે ટોળું વળવાની ના પાડતા દંપતી પર પાઇપ-દાતરડાથી હુમલો

ભાવનગર : બોટાદના ઢાંકણીયા રોડ પર પકા શેઠની વાડી પાસે ઘર પાસે માણસો ભેગા કરવાની ના પાડતા દંપતી પર હિંસક હુમલો થયો છે. આ અંગે મજૂરી કામ કરતા યુવાનેએ ત્રણ શખ્સો સામે બોટાદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. બોટાદના ઢાંકણીયા રોડ પર રહેતા અને મજૂરી કામ કરતા હિંમતભાઈ વાસકુરભાઈ સાથલિયાના ઘર પાસે લાલા ભીખાભાઈ મકવાણા માણસો ભેગા કરી બોલાચાલી કરતો હોઈ, હિંમતભાઈએ તેને ટોળું ન વાળવા જણાવ્યું હતું. આ બાબતની અદાવત રાખી મોડી રાત્રે લાલા, સંજય અને સુમિત મકવાણા લોખંડનો પાઈપ અને દાતરડું લઈ હિંમતભાઈના ઘરે ધસી આવ્યા હતા અને હિંમતભાઈને પાઈપ અને ઢીકાપાટુનો આડેધડ માર માર્યો હતો. પતિને બચાવવા વચ્ચે પડેલા પત્ની મીરાબેન પર સંજયએ દાતરડા વડે હુમલો કરતા તેમને કાંડાના ભાગે ગંભીર ઈજા કરી હુમલાખોરો જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા.


મીઠાઈ, કેક, કપડાં, ડ્રાઈફ્રુટ, મેડિસિન, બિયારણના વેપારીઓને ત્યાં તપાસ

## ભાવનગર, અમરેલી અને બોટાદની નવ પેઢીમાં સ્ટેટ જીએસટીના દરોડા

ભાવનગર : સ્ટેટ જીએસટી વિભાગ, ભાવનગર ડિવિઝનના ભાવનગર, અમરેલી અને બોટાદની કુલ નવ પેઢીઓના ૧૦ સ્થળોએ આજે સવારથી જુદી-જુદી ટીમો દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. કંપોઝિટની શરતનો ભંગ કરી ઓછું ટર્નઓવર બતાવી ગેરરીતિ આચરનારા મીઠાઈ, કેક, કપડા, ડ્રાઈફ્રુટ, મેડિસિન, પીવીસી પાઈપ તથા ટાંકી અને બિયારણના વેપારીઓને ત્યાં શરૂ થયેલી તપાસ મોડી સાંજ સુધી ચાલી હતી અને હજુ આ તપાસ લંબાઈ તેવી સંભાવના છે.શહેરના નામાંકિત કોમ્પ્યુટર અને કોચિંગ ક્લાસમાં સ્ટેટ જીએસટીના દરોડાના સપ્તાહ થયું છે ત્યાં સ્ટેટ જીએસટી વિભાગે ડિવિઝનના ત્રણેય જિલ્લામાં વધુ એક મોટાપાયે દરોડાની કાર્યવાહી કરી છે. સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર સ્ટેટ જીએસટી વિભાગની જુદી-જુદી ટીમો દ્વારા આજે સોમવારે ઉઘડતી બજારે દરોડાની કામગીરી આરંભવામાં આવી હતી. જેમાં શહેરના પંડયા મિઠાઈવાળા, રોલીપોલી કેક શોપ, કાપડના વેપારી નાઈસ એન્ડ ન્યુ ફેશન, ગણેશ સ્ટોર તથા ડ્રાઈફ્રુટના વેપારી અરૂણકુમાર ભુપતરાય ઠક્કર મળી શહેરના કુલ ૬ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત બોટાદમાં પુજન ફુડ્ઝમાં પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. તેમજ અમરેલીમાં આવેલી હાર્દિક મેડિકો અને પીવીસી પાઈપ અને પીવીસી પાણીની ટાંકીના વિક્રેતા ગણેશ એન્ટરપ્રાઈઝ તથા વડિયા-કુકાવાવમાં સરદાર બીજ નિગમ નામની બિયારણની પેઢીમાં તપાસ શરૂ કરવામાં આવી હતી.

જુગારની પ્રવૃત્તિઓ નાબૂદ કરવાની કડક સૂચના

## ખેતરમાં ચાલતા જુગારધામ પર એલસીબીનો દરોડો, ૭ મહિલા સહિત ૧૫ સામે ફરિયાદ



ભાવનગર : શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં દારૂ-જુગારની પ્રવૃત્તિઓ નાબૂદ કરવાની કડક સૂચના અન્વયે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાંચે બાતમીના આધારે અધેવાડા ગામમાં સફળ રેઈડ પાડી છે. ગત મોડી રાત્રે પેટ્રોલિંગ દરમિયાન માહિતી મળી હતી કે, અધેવાડા ગામમાં રઘુકુળ પાર્ટી પ્લોટ પાછળ ખુલ્લા ખેતર નજીક નળમાં કેટલાક મહિલા-પુરુષો મોબાઈલની લાઈટે ગંજીપત્તાનો જુગાર રમી રહ્યા છે. પોલીસે બાતમીવાળા સ્થળે ઓચિંતો દરોડો પાડતા ગોળ કુંડાળું વળી જુગાર રમતા ૮ પુરુષો અને ૭ મહિલાઓ સહિત કુલ ૧૫ વ્યક્તિઓ રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે ઘટનાસ્થળેથી રૂ.૬૦,૭૮૦ની રોકડ રકમ અને રૂ.૧૧,૦૦૦ની કિંમતના ૩ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૭૧,૭૮૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ અંગે તમામ લોકો વિરૂદ્ધ ભરતનગર પોલીસ સ્ટેશનમાં જુગાર પ્રતિબંધક ધારા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. કાયદાકીય જોગવાઈઓ મુજબ હાલ તમામ ૭ મહિલાઓની ધરપકડ કરવાની બાકી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

25થી વધુ વર્ષથી અવિરત શ્રદ્ધા : દર વર્ષે યોજાતી પેડીમાં નિયમિત હાજરી; વ્યસ્ત રાજકીય કાર્યક્રમો વચ્ચે પણ ગુંતલી માતાજી પ્રત્યેની આસ્થા અડગ


# ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાએ ગુંતલી માતાજીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા

જગદીશ પી. દવે, દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામના સીમ વિસ્તારમાં આવેલા ઐતિહાસિક મંદિર શ્રી ગુંતલી માતાજી મંદિરે અબડાસા વિધાનસભાના ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાએ દર્શન કરી માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. દર્શન બાદ તેમણે મંદિર પરિસરમાં પ્રાર્થના કરી પ્રદેશના સુખ, સમૃદ્ધિ અને સર્વાંગી વિકાસ માટે કામના વ્યક્ત કરી હતી.ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાની શ્રી ગુંતલી માતાજી પ્રત્યેની શ્રદ્ધા છેલ્લા અંદાજે 25થી 30 વર્ષથી અવિરત રહી છે. રાજકીય અને જાહેર જીવનની વ્યસ્તતા વચ્ચે પણ તેઓ સમય કાઢી નિયમિત રીતે માતાજીના દર્શન કરવા પહોંચે છે. નવરાત્રિ સહિતના ધાર્મિક પર્વો અને અન્ય શુભ પ્રસંગોએ પણ તેઓ અચૂક દર્શનાર્થે આવે છે. શ્રી ગુંતલી માતાજી મંદિરે વર્ષમાં બે વખત યોજાતી પેડી(પાટોત્સવ) માં આમંત્રણ મળતાં તેઓ નિયમિત હાજરી આપે છે. જો કોઈ અનિવાર્ય કારણસર તેઓ હાજર રહી શકતા ન હોય તો તેમના પરિવારજનો અથવા તેમના પુત્ર દ્વારા હાજરી આપી માતાજીના આશીર્વાદ મેળવવાની પરંપરા જાળવવામાં આવે છે.નખત્રાણા તાલુકા મથકથી આશરે 22 કિલોમીટર અને દેસલપર ગામથી અંદાજે 3 કિલોમીટર દૂર આવેલા આ પવિત્ર ધામ પ્રત્યે ધારાસભ્યની વિશેષ આસ્થા જોવા મળે છે. ગમે તેવી વ્યસ્તતા, પ્રવાસ કે વરસાદી સંજોગો વચ્ચે પણ તેઓ વિસ્તારની મુલાકાત દરમિયાન સૌપ્રથમ ગુંતલી માતાજીના દર્શન કરવાનો આગ્રહ રાખે છે. મંદિરના વિકાસ અને યાત્રાળુઓને વધુ સારી સુવિધાઓ મળે તે માટે પણ તેઓ સતત ચિંતિત રહી જરૂરી સહયોગ આપતા રહ્યા છે.આ અંગે દેશલપર (ગુંતલી) ગ્રામ પંચાયતના પૂર્વ ઉપ- સરપંચ પ્રવિણસિંહ સોઢા એ જણાવ્યું હતું કે, "અબડાસાના ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજા છેલ્લા અંદાજે 25થી 30 વર્ષથી શ્રી ગુંતલી માતાજી પ્રત્યે અતૂટ શ્રદ્ધા ધરાવે છે. ગમે તેટલી રાજકીય વ્યસ્તતા, પ્રવાસ કે અન્ય કાર્યક્રમો વચ્ચે પણ તેઓ માતાજીના દર્શન માટે અચૂક આવે છે. મંદિર ખાતે વર્ષમાં બે વખત યોજાતી પેડી(પાટોત્સવ) માં પણ તેઓ નિયમિત હાજરી આપે છે. જો કોઈ અનિવાર્ય કારણસર તેઓ આવી શકતા ન હોય તો તેમના પરિવારજનો અથવા તેમના પુત્રને મોકલી માતાજીના આશીર્વાદ લેવાની પરંપરા જાળવી રાખે છે.



## મોટા આસંબીયા ખાતે મારૂ કંસારા સોની ચૌહાણ-ભુત પરિવારના દેવસ્થાને પાટોત્સવનું ભવ્ય આયોજન



મહેશ એલ. સોની નખત્રાણા

શ્રી મારૂ કંસારા સોની ચૌહાણ-ભુત પરિવારના દેવસ્થાને ગામ મોટા આસંબીયા, તાલુકો માંડવી મધ્યે અષાઢ સુદ આઠમના પાવન દિને તારીખ 21-07-2026, મંગળવારના રોજ શ્રી આશાપુરા માતાજી, શ્રી ચામુંડા માતાજી, પુરસાદાદા, ક્ષેત્રપાળદાદા, ખેતરપાળદાદા, ભુતળાદાદા તથા સતીમાંના પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે અને આ મંગલ પ્રસંગે સવારે માતાજીનો હવન તથા મહાપ્રસાદ સહિતનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે તેમજ ગત વર્ષની પરંપરા મુજબ ચાલુ વર્ષે પણ સમસ્ત પરિવારજનો સાથે કુટુંબની નિયાણીઓને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. તો સૌએ આ પાવન અવસરે પધારી દર્શન-પ્રસાદનો લાભ લેવા અને કુળદેવી-દેવતાઓના આશીર્વાદ પ્રાપ્ત કરવા પરિવાર સહ પધારવા જણાવાયું છે.

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ વદ - 02

# સરકારી અધિકારીઓમાં સંઘના સભ્ય ગણાવવાની સ્પર્ધા

મધ્યપ્રદેશના શહેરી વિકાસ મંત્રી કૈલાશ વિજયવર્ગીયએ ભાજપ શાસિત રાજ્યોમાં સરકારી અધિકારીઓ RSSના સક્રિય કાર્યકર હોવાનો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે, ભાજપ સરકાર બનતા જ અધિકારીઓ પોતાને RSSના માણસ ગણાવે છે. કોંગ્રેસે 1981માં અધિકારીઓને સંઘ શાખામાં જવા પર પ્રતિબંધ મૂક્યો હતો, જે ભાજપ સરકારે હટાવ્યો. આનાથી RSS ઈમેજવાળા અધિકારીઓને સારા પોસ્ટિંગ મળે છે.જે રાજ્યોમાં ભાજપની સરકાર છે ત્યાં મોટા ભાગના સરકારી અધિકારીઓ એવો દેખાડો કરી રહ્યા છે કે તેઓ વર્ષો જૂના સંઘના સક્રિય કાર્યકર છે. આ વાત ભાજપના જ એક મંત્રીએ કહી છે. મધ્યપ્રદેશ સરકારના શહેરી વિકાસ મંત્રી કૈલાશ વિજય વર્ગીયએ કહ્યુ હતું કે ભાજપની સરકાર બન્યા પછી દરેક સરકારી અધિકારી પોતાને આરએસએસનો માણસ કહે છે. વિજય વર્ગીયએ એવી ટીપ્પણી પણ કરી હતી કે આરએસએસના સંગઠનમાં સારા માણસો ઓછા થઈ રહ્યા છે. કોંગ્રેસે ૧૯૮૧માં પહેલી વખત સરકારી અધિકારીઓને સંઘની શાખાઓમાં જવા પર પ્રતિબંધ મૂક્યો હતો. ૨૦૦૦ના વર્ષમાં દિગ્વિજય સિંહ મુખ્યમંત્રી હતા ત્યારે પણ આ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, પરંતુ ભાજપની સરકાર બનતા પ્રતિબંધ હટાવી દેવામાં આવ્યો હતો. જે અધિકારીની ઈમેજ સંઘના માણસ તરીકેની છે એમને સારૂ પોસ્ટીંગ મળી શકે છે તેમ જ એમના પર દબાણ લાવવાની હિંમત કોઈ મંત્રી કરતા નથી.કેટલાક વર્તુળોમાં એવી વાત થઈ રહી છે કે, શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્રના મહાસચીવ ચંપત રાયએ દબાણ હેઠળ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. વિશ્વ હિન્દુ પરિષદની મળેલી બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે, ચંપત રાય તેમજ બીજા ટ્રસ્ટી ડો. અનિલ મિશ્રા જ્યાં સુધી દાનચોરી માટે જવાબદાર ઠેરવાય નહીં ત્યાં સુધી એમનું રાજીનામું માંગવું જોઈએ નહીં. જોકે આ બેઠકમાં બીજા કેટલાકના મત અલગ હતા. આરએસએસના દત્તાત્રેય હોસબાલેએ ચંપત રાયનો સંપર્ક કરીને માહિતી લીધી હતી. એ વખતે એમને રાજીનામું આપવાનું કહેવામાં આવ્યું નહોતું. જોકે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અયોધ્યાના પ્રવાસે ગયા ત્યારે ચંપત રાય એમના કાર્યક્રમોથી અલગ રહ્યા હતા. વિવાદ વધુ વકરે નહીં એ માટે ચંપત રાય અને અનિલ મિશ્રાએ રાજીનામું ટ્રસ્ટના અધ્યક્ષને સુપ્રરત કર્યું હતું.પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પરિણામો આવી ગયા પછી નવી સરકાર બની ગઈ હોવા છતાં એસઆઈઆર અભિયાન દરમિયાન મતદાર યાદીમાંથી નામો કપાયાનો વિવાદ અટકી રહ્યો નથી. હવે કોંગ્રેસના નેતા અધિર રંજન ચૌધરીએ બંગાળની મતદાર યાદીમાંથી ૨૭ લાખ લોકોના નામ દુર કરવા બાબતે સુપ્રિમ કોર્ટમાં પીઆઈએલ દાખલ કરી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે લાખો વ્યક્તિઓના નામ કોઈપણ પ્રક્રિયાને ફોલો કર્યા વગર મનમાનીથી કાપવામાં આવ્યા છે. મુર્શિદાબાદમાં આનો પ્રભાવ વધુ જોવા મળ્યો છે. ત્યાં લગભગ પાંચ લાખ મતદારોના નામ સ્પેલિંગની ભૂલ કે બીજી નાની ભૂલોને કારણે કાપવામાં આવ્યા હતા. વોટર લીસ્ટમાંથી નામ કપાઈ જવાને કારણે મોટી સંખ્યામાં ગરીબ લોકો રાશન અને પેન્શન જેવી કલ્યાણકારી યોજનાઓથી વંચીત રહ્યા છે.ઉત્તર પ્રદેશના રાજકારણમાં પૂર્વાંચલ વિસ્તાર ખૂબ અગત્યનો છે. આ વિસ્તારમાં બાહુબલી તરીકે ઓળખાતા માફિયાઓનું વર્ચસ્વ રહ્યું છે. એક જમાનામાં અંડરવર્લ્ડ અને કોન્ટ્રાક્ટ સિન્ડીકેટ પર શાસન કરનાર માફિયા બ્રિજેશ સિંહે ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં ઉતરવાની જાહેરાત કરી છે. આ જાહેરાત પછી પૂર્વાંચલનું રાજકારણ ગરમાઈ ગયું છે. જોકે એમણે હજી સુધી જાહેર કર્યું નથી કે તેઓ કયા પક્ષમાંથી અને કઈ બેઠક પર ચૂંટણી લડશે. બ્રિજેશ સિંહ અસ્સીઘાટ પર આવેલી જાણીતી 'પપ્પુ કી ચાય' દુકાન પર પહોંચ્યા હતા. અહીં પહોંચીને એમણે ટીપીકલ બનારસી સ્ટાઈલમાં કહ્યું હતું કે, 'હા વિધાનસભા ચૂનાઉ લડુંગા, કહાશે લડું, ઈસકી જાનકારી ભી જલ્દ મીલ જાયેગી.' પહેલી વખત તેઓ લોકોની વચ્ચે જઈને બેઠા હતા અને સેવા કરવાનું વચન આપ્યું હતું.
બાંગ્લાદેશ ભારત પાસે માફી મંગાવવા માંગે છેભારત - બાંગ્લાદેશના સંબંધો માંડ માંડ પાટે ચઢી રહ્યા હતા ત્યારે હવે ફરીથી બંને દેશો વચ્ચે તણાવ વધી શકે છે. બાંગ્લાદેશના વિરોધપક્ષ નેશનલ સિટીઝન્સ પાર્ટીનું નિવેદન છે કે, બાંગ્લાદેશે ભારત પાસે માફી મંગાવવી જોઈએ. સાથે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેંદુ અધિકારી માટે પણ ટીપ્પણી કરવામાં આવી છે.

# સિનિયર સિટીઝન બ્રહ્મ ગૃપ, જૂનાગઢ દ્વારા શ્રી શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી હરીહરાનંદ ભારતી બાપુનો સન્માન સમારંભ યોજાઈ ગયો.

જૂનાગઢ તા.૨૮. શ્રી શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી હરીહરાનંદ ભારતી બાપુ, મહંતશ્રી, ભારતી આશ્રમ,જૂનાગઢની શ્રી પંચ દશનામ જૂના અખાડા-જૂનાગઢના અધ્યક્ષ તરીકે તાજેતરમાં નિમણુંક થતા શ્રી હરિહરાનંદ બાપુનું સિનિયર સિટીઝન બ્રહ્મ ગૃપ, જૂનાગઢ દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું.આ સન્માન સમારોહ સમયે મોટી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યા હતા તેમાં પૂ.હરિહરાનંદ બાપુ ને શ્રી યોગેશભાઈ વ્યાસ, બીપીનભાઈ ભટ્ટ શૈલેષભાઈ પંડ્યા તથા નરેન્દ્રભાઈ દવે વગેરેએ શાલ ઓઢાડી સન્માન કર્યું ત્યારે



બહેનોએ ફૂલના છાંટણા કરી વધાવ્યા હતા, આતકે પૂ. હરિહરાનંદ બાપુ એ જણાવ્યું હતું કે આપણે સૌએ સનાતન સંસ્કૃતિનુ જતન કરવું જોઈએ, શાસ્ત્રો અને વેદોના જાણકારો એવા બ્રહ્મ દેવો, વડિલોના તથા મારા ગુરુના આશીર્વાદ મારા ઉપર છે એટલે મને આ પદ મળ્યું છે, આપ સૌએ મારૂ અદકેરું સન્માન કર્યું તેથી હું ગૌરવની લાગણી અનુભવું છું, હું મારાંથી બનતી સમાજ સેવા કરૂ છું તેમાં અત્રે ભારતી આશ્રમ ખાતે અન્નક્ષેત્ર, વિધાર્થીઓ માટે ભણવા,રહેવા, જમવાની વ્યવસ્થા વિગેરે અનેક સેવા કાર્ય થઈ રહ્યા છે તેમ જણાવ્યું હતું.

આ સમયે સૌથી મોટી ઉંમરના સીટીઝન એટલે કે ૯૬ વર્ષના પંચાળાના શ્રી વજુભાઈ દવે, શ્રી પી.ડી.જોશી, મહેતાભાઈ, હસમુખભાઈ રાવલ, નિલાબેન વ્યાસ, રાજુભાઈ ભટ્ટ, યોગેશભાઈ વ્યાસ, બિપીનભાઈ ભટ્ટ, નરેન્દ્રભાઈ દવે, શૈલેષભાઈ પંડ્યા, પિયુષભાઈ દવે, ભાવનાબેન ઠાકર, ભાવનાબેન દવે, પુષ્પાબેન, મહેશભાઈ વ્યાસ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વિથોણ કુમાર પ્રાથમિક શાળાનું નવું ભવન લોકાર્પિત

જગદીશ પી દવે :દેશલપર (ગુંતલી)

વર્ષોના સંઘર્ષ, સતત રજૂઆતો અને ગામજનોના સામૂહિક પ્રયાસોને અંતે સફળતા મળતાં વિથોણ કુમાર પ્રાથમિક શાળાના નવા ભવનનું ભવ્ય લોકાર્પણ રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી માનનીય ત્રિકમભાઈ છાંગાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ માનનીય પ્રભાબેન, નખત્રાણાના ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા સહિત અનેક મહાનુભાવો, જનપ્રતિનિધિઓ, શિક્ષણપ્રેમીઓ, ગામજનો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.વર્ષ 2002ના ભૂકંપ બાદ DPEP યોજના હેઠળ શાળાનું નિર્માણ થયું હતું. સમય જતાં શાળાના મકાનમાં પાણી ટપકવાની, દિવાલોના પોપડા પડવાની તેમજ અન્ય માળખાકીય સમસ્યાઓ ઉભી થતાં નવી શાળાની માંગ ઉગ્ર બની હતી. શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC), શિક્ષક સ્ટાફ, ગામના આગેવાનો તેમજ તાલુકા અને જિલ્લા પંચાયતના પ્રતિનિધિઓએ અનેક વખત રજૂઆતો કરી હતી.નિવૃત્ત HTAT (ગ્રુપ આચાર્ય)એ જણાવ્યું કે તેઓ તા. 4 જાન્યુઆરી, 2018ના રોજ વિથોણ કુમાર પ્રાથમિક શાળામાં ફરજ પર જોડાયા હતા. 26 જાન્યુઆરીના કાર્યક્રમ દરમિયાન ગામના આગેવાનોએ નવી શાળાની માંગણી રજૂ કરી હતી. સતત પ્રયત્નોના પરિણામે વર્ષ 2023ના અંતમાં નવી શાળાના 10 રૂમોને મંજૂરી મળી હતી. આ સમગ્ર પ્રક્રિયામાં તે સમયના જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન જયાબેન બાબુભાઈ ચોપડાનો પણ મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હોવાનું તેમણે જણાવ્યું. નિવૃત્ત HTATના કાર્યકાળ દરમિયાન નવી શાળાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું અને બાંધકામ શરૂ થયું હતું. ત્યારબાદ તા. 31 ઓક્ટોબર, 2024ના રોજ તેઓ નિવૃત્ત થયા હતા. નવી શાળાનું ભવન તૈયાર થઈ લોકાર્પિત થતાં તેમણે આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું કે, “નવી શાળામાં બેસવાનો અવસર મને મળ્યો નથી, પરંતુ વિથોણના બાળકો આધુનિક અને સુવિધાસભર શાળામાં અભ્યાસ કરીને ઉજ્જવળ ભવિષ્ય ઘડશે, એ જ મારા માટે સૌથી મોટો સંતોષ છે.”લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવોએ ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે આધુનિક શૈક્ષણિક માળખાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને નવી શાળા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થશે તેવી આશા વ્યક્ત કરી હતી.ગામજનો, SMC, શિક્ષક સ્ટાફ તથા આ કાર્યમાં સહયોગ આપનાર તમામ આગેવાનો અને અધિકારીઓનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. નવી શાળાના પ્રારંભ સાથે વિથોણના વિદ્યાર્થીઓને વધુ સુવિધાસભર અને ઉત્તમ શૈક્ષણિક વાતાવરણ પ્રાપ્ત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# ચાવડકા ગ્રામ પંચાયતનો ઠરાવ: 'NTPC ને કોઈ મંજૂરી નથી', ગેરકાયદે વિજ પોલ સામે ગ્રામજનો લાલઘૂમ

મહેશ એલ. સોની નખત્રાણા

નખત્રાણા તાલુકાના ચાવડકા ગામની સીમમાં NTPC Green Energy તથા KPE કંપની દ્વારા ગેરકાયદેસર રીતે ચાલતા પવનચક્કીના કામ સામે ગ્રામજનોએ નાયબ કલેક્ટરને લેખિત અરજી આપી ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે. આ મામલે તા. 22/06/2025 ના રોજ ચાવડકા ગ્રામ પંચાયતની ખાસ ગ્રામસભામાં સર્વાનુમતે ઠરાવ નંબર 05 પસાર કરી સ્પષ્ટ કરાયું છે કે ગામના સર્વે નંબર 85, 208, 121 તથા ગૌચર સર્વે નંબર 72૨ વાળી જમીન પર NTPC Green Energy દ્વારા ચાલતી વિજ પોલ અને વિજ રેષાની કામગીરી માટે ચાવડકા ગ્રામ પંચાયત પાસેથી કોઈ પણ જાતની પરવાનગી મેળવેલ નથી.

ગ્રામજનોનો આક્ષેપ છે કે કંપની દ્વારા ગામની ગૌચર જમીન સર્વે નંબર 72૨, સરકારી પડતર જમીન અને ગામના એકમાત્ર તળાવની જમીનમાં કોઈપણ જાતની કાયદેસરની પરવાનગી વિના વિજ પોલ અને વિજ વાયર નાખવાનું કામ ધમધોકાર ચાલુ છે. ચાવડકા વિસ્તાર નખત્રાણાનો ગ્રીન ઝોન જાહેર થયેલ છે જ્યાં સરકારે પશુધન માટે ખાસ ટીચર જમીન પણ ફાળવી છે, તેમ છતાં કંપનીઓ બેફામ ખોદકામ કરી રહી છે. વિજ પોલ અને વિજ રેષાના કારણે રાષ્ટ્રીય પક્ષી મોરના મોત થઈ રહ્યા હોવાનો ગંભીર આક્ષેપ ગ્રામજનોએ કર્યો છે અને જણાવ્યું છે કે જો આ કામ તાત્કાલિક નહીં અટકાવાય તો આખો વિસ્તાર ઉજ્જડ બની જશે.

## આહવા-વલસાડ બસ શિવઘાટ પાસે રસ્તા ની સાઈડમાં ઉતરી ,તમામ મુસાફરોનો ચમત્કારિક બચાવ..

ડાંગ | ડાંગ જિલ્લામાં આજે સવારે એક મોટી હોનારત ટળી હતી. આહવા-વઘઈ રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા શિવઘાટ નજીક સવારે આશરે 10:30 વાગ્યાના અરસામાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)ની આહવા-વલસાડ રૂટની બસ (નંબર: GJ-18-Z-9080)જે અચાનક રસ્તાની સાઈડમાં ઉતરી ગઈ હતી.બસ રોડ પરથી નીચે ઉતરી જતાની સાથે જ તેમા સવાર મુસાફરોમાં ભારે ગભરાટ અને ચીસાચીસ સાથે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.જોકે, સદનસીબે બસ પલટી ખાતા ખાતા બચી ગઈ હતી, જેના કારણે કોઈ મોટી જાનહાનિ કે ગંભીર ઈજા થઈ નહોતી અને બસમાં સવાર તમામ મુસાફરોનો ચમત્કારિક બચાવ થયો હતો. અકસ્માતની આ ઘટના નજરે જોતાં જ આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

## નડગખાદી નજીક બાઇકને ટક્કર મારી પિકઅપ ટેમ્પો પલટ્યો- તમામ સવારોનો બચાવ..

ડાંગ | ડાંગ જિલ્લાના આહવા-વઘઈ માર્ગ પર આવેલા નડગખાદી ગામ નજીક આજે બપોરે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.બપોરે અંદાજે 1:30 વાગ્યાના અરસામાં વઘઈથી આહવા તરફ જઈ રહેલા એક પિકઅપ ટેમ્પો (નંબર: GJ 21 V 6946) ના ચાલકે પોતાના વાહનને પૂરપાટ ઝડપે હંકારી રોડની બાજુમાં ઉભેલી એક ટુ-વ્હીલર બાઈકને જોરદાર ટક્કર મારી હતી. બાઈકને ટક્કર માર્યા બાદ ચાલકે



ટેમ્પા પરનો કાબૂ ગુમાવી દેતા ટેમ્પો રોડની સાઈડમાં જઈને ધડાકાભેર પલટી ખાઈ ગયો હતો.આ અકસ્માતને પગલે ઘટનાસ્થળે ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી.

જોકે, સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી અને ટેમ્પામાં સવાર તમામ લોકોનો ચમત્કારિક બચાવ થયો હતો.અકસ્માતનો અવાજ સાંભળીને આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તાબડતોબ બચાવ કામગીરી હાથ ધરી હતી. સ્થાનિકોની સમયસરની મદદને કારણે તમામ સવારોને વાહનમાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટનામાં કોઈને પણ ગંભીર ઈજા ન થઈ હોવાના અહેવાલ મળ્યા છે, પરંતુ અકસ્માતને કારણે પિકઅપ ટેમ્પો તેમજ બાઈકને ને મોટું નુકસાન પહોંચ્યું છે.

ભવ્ય સ્નેહ-સમારંભ યોજાયો

# ખાંભા માં છેલ્લા 3 વર્ષથી ખાંભાના દર્દીઓના 'મસીહા' બનેલા ડૉ. પુનિત મહેતાની આણંદ બદલી

રિપોર્ટર રાકેશ પ્રજાપતિ ખાંભા

ખાંભા સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે છેલ્લા ત્રણ વર્ષથી પોતાની નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા અને દર્દીઓમાં ભારે લોકચાહના ધરાવતા ડૉક્ટર પુનિત મહેતાની આણંદ ખાતે બદલી થતાં તેમનો એક ભવ્ય અને ભાવભીનો વિદાય સમારંભ યોજાયો હતો. ડૉ. પુનિત મહેતાએ ખાંભા CHC માં સેવા દરમિયાન દર્દીઓને ઉત્તમ અને ત્વરિત તબીબી સેવાઓ પૂરી પાડી હતી. આ ઉપરાંત, સ્થાનિક સ્તરે આરોગ્યની સુવિધાઓ વધુ સુદ્રઢ બને તે માટે તેમણે વહીવટી સ્તરે અનેકવાર રજૂઆતો કરીને પ્રશ્નો પૂર્ણ કરાવ્યા હતા. તેમની આ નિઃસ્વાર્થ સેવાઓ અને મળતાવડા સ્વભાવને કારણે સ્થાનિક લોકો, દર્દીઓ અને સમગ્ર પંથકમાં તેમની ખૂબ સારી છાપ ઊભી થઈ હતી.સામાજિક સંસ્થાઓ અને અગ્રણીઓ દ્વારા બહુમાન આ વિદાય સમારંભનું સુંદર આયોજન 'ગ્રીન ગ્રુપ એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ' અને



'વાટલીયા પ્રજાપતિ સમાજ' ના આગેવાનો દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ડૉ. મહેતાને સાલ ઓઢાડીને તેમજ સ્મૃતિચિહ્ન અર્પણ કરીને તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત અગ્રણીઓ આ પ્રસંગે ખાંભાના પૂર્વ સરપંચ અમરીશભાઈ જોશી, વાટલીયા પ્રજાપતિ સમાજ ખાંભા વિભાગના પ્રમુખ હસમુખભાઈ પીપલીયા, રમેશભાઈ કલસરિયા, પ્રવીણભાઈ બાબરીયા સહિત ગ્રીન ગ્રુપ એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ તેમજ વાટલીયા પ્રજાપતિ સમાજના અગ્રણીઓ, સભ્યો અને મોટી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ચાણસ્મા તાલુકાના રણાસણ ગામે દરગાહ ખાતે દર્શનાર્થે આવેલ યુવકનું તળાવમા અગમ્ય કારણોસર ડુબી જતાં મોત નિપજ્યું



નિતીન ઠાકર ચાણસ્મા

બનાસકાંઠાના છાપી ગામેથી સંજ્ય ભાઈ જ્યંતિલાલ માજીરાણા ઉ.વ.35 તેમના પરિવાર સાથે ચાણસ્મા તાલુકાના રણાસણ ગામે આવેલ દરગાહ ખાતે દર્શનાર્થે આવ્યા હતાં દરમિયાન મૃતક સંજ્ય ભાઈ માજી રાણા દરગાહની સામે આવેલ તળાવ બાજુ ગયેલને .જે ઘણા સમય સુધી નહી આવતાં પરીવારજનોએ ગામલોકોને સાથે રાખી તપાસ કરતાં સંજ્ય ભાઈ માજી રાણા મૃત હાલતમાં મળી આવતાં પરીવાર આક્રંદ મચાવ્યો હતો પરીવારજનો દ્વારા ઘટનાની જાણ ચાણસ્મા પોલિશને કરતાં ચાણસ્મા પોલીસે લાશનું પંચનામું કરી લાશનું પીએમ કરાવી વધુ તપાસ હાથ ધરી છે મૃતક યુવાનનું મોતનું કારણ અકબંધ છે

# વડાવલી ગ્રામ જનો દ્વારા પાટણ જિલ્લા પંચાયતના નવનિયુંક્ત પ્રમુખ નો સન્માન સમારંભ યોજાયો



નિતીન ઠાકર ચાણસ્મા

પાટણ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે ધિણોજ જિલ્લા પંચાયત બેઠકના જિલ્લા સદસ્ય ભાવિકભાઈ પટેલની નિમણુંક થતાં પાટણ જિલ્લાની વિવિધ સેવાકીય સંસ્થા ઓ ગ્રામજનો દ્વારા સન્માન કરાઈ રહ્યું છે ત્યારે ચાણસ્મા તાલુકાના વડાવલી ગામે ગ્રામજનો દ્વારા નવ નિયુક્ત જિલ્લા પં ના પ્રમુખ ભાવિકભાઈ પટેલનું ભવ્ય સ્વાગત કરાયું હતું બાદમાં ગામના તમામ જ્ઞાતીના આગેવાનો સ્વૈરિછક સંસ્થાઓના પદાધિકારીઓ દ્વારા સાલ ઓઢાડી બુકેથી ભવ્ય સન્માન કરાયું હતું વડાવલી ગામ ના આરોગ્ય રોડ પીવાના પાણીના પાણીની પાઈપલાઈનના કામો સહિત વિકાશના કામો માટે જિલ્લા પંચાયત દ્વારા પુરો સહકાર આપવાની નવનિયુંક્ત પ્રમુખ ભાવિકભાઈ પટેલે તેમના ઉદબોધનમાં ખાત્રી આપી હતી આ પ્રસંગે તા પં પૂર્વ પ્રમુખ નટુભાઈ પટેલ સરપંચ ગામના વિવિધ જ્ઞાતીના આગેવાનો ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા

# ચાણસ્મા ડેપો ખાતે ફરજ બજાવી વયમર્યાદાના કારણે નિવૃત થયેલ એસ ટી કર્મચારીનો વિદાય સમારંભ યોજાયો



નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા ડેપો ખાતે ડ્રાયવર તરીકે ફરજ બજાવતા દલસંગજી ઠાકોર (લક્ષ્મીપુરા-બ્રાહ્મણવાડાવાળા) વયમર્યાદાના કારણે નિવૃત થતાં ચાણસ્મા ડેપોના કર્મચારીઓ દ્વારા સન્માન સાથે વિદાય યોજાયો હતો સમારંભમાં ઉપસ્થિત ડેપો મેનેજર મનિષા બા ચાવડા એ વિદાય લઈ રહેલ એસટી કર્મચારીનું શેષ જીવન નિરોગી અને તંદૂરસ્ત રહે તેવી શુભેચ્છા પાઠવી હતી આ પ્રસંગે ચાણસ્મા ડેપો ખાતેના યુનિયનના આગેવાનો દિનેશભાઈ ઠાકોર- કંડકટર નરેન્દ્રભાઈ પટેલ અજ્ય ભાઈ બારોટ જીતુભાઈ પટેલ રમેશભાઈ કનુભાઈ વ્યાસ પ્રદિશભાઈ સહિત ડેપોના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અંજારમાં ભૂ-માફિયાઓ સામે રોષ: બાળ સ્મશાનની જમીનના વિવાદ મુદ્દે ભીમ આર્મીએ આપ્યું આવેદનપત્ર

મહેશ એલ.સોની નખત્રાણા

અંજાર શહેરમાં સરકારી અને સામાજિક જમીનો પર ગેરકાયદે દબાણના વધતા બનાવોને લઈને નાગરિકોમાં ચિંતા પ્રવર્તી રહી છે. તાજેતરમાં કચ્છ ક્ષત્રિય ગુજ્જર સમાજના બાળ સ્મશાન માટે નીમ થયેલી જમીન પર કેટલાક ઈસમો દ્વારા ગેરકાયદે બાંધકામ શરૂ કરાયું હોવાની ફરિયાદ ઉઠી છે. આ ઘટનાથી સ્થાનિકોમાં નારાજગી જોવા મળી રહી છે. આ મુદ્દે સોમવાર, તા. 29-06-2026 ના રોજ ભીમ આર્મી ભારત એકતા મિશન સંગઠન દ્વારા અંજાર પ્રાંત કચેરી ખાતે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. સંગઠનના કચ્છ જિલ્લા અધ્યક્ષ હરિભાઈ પરમારની આગેવાનીમાં જિલ્લા ઉપાધ્યક્ષ અનીશભાઈ જુણેજા, જિલ્લા પ્રભારી લક્ષ્મણભાઈ વાઘેલા, મહામંત્રી ભીમજીભાઈ બોચીયા, ભચાઉ તાલુકા પ્રમુખ લાલજીભાઈ બોખાણી, ખીમજીભાઈ મહેશ્વરી તથા બધાભાઈ આહીર સહિતના આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા. ભીમ આર્મીના કન્વિનર માવજીભાઈ હિંગણા દ્વારા આપવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું હતું કે, સ્મશાન જેવી પવિત્ર જગ્યા પર ગેરકાયદે બાંધકામ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાય નહીં. તંત્ર દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.યાદીમાં વધુમાં જણાવાયું હતું કે સ્મશાનની જમીન સમાજની લાગણી સાથે જોડાયેલો મુદ્દો છે.

# પડવાણ-રામશરી રોડ પર બાઈક અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા એક યુવાનને જિલ્લા ઉપપ્રમુખ રાયસીંગભાઈ ભીલે સમયસર મદદ કરી

કમલેશ પટેલ. સંખેડા

પડવાણ-રામશરી રોડ પર બાઈક અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા એક યુવાનને જિલ્લા ઉપપ્રમુખ રાયસીંગભાઈ ભીલે સમયસર મદદ કરી નસવાડી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાવ્યો હતો. તેમની સમયસૂચકતાને કારણે યુવાનને તાત્કાલિક સારવાર મળી શકી.મળતી માહિતી મુજબ, આ ઘટના આજે બની હતી જ્યારે રાયસીંગભાઈ ભીલ પોતાના પડવાણ-રામશરી રોડ પર આવેલા ખેતરમાં કામ કરી રહ્યા હતા. તે સમયે એક બાઈક સવાર યુવાન બાઈક પરથી કાબૂ ગુમાવી અકસ્માતનો ભોગ બન્યો હતો અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.અકસ્માત જોઈને રાયસીંગભાઈ ભીલે તરત જ ગુજરાત સરકારની 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાને જાણ કરી હતી. લગભગ 20 મિનિટમાં 108 એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવાનને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે નસવાડી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા યુવાનનું નામ ધવલ જશુભાઈ ભીલ છે. તેઓ ગડેશ્વર તાલુકાના બખ્ખર ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.જિલ્લા ઉપપ્રમુખ રાયસીંગભાઈ ભીલ દ્વારા દર્શાવવામાં આવેલી માનવતા અને સમયસરની મદદ બદલ સ્થાનિક લોકો દ્વારા તેમની પ્રશંસા કરવામાં આવી રહી છે.

# માનકુવામાં સોની વેપારીઓની સુરક્ષા મીટીંગ યોજાઈ: જયેશભાઈ સોલંકી (સામત્રા) માનકુવા સર્કલના સોના ચાંદી મંડળના બન્યા પ્રમુખ

મહેશ એલ.સોની નખત્રાણા

કચ્છમાં સોના-ચાંદીના વેપારીઓ પર વધતા ચોરી અને છેતરપિંડીના બનાવોને પગલે ભુજ તાલુકાના માનકુવા ખાતે તા. 30-06-2025 ના રોજ એક અગત્યની સર્કલ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લા સોના-ચાંદી મહા મંડળ દ્વારા આયોજિત આ બેઠકમાં માનકુવા, ભારાસર, કોડકી, દેસલપર વાંઢાય, કલ્યાણપર, આણંદસર અને વાડાસર એમ નવ ગામના જ્વેલર્સ વેપારીઓ અને કારીગરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પ્રમુખ હીરાલાલભાઈ સોનીના અધ્યક્ષ સ્થાને મળેલી આ મીટીંગમાં વેપારીઓને વર્તમાન સમયમાં સતર્ક રહેવા ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લાના ખજાનચી મનોજભાઈએ જણાવ્યું કે જિલ્લાનું સંગઠન કોઈપણ જ્વેલર્સને તકલીફ પડે ત્યારે તાત્કાલિક મદદે પહોંચે છે અને હાલ વેપારીઓ, કારીગરો તથા સેલ્સમેનો માટે આઈડીકાર્ડની કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ છે. ભુજ તાલુકા મંડળના પ્રમુખ વસંતભાઈ પોમલે સોનાના ભાવમાં આવેલ ઉછાળાને ધ્યાને લઈ કારીગરોને ઓછા વજનની જ્વેલરી અને નવીન ડીઝાઈન તરફ ધ્યાન આપવા અનુરોધ કર્યો હતો. મંડળના ડેટાસેલના કન્વીનર બ્રેગીનભાઈ દ્વારા સંચાલિત 35 પ્રતિનિધિઓના વોટ્સએપ ગ્રુપમાં રોજના ભાવની અપડેટ સતત અપાતી હોવાની માહિતી પણ અપાઈ હતી.

# જાફરાબાદની પ્રાથમિક સાગર શાળામાં પ્રાથમિક કન્યા શાળા ની વિધાર્થિનીઓ ગેટ બહાર ઉભા રાખવામાં આવતા અકસ્માત સર્જાયા તેવી ભીતી સેવાઈ રહી છે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ પ્રાથમિક કન્યા શાળા કે જે જર્જરિત હોવાથી તે સ્કૂલ નુ નવનિર્માણ માટે ની કામગીરી થતી હોવાથી તે પ્રાથમિક કન્યા શાળામાં અભ્યાસ કરતી વિધાર્થિનીઓ ને હાલ પ્રાથમિક સાગર શાળામાં ફેરવવામાં આવેલ હોય તે વિધાર્થિનીઓ ને ગેટ બહાર લાઈનમાં વિધાર્થિનીઓ ઉભા રાખવામાં આવી રહ્યા હોય પરંતુ જ્યાં ગેટ બહાર ઉભા હોય ત્યાંથી ટુ વ્હીલર વાહનો પસાર થતા હોય તેમાં પણ સાવ સાંકડો રોડ હોય કોઈ ટુ વ્હીલર ચાલક અકસ્માત સર્જાયો તો જવાબદારી કોની..?? અહીં બાજુમાં મચ્છી માર્કેટ હોવાથી વાહનો તેમજ મોટી સંખ્યામાં લોકો ની અવરજવર રહેતી હોવાથી આમથી આમ ભગવું પડી રહ્યું છે. ૧૧:૦૦ બપોરના વાગ્યાના સમયે તપ્તા તડકામાં વિધાર્થિનીઓ ને ગેટ બહાર ઉભા રાખવામાં આવી રહ્યા છે. પ્રાથમિક સાગર શાળા નું મોટું ગાઉન હોય છાયામાં બેસાડવા ને બદલે વિધાર્થિનીઓ ને ગેટ બહાર તપ્તા તડકામાં કોન ઊભા રાખવા મજબુર કરી રહ્યા છે...?? અહીં થી આખલાઓ ની મોટી માત્રામાં અવરજવર રહેતી હોય અમુક અમુક સમયે આખલાઓ યુધ્ધે પણ ચડતા હોય એવા સમયે કોઈ અનિચ્છનિય ઘટના ઘટે તો જવાબદારી કોની..?? આંકણી ગરમીમાં તપ્તા તડકામાં નાની નાની બાળકીઓ ગેટ બહાર રોડ વચ્ચે લાઈનમાં ઊભા રહેવા કોન મજબુર કરી રહ્યું છે.

# જાફરાબાદ તાલુકાના બાબરકોટ આરોગ્ય કેન્દ્ર માં ૯૫ વ્યક્તિઓ એ ડિજિટલ એક્સરે દ્વારા ટીબી નિદાન કરાયું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના બાબરકોટ આરોગ્ય કેન્દ્ર માં ૯૫ વ્યક્તિઓ એ ડિજિટલ એક્સ રે દ્વારા ટીબી નિદાન કરાયું કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સમગ્ર દેશમાં ૧૦૦ દિવસની સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ ટીબી મુક્ત ભારત શરૂ કરવામાં આવ્યુ છે. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય ટીબીના (ક્ષયરોગ) શંકાસ્પદ કેસોનું વહેલું નિદાન સમયસર સારવાર અને ટીબી ના કારણે થતા મૃત્યુદર ને ઘટાડવા નો છે. આ ઝુંબેશ હેઠળ મફત તપાસ નિદાન કરાયા રાષ્ટ્રીય ટીબી નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ચાલી રહેલ ૧૦૦ દિવસ ટીબી નિદાન ઝુંબેશ હેઠળ જાફરાબાદ તાલુકાના આરોગ્ય કેન્દ્ર ખાતે હેન્ડ હેલ્થ ડિજિટલ એક્સ રે મશીન દ્વારા વિશેષ નિદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું.આ અભિયાન દરમ્યાન ટીબી ના શંકાસ્પદ દર્દીઓ તેમજ જોખમી લક્ષણો ધરાવતા લાભાર્થીઓના છાતીના ડિજિટલ એક્સ રે લેવામાં આવ્યા હતા.ત્યારબાદ તબીબી તપાસ કરીને જરૂરી નિદાન અને સારવાર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.આ કેમ્પ નો મુખ્ય હેતુ જાફરાબાદ સહિત આસપાસના બાબરકોટ, ભાકોદર,વઢેરા,વાઢ,લુણસાપુર, કાગવદર, ના ગ્રામ્ય વિસ્તારના દર્દીઓને આધુનિક ટેકનોલોજી દ્વારા સ્થળ પર મફત અને ઝડપી નિદાન ની સુવિધા ઉપલબ્ધ કરાવવા નો હતો.

# સંખેડા તાલુકાના હરેશ્વર ગામે આમ આદમી પાર્ટી (AAP)ના કાર્યકરો દ્વારા ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં રેલી યોજવામાં આવી







કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાના હરેશ્વર ગામે આમ આદમી પાર્ટી (AAP)ના કાર્યકરો દ્વારા ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં રેલી યોજવામાં આવી હતી. બહાદરપુર જિલ્લા પંચાયતના હરેશ્વર ગામ ખાતે યોજાયેલી આ રેલીમાં કાર્યકરોએ ચૈતર વસાવાની ધરપકડનો વિરોધ કર્યો હતો.

આ રેલીમાં સંખેડા વિધાનસભા પ્રભારી નાનુભાઈ ભીલે જણાવ્યું હતું કે ચૈતર વસાવાને ખોટી રીતે જેલમાં પૂરવામાં આવ્યા છે અને તેમને વહેલી તકે મુક્ત કરવામાં આવે. તેમણે ઉમેર્યું હતું કે, ચૈતર વસાવા જેલમાં નથી, પરંતુ અમારો આખો આદિવાસી સમાજ જેલમાં હોવાનું મહેસૂસ થાય છે.

છોટાઉદેપુર જિલ્લા લઘુમતી ઉપપ્રમુખ અનવરભાઈ મલિકે આક્ષેપ કર્યો હતો કે ભાજપ સરકારે કાવતરું રચી ચૈતર વસાવાને જેલમાં પૂર્યા છે. તેમણે જણાવ્યું કે, હરેશ્વર અને આસપાસના ગામોના AAP કાર્યકરોએ આનો વિરોધ કરીને ચૈતર વસાવાને સમર્થન આપ્યું હતું.આ કાર્યકરોએ વધુમાં જણાવ્યું હતું કે, સરકાર ગરીબો માટે અલગ અને અમીરો માટે અલગ કાયદા રાખે છે. આ મુદ્દે આગામી દિવસોમાં મોટી રેલીનું આયોજન કરવામાં આવશે અને 'જેલ ભરો' આંદોલન પણ કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

# કોટડા (જ.) ખાતે શ્રીરામ મંદિર નવનિર્માણ માટે ₹1,11,111 નું દાન અપાયું

મહેશ એલ.સોની નખત્રાણા

કોટડા (જ.) ગામના વતની સ્વ. સોની રૂક્ષ્મણીબેન અરજણભાઈ બુધભટ્ટી તથા સ્વ. અરજણભાઈ ઉર્ફે બાબુભાઈ લાલજીભાઈ બુધભટ્ટીની પાવન સ્મૃતિમાં તેમના દીકરી-જમાઈ શ્રીમતી જ્યોત્સનાબેન શંકરલાલ સોની પરિવાર તથા દોહિત્ર કૈલાશભાઈ શંકરલાલ સોની, અંજાર દ્વારા શ્રી કોટડા (જ.) લોહાણા મહાજન સંચાલિત શ્રી રામજી મંદિરના નવનિર્માણ કાર્ય માટે 1,11,111 નું માતબર દાન અર્પણ કરવામાં આવ્યું છે.



સ્વ. રૂક્ષ્મણીબેન અને સ્વ. અરજણભાઈ સોની આજીવન ભજનપ્રેમી, ધાર્મિક અને સેવાભાવી જીવન જીવ્યા હતા. તેમના સંસ્કાર અને સેવાભાવનાને ચિરંજીવ રાખવા માટે પરિવાર દ્વારા આ પ્રેરણાદાયી પગલું ભરવામાં આવ્યું છે.

શ્રી કોટડા (જ.) લોહાણા મહાજનના ટ્રસ્ટી શ્રી પંકજભાઈ દૈયાએ જણાવ્યું હતું કે, 'દાતા પરિવારનું આ યોગદાન માત્ર આર્થિક સહયોગ નથી, પણ શ્રદ્ધા, ભક્તિ અને સંસ્કારનું જીવંત પ્રતીક છે. રામમંદિર માત્ર ઈમારત નથી, તે હજારો લોકોના વિશ્વાસનું સ્થાપત્ય છે. આ પવિત્ર કાર્યમાં મળેલો સહયોગ ભવિષ્યની પેઢીઓ માટે શ્રદ્ધાનો મક્કમ ધ્રુવતારો બની રહેશે.'આ પ્રસંગે મહાજનના પ્રમુખ શ્રી વિજેશ પંકજભાઈ દૈયા તથા મંત્રી શ્રી દિપકભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા.

# જાફરાબાદ પી.જી.વી.સી.એલ.ની પ્રિ મોન્સુન કામગીરી ઉપર ઉઠ્યા સવાલ : સામાન્ય ઝાપટું વરસ્યું લાઈટ ગુલ પીજીવીસીએલ ની લાલીયાવાડી સામે લોકોનો આક્રોશ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ પીજીવીસીએલ ની પ્રિ મોન્સુન કામગીરી સામે ઉઠ્યા અનેક સવાલો વહેલી સવારે વરસાદી ઝાપટું વરસતા ની સાથે લાઈટ ગુલ થઈ ગઈ હતી તા/૩૦/૦૬/૨૦૨૬ ના વહેલી સવારે ૮ :૦૦ વાગ્યે લાઈટ ગુલ થઈ ગઈ હતી પીજીવીસીએલ માં ફોન કરી જાણ કરવા છતાં પણ સવારના આઠ વાગ્યે ગયેલી લાઈટ બપોરે ૧૨ વાગ્યે લાઈટ રિપેરિંગ કરવામાં આવી હતી ૪ કલાક પછી લાઈટ રિપેરિંગ કરવામાં આવી હતી પીજીવીસીએલ ની લાલીયાવાડી સામે લોકોનો આક્રોશ જોવા મળ્યો હતો ફરી ૧૨:૩૨ લાઈટ ગુલ થઈ ગઈ હતી ૧:૦૦ વાગ્યે લાઈટ આવી હતી સામાન્ય વરસાદ પડતાં ની સાથે કલાકો લાઈટ ગુલ થઇ જતાં કાળઝાળ ગરમીમાં નાગરિકો હેરાનપરેશાન થયા હતા પીજીવીસીએલ સામાકાંઠા વિસ્તારોમાં અવારનવાર વીજળી ગુલ થઈ જતા સામાન્ય ફોલ્ડ હોવા છતાં કલાકો પછી લાઈટ રિપેરિંગ કરવામાં આવે છે. પીજીવીસીએલ ની પ્રિ મોન્સુન કામગીરી ફક્ત ને ફક્ત કાગળ ઉપર જ સિમિત હોય તેવું જોતા લાગી રહ્યું છે. ગ્રાહકો દ્વારા લાઈટ બીલ ન ભર્યું હોય તો લાઈટ કલેક્શન કાપવા સુધી પહોંચી જતી પીજીવીસીએલ પરંતુ ગ્રાહકો ને



સારી એવી સુવિધાઓ દેવાને બદલે કાળઝાળ ગરમીમાં વીજ પુરવઠા સમયસર નથી મળી રહ્યો અવારનવાર કલાકે કલાકે વિજળી ગુલ થઈ રહી છે. વિજ કામગીરી માટે કલાકો સુધી વીજ પુરવઠો બંધ રાખવામાં આવતો હોય છે પરંતુ ફરી આવી જ સ્થિતિ સર્જાઈ રહી છે. રાત મધરાતે કે પછી વહેલી સવારે કે પછી વરસાદી ઝાપટા પડતાં ની સાથે લાઈટ ગુલ થઇ પીજીવીસીએલ ની કામગીરી સામે જનતા જનાર્દન નો આક્રોશ જોવા મળી રહ્યો છે. ફરી સાંજ ના ૭:૦૦ વાગ્યે લાઈટ ગુલ થઈ ગઈ હતી ૮ :૦૦ વાગ્યે લાઈટ આવી હતી અવારનવાર સામાકાંઠા વિસ્તારોમાં કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાતા કાળઝાળ ગરમીમાં નાગરિકો હેરાન ગતિમાં વધારો કરતી પીજીવીસીએલ લાઈટ ગુલ થતા અગાઉથી ફોન કરવા છતાં કલાકો સુધી કામગીરી કરવામાં આવતી નથી સામાકાંઠા વિસ્તારોમાં અવારનવાર વીજળી ગુલ થઈ જતાં કાળઝાળ ગરમીમાં નાગરિકો હેરાનપરેશાન થયા હતા

# ખાંભાના ખડાધાર ગામે રહેતા હવાબહેન અલ્લારખભાઈ સમા છેલ્લા લગભગ એક વર્ષથી રેશનકાર્ડ ખોવાઈ જવાને કારણે સરકારી અનાજથી વંચિત હતા

અશોક મણવર અમરેલી

સરકારી યોજનાઓનો સાચો અર્થ ત્યારે જ સાકાર થાય છે, જ્યારે તેનો લાભ સમાજના અંતિમ છેડે ઉભેલા જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી પહોંચે. અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં વહીવટી તંત્રે આવી જ એક સંવેદનશીલ અને માનવતાભરી કામગીરી કરીને ૮૦ વર્ષથી વધુ ઉંમરના એકલા રહેતા વિધવા મહિલાને ફરીથી જાહેર વિતરણ પ્રણાલીની મુખ્યધારામાં જોડ્યા છે.ખાંભા તાલુકાના ખડાધાર ગામે રહેતા હવાબહેન અલ્લારખભાઈ સમા છેલ્લા લગભગ એક વર્ષથી રેશનકાર્ડ ખોવાઈ જવાને કારણે સરકારી અનાજથી વંચિત રહ્યા હતા. વૃદ્ધાવસ્થા, એકલવાયું જીવન અને મોબાઈલ ફોન ન હોવાના કારણે



તેમનું e-KYC પણ થઈ શકતું ન હોવાથી નવી પ્રક્રિયા પૂર્ણ કરવામાં અનેક મુશ્કેલીઓ ઉભી થઈ હતી.આ બાબતની જાણ થતાં ખાંભા તાલુકા વહીવટી તંત્રે સમગ્ર મામલાને સંવેદનશીલતાથી હાથ ધર્યો. સૌપ્રથમ હવાબેનનું આધાર કાર્ડ અપડેટ કરાવવામાં આવ્યું અને તેમની પૌત્રીનો મોબાઈલ નંબર નોંધાવી જરૂરી e-KYCની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરાવવામાં આવી.

હવાબહેન વિધવા હોવાથી તેમની આર્થિક અને સામાજિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તેમનું રેશનકાર્ડ અંત્યોદય અન્ન યોજના હેઠળ પરિવર્તિત કરવાની કાર્યવાહી પણ પૂર્ણ કરવામાં આવી. પરિણામે હવે તેમને દર મહિને નિયમિત રીતે ૩૫ કિલો અનાજ મળતું રહેશે, જે તેમના જીવનનિર્વાહ માટે મહત્વપૂર્ણ આધાર બનશે.

# બનાસકાંઠા જિલ્લાના તમામ પેટ્રોલ, ડીઝલ અને CNG પંપ માટે ફાયર સેફ્ટી સર્ટીફીકેટ રજૂ કરવા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની અપીલ

પાલનપુર | બનાસકાંઠા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની કચેરી દ્વારા જિલ્લામાં કાર્યરત તમામ પેટ્રોલ, ડીઝલ અને CNG પંપના પ્રોપાઈટર જોગ એક અગત્યની અને તાકીદની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી છે. જિલ્લા પુરવઠા અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, પંપોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને અગાઉ આપવામાં આવેલી સૂચનાઓ અન્વયે તમામ સંચાલકોએ પોતાના પંપ ખાતે ફાયર સેફ્ટી સિસ્ટમ કાર્યરત કરી તેનું સર્ટીફીકેટ મેળવવાનું હતું. આ બાબતને ગંભીરતાથી લઈને જિલ્લાના તમામ પંપ સંચાલકોએ પોતાના પેટ્રોલિયમ કે CNG સ્ટોરેજ અને ફીલીંગ સ્ટેશનનું પ્રમાણિત 'ગુજરાત ફાયર સેફ્ટી સર્ટીફીકેટ' (પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી રૂલ્સ-૨૦૧૪ના નિયમ ૧૪(૧) મુજબ) આગામી દિન-૩માં સંબંધિત મામલતદાર કચેરી ખાતે અનિવાર્યપણે રજૂ કરવાનું રહેશે. આ યાદીમાં વધુમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, પંપ સંચાલકોએ માત્ર સર્ટીફીકેટ જ નહીં, પરંતુ સુરક્ષાના વિવિધ ૫ મુદ્દાઓ અંગેની વિગતવાર માહિતી પણ આપવાની રહેશે. જેમાં પંપના કર્મચારીઓએ ફાયર સેફ્ટીના સાધનો વાપરવાની તાલીમ લીધી છે કે કેમ, અગ્નિશામક સાધનોનું સમયાંતરે મેન્ટેનન્સ થાય છે કે કેમ, તેમજ પંપ પર ઓછામાં ઓછી ૪ નંગ સૂકી રેતી ભરેલી ડોલ, ઈન્સ્યુલેટેડ સ્ક્રુ ડ્રાઈવર, નોન-સ્પાર્કિંગ ટૂલ્સ અને ફ્લેમ પ્રૂફ ટોર્ચ ઉપલબ્ધ છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવશે. આ ઉપરાંત, નેશનલ બિલ્ડિંગ કોડ ૨૦૧૬ (પાર્ટ-૪) મુજબની ફાયર સેફ્ટી સિસ્ટમ અને પ્રાદેશિક ફાયર ઓફિસરની સૂચના મુજબ દરેક ડિસ્પેન્સિંગ યુનિટ દીઠ ૯ કિલોના DCP/ ABC ટાઈપના તથા ૪.૫ કિલોના CO2 ટાઈપના અગ્નિશામકો રાખવા ફરજિયાત છે.

# બનાસકાંઠા સાંસદશ્રી ગેનીબેન ઠાકોરની અધ્યક્ષતામાં પાલનપુર ખાતે દિશા કમિટીની બેઠક યોજાઇ

પાલનપુર | બનાસકાંઠા સાંસદશ્રી ગેનીબેન ઠાકોરના અધ્યક્ષસ્થાને આજરોજ પાલનપુર કલેક્ટર કચેરી ખાતે દિશા કમિટીની બેઠક યોજાઈ હતી. દિશા કમિટીની બેઠકમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત સંલગ્ન વિભાગ દ્વારા કરવામાં આવતીકાર્યવાહી અંગે સમીક્ષા કરવામાં આવી હતી.આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગો તેમજ જિલ્લાની તમામ નગરપાલિકાઓની કામગીરીની સમિક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત સંલગ્ન વિભાગો દ્વારા કરવામાં આવતી કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લાના અધિકારીશ્રીઓ દ્વારાસાંસદશ્રી સમક્ષ કામગીરીની માહિતી રજૂ કરાઈ હતી.આ બેઠકમાં કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની વિવિધ યોજનાઓ જેમ કે, સ્વચ્છ ભારત મિશન, મનરેગા, પ્રધાનમંત્રી આવાસ યોજના, રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન, જનની સુરક્ષા કાર્યક્રમ, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના તેમજ અન્ય યોજનાઓ અંતર્ગત થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

# કાંકરેજના બુકોલી ગામ પાસે સુજલામ કેનાલના બ્રિજમાં ભંગાણ થતા વાહનવ્યવહાર ડાયવર્ટ કરાયો, ૧૦ દિવસમાં વૈકલ્પિક કોઝવે તૈયાર કરાશે

પાલનપુર | આજ રોજ તા. 30/06/2026ના રોજ કાંકરેજ તાલુકાના બુકોલી ગામની સીમમાં આવેલ સુજલામ સ્પ્રેડિંગ કેનાલની સાંકળ નં. 280.795 કિ.મી. પર આવેલા ઓ.ડી.આર. બ્રિજ (ઉંબરી-મુડેઠા માર્ગ) પર રાત્રિના સમયે ભારે ડમ્પરની અવરજવર થવાને કારણે બ્રિજના સ્લેબના કોન્ક્રીટમાં નુકસાન થતાં બે સ્થળે ભંગાણ પડી હોલ સર્જાયા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જાહેર સુરક્ષાને ધ્યાનમાં રાખીને આજે સવારે તાત્કાલિક અસરથી બ્રિજ ઉપરનો વાહનવ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ નજીકમાં આવેલા વીઆરબી (VRB) પરથી ડાયવર્ઝન આપી વાહનોની અવરજવર શરૂ કરવામાં આવી છે. ઉપરાંત, હાલના બ્રિજની બાજુમાં કોઝવે પ્રકારનું વૈકલ્પિક ડાયવર્ઝન બનાવવાની કામગીરી પણ તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવી છે, જે અંદાજિત 10 દિવસમાં પૂર્ણ કરવામાં આવશે. સિંચાઈ વિભાગ દ્વારા સુજલામ સુફલામ કેનાલ પર આવેલા તમામ સ્ટ્રક્ચરોનો હેલ્થ સર્વે હાથ ધરવામાં આવ્યો છે. તે અંતર્ગત પ્રાથમિક હેલ્થ સર્વેની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે, જ્યારે વિગતવાર સર્વેની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. આ સર્વેના આધારે સંબંધિત બ્રિજના નવીનીકરણની કાર્યવાહી પણ પ્રગતિમાં છે. નવીનીકરણની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હાલના નુકસાનગ્રસ્ત બ્રિજને દૂર કરી તેના સ્થાને નવો અને વધુ સુરક્ષિત બ્રિજ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે તેમ કાર્યપાલક ઈજનેરશ્રી, ડીસા સિંચાઈ વિભાગ દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ધારાસભ્ય શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (બકાભાઈ) ના ભગીરથ પ્રયાસોથી ગળતેશ્વરના અંગાડી ગામે નવી GIDC મંજૂર



ખેડા | ઠાસરા-ગળતેશ્વર પંથકમાં ખુશીનો માહોલ, રોજગારી અને પ્રગતિના નવા દ્વાર ખુલશે , ખેડા જિલ્લા ના ઠાસરા વિધાનસભા મતવિસ્તારના લોકપ્રિય, કર્મનિષ્ઠ અને જન-જનના લાડીલા ધારાસભ્ય શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (બકાભાઈ) સાહેબની સતત રજૂઆતો અને ભગીરથ પ્રયત્નોને ખૂબ મોટી સફળતા મળી છે. રાજ્ય સરકાર દ્વારા ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકામાં આવેલા અંગાડી ગામે નવી GIDC (ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ) સ્થાપવાની ઐતિહાસિક મંજૂરી આપવામાં આવી છે. આ અભૂતપૂર્વ સિદ્ધિ અને જાહેરાતથી સમગ્ર ઠાસરા વિધાનસભા વિસ્તારના નાગરિકોમાં ભારે ઉત્સાહ અને ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ધારાસભ્ય શ્રી યોગેન્દ્રસિંહ પરમાર આ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે અવિરત કાર્યરત રહ્યા છે. તેમની અનેક વિકાસ સિદ્ધિઓમાં હવે વધુ એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. ગળતેશ્વર તાલુકામાં નવી GIDC મંજૂર થતાં જ સ્થાનિક સ્તરે જ માળખાકીય સુવિધાઓનો અદભુત વિકાસ થશે અને સમગ્ર પંથક ઔદ્યોગિક ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરશે.

ધારાસભ્યશ્રીના આ ઐતિહાસિક સફળતા બદલ સમગ્ર વિસ્તારની જનતા વતી તેમનો હૃદયપૂર્વક આભાર અને ખૂબ ખૂબ અભિનંદન વ્યક્ત કરવામાં આવી રહ્યા છે.

આ ઐતિહાસિક નિર્ણયથી વિસ્તારને થનારા મુખ્ય લાભો જોઈ એ તો

સ્થાનિક રોજગારીની ઉત્તમ તકો ગળતેશ્વર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારના યુવાનોને હવે પોતાના ઘરઆંગણે જ રોજગારીની ઉત્તમ અને નવી તકો પ્રાપ્ત થશે.

આર્થિક વિકાસને વેગ મળશે અંગાડી ખાતે નાના-મોટા ઉદ્યોગો અને નવા રોકાણો આવવાથી સમગ્ર ઠાસરા-ગળતેશ્વર પંથકના આર્થિક ચક્રને નવી ગતિ મળશે.

સ્થળાંતરમાં મોટો ઘટાડો: આજીવિકા મેળવવા માટે સ્થાનિક યુવાનોને જે અન્ય મોટા શહેરો તરફ સ્થળાંતર કરવું પડતું હતું, તે હવે અટકશે.

વેપાર અને સ્થાનિક અર્થતંત્રને ગતિ: નવી GIDC આવવાથી નાના વેપારીઓ, સ્થાનિક શ્રમિકો અને ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને સીધો જ મોટો આર્થિક ફાયદો થશે.

માળખાકીય સુવિધાઓમાં સુધારો: ઔદ્યોગિક વસાહત સ્થપાવાના કારણે આસપાસના વિસ્તારોમાં પાકા રસ્તા, વીજળી અને પાણી જેવી પાયાની માળખાકીય સુવિધાઓ વધુ મજબૂત બનશે.

# “ઊંધ્યું”એ વાલોળ સુરતી પાપડી અને લીલી વાલના બીજ વગર અધરું સમજો

વાલોળ,સુરતી પાપડી અને પાપડા :

ગુજરાતીઓ નું મનગમતું “ઊંધ્યું” એ વાલોળ સુરતી પાપડી અને લીલી વાલ ના બીજ વગર અધરું સમજો. ગુજરાત સાથે ભારત અન્ય બીજા સ્ટેટ મહારાષ્ટ્ર, તેલંગાણા અને કર્ણાટક માં પણ વાલ અને વાલોળ નું ભોજન માં આકર્ષણ વિશેષ જોવા મળશે. શ્રાવણ માસ દરમિયાન મહારાષ્ટ્ર માં “વાલેચી બીરડે” નામની વાલ માંથી સ્વાદિસ્ટ વાનગી બનતી હોય છે. તેલંગાણા માં વાલોળ પાપડી ને એકદમ બારીક સમારી ને એમાંથી “ત્ને” નામની વાનગી બનાવવા માં આવે છે જે પોંગલ ના ઉત્સવ માં ખવાતી હોય છે. આ શાક તેલંગણા માં બાજરી ના રોટલા સાથે યુગો થી ખવાય છે. કર્ણાટક માં વાલ માંથી બનતી “અવારે કાલુ સારું” નામનું શાક અને “અવારે કાલુ ઉસલી” નામનું કચુંબર અને “અવારેકાલુ ઉપીટ ઉપમા” ની રેસીપી ખૂબ ફેમસ છે. કેન્યા માં કીફુયુ નામની જાતિ ના લોકો સ્તનપાન કરાવતી સ્ત્રીઓને બાળક ને બધા જ પ્રકાર ના પોષકતત્વો મળે એટલે બાફેલા વાલ ને પાક્કા કેળા માં મસળી ને ખવડાવવામાં આવે છે.આમ પણ કેન્યા ના લોકો ની મનપસંદ રેસિપી “વાલ” છે.

વાલોળ ના ફાયદાઓ :

૧ પોષક તત્વો થી ભરપૂર વાલોળનો મુખ્ય ફાયદો એ છે કે એ શરીર ની ચરબી ઓછી કરે છે અને કેલેસ્ટ્રોલ કંટ્રોલ માં રાખે છે.

૨ પ્રોટીન અને ફાયબર થી ભરપુર હોવાના લીધે વાલોળ ખાધા બાદ લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. આ કારણોસર વજન વધવાની સમસ્યા માં બ્રેક લાગે છે.

૩ વાલોળમાં ફાયબર નું પ્રમાણ વધારે હોવાથી ચયાપચય ની પ્રક્રિયા ઝડપી બને છે.

૪ પ્રોટીન,ફાઈબર,વિટામિન્સ અને ખનિજ તત્વો થી ભરપૂર વાલોળનું સેવન કરવાથી પાર્કિન્સન જેવા રોગ માં રાહત આપે છે.

૫ જેનું હીમોગ્લોબિન ૯ થી નીચે ઝડપ થી થઈ જતું હોય એવી આયર્ન ની ઊણપ વાળી એનિમિયા ના રોગ થી પીડાતી વ્યક્તિ એ વાલોળ નું સેવન નિયમિત કરવું જોઈએ,કેમ? વાલોળ માં વિટામિન બી, ફોલેટ,કેલ્શિયમ અને સેલેનિયમ ભરપૂર માત્રા મા ઉપલબ્ધ હોય છે. આ પોષક તત્વો ના કારણે શરીર માં હીમોગ્લોબિન વધવા ની પ્રક્રિયા ઝડપી બને છે.

૬ વાલોળ માં ઉપલબ્ધ મેગ્નેશિયમ અને પોટેશિયમ એ રક્ત વાહિનીઓ ને આરામ આપવામાં ઉપયોગી થાય છે. આ કારણોસર મેગ્નેશિયમ અને પોટેશિયમ થી ભરપૂર ખાદ્ય પદાર્થ વાલોળ ના લીધે હાઈ બ્લડ પ્રેશર ના દર્દીઓ ને રાહત મળે છે.

૭ વાલોળ માં ઉપલબ્ધ પોષકતત્વો એ એન્ટી ઓક્સિડન્ટ તત્વો થી ભરપૂર હોય છે એટલે એ શરીર ની રોગ પ્રતિકારક શક્તિ માં વધારો કરે છે.

વાલોળ પાપડી પાપડાં ની રેસીપી ઓ:

સુરતી વાલોળ પાપડી નું શાક :



લીલોતરી શાકભાજી
- રુપાલી દવે

પ્રથમ મસાલા વાળી ઢોકળી નો લોટ બાંધી ને વાસણ ને પાંચ મિનિટ માટે ઢાંકી દો. ૫૦૦ ગ્રામ સુરતી ને ફોલી ને સાફ કરીને પાણી થી બેત્રણ વાર ધોઈને કોરી કરો. પ્રેશર કૂકર માં હિંગ જીરૂ નો તેલ માં વઘાર કરીને એમાં કોરી કરેલ સુરતી પાપડી ઉમેરી ને એમાં બધા મસાલા સાથે સ્વાદ અનુસાર નમક નાખી ને બધું મિક્સ કરીને બે ગ્લાસ પાણી ઉમેરી ને કમ સે કમ કુકર ની ત્રણ સીટી વાગવા દયો. કુકર ઠંડુ થયા બાદ મોટા વાસણ માં સુરતી વાલોળ પાપડીનું શાક ભરીને વાસણ ને ધીમા તાપે ગેસ પર મૂકો. ઢોકળી ના લોટ નો લુવો લઈને એને એકદમ પાતળો વણી ને છરી વડે ઢોકળી ના રોટલા ના નાના નાના ટુકડા કરીને ને વાલોળ પાપડી ના શાક માં ઉમેરતા જાવ.સુરતી પાપડી નું શાક અને ઢોકળીઓ એક રસ થઈ જાય એ બાદ ગેસ બંધ કરીને કમ સે કમ દસ પંદર મિનિટ ઠરવા દયો. સુરતી વાલોળ ઢોકળી નું શાક સહેજ ઠંડુ થાય એ બાદ બાઉલ મા સુરતી વાલોળ ઢોકળી નું શાક પીરસી ને એને તેલ અથવા ઘી અને ડુંગળી ટમેટા ના સલાડ ની સાથે સર્વ કરો.

નોંધ: સુરતી વાલોળ ઢોકળી ના શાક માં ડુંગળી લસણ પણ ઉમેરી શકાય છે પરંતુ ડુંગળી લસણ ના સ્વાદ ના લીધે સુરતી વાલોળ નો મૂળ ટેસ્ટ ખોવાઈ જશે.

તાંદલજા ની ભાજી ના ફાયદા :

ચોમાસા ની ઋતુ થી લઈને ઉનાળા ની ઋતુ ની શરૂઆત માં આવતી તાંદલજા ની ભાજી ના ગેર ફાયદા ઝીરો અને ફાયદાઓ અઢળક છે. આપણે બધા તંદુરસ્ત અને ચુસ્ત રહેવા માટે જાત જાતના વિચર્યા વગરના અખતરાઓ અજમાવ્યા કરીએ છીએ પરંતુ ભાજીઓ ભાવતી નથી એટલે ખવાતી પણ નથી.

ફાયદાઓ :

તાંદલજા ની ભાજી એ એન્ટી ઓક્સિડન્ટ અને કેલ્શિયમ થી ભરપૂર હોય છે.કેલ્શિયમ ને ખામી ને લગતા રોગ સામે તાંદલજા ની ભાજી રક્ષણ કરે છે.

શરીર માટે એન્ટી હાઈપર સેન્સિટિવ, એન્ટી ઓક્સિડન્ટ, એન્ટી થ્રોમ્બેટિક, એન્ટી પ્રોલિફેરેટીવ ગુણો ભરપૂર માત્રા. હોય છે.

શરીર ના અવયવો ની અંદર ની કામગીરી ને યોગ્ય બનાવવા માં મદદ કરે છે.

તાંદલજા ની ભાજી માં કેલ્શિયમ,આયર્ન,વિટામિન સી અને વિટામિન એ જેવા તત્વો ઉપલબ્ધ હોવઠ વાળ ખરવાની સમસ્યા ને મૂળ થી ઘટાડે છે.

આયર્ન અને પાણી નું પ્રમાણ તાંદલજા ની ભાજી માં ભરપૂર માત્રા મા હોવાથી બ્લડ સર્ક્યુલેશન ની પ્રક્રિયા ઝડપી બનશે.

તાંદલજા ની ભાજીમાં ફાઈબર ની ભરપૂર માત્ર માં ઉપલબ્ધ હોવાથી ચયાપચય ની ક્રિયા ઝડપી બને છે કબજિયાત કે ગેસ બનવાની,એસિડિટી,પેટ માં દુખાવો, પેટ ની ગરમી વગેરે વગેરે સમસ્યા માં રાહત થાય છે.

ચહેરા પર ખીલ થવા, રેશીશ પડવા,લાલ બ્રાઉન ડાઘ થવા વગેરે સમસ્યામાં તાંદલજા અને સુવા ની ભાજી બેસ્ટ માનવા માં આવે છે.

તાંદલજા ની ભાજી થી મગજ માં ઠંડક રહે છે અને આંખો ને લગતી સમસ્યાઓ ચશ્મા ના નંબર વધવા, આંખો માં બળતરા વગેરે થી રાહત મળે છે.

જે લોકોને શિયાળા ઠંડી ના લીધે અને ઉનાળા માં તજા ગરમી ને લીધે પગ ની પાની માં ચીરા પડવાની સમસ્યા થતી હોય એણે તાંદલજા ની ભાજી નું સેવન કરવું જોઇએ.

તાંદલજા ની ભાજી નું શાક :

બે ઝૂડી તાંદલજા ની ભાજી ની લઈને એમાંથી પાંદડા અલગ કરો.તાંદલજા ની ભાજી ની ઝૂડી માંથી અલગ કરેલા પાંદડા ને બારીક સમારી ને તપેલી માં પાણી ભરીને પાંચેક મિનિટ ડૂબાડી રાખો.એ બાદ કાણા વાળા વાસણ દ્વારા તાંદલજા ની ભાજી માંથી પાણી એકદમ નિતારી નાખો. ગેસ ને ધીમી આંચ પર રાખી ને કડાઈ માં બે ચમચ તેલ ગરમ કરો એ બાદ ગરમ તેલમાં લસણ ની પાંચ સાત કળી ફોલી ને નાખો. લસણ બ્રાઉન કલર નું થાય એ ભેગા સમારેલી તાંદલજા ની ભાજી કડાઈ માં વઘારીને એમાં સ્વાદ અનુસાર નમક,મરચું,હળદર ઉમેરીને મોટા ચમચા થી બધો મસાલો ભાજી માં મિક્સ કરો. પાંચ મિનિટ ની અંદર તાંદલજા ની ભાજી માંથી પાણી અલગ પડતા ભાજી ગળવા લાગશે. માત્ર દસ મિનિટ માં તાંદલજા ની ભાજી નું શાક તૈયાર થઈ જાય છે. ગરમા ગરમ તાંદલજા ની ભાજી સાથે બાજરા નો રોટલો,ગોળ,લસણ ની ચટણી અને મસાલા છાસ ના સ્વાથ્ય વર્ધક મેનૂ આગળ ભલભલી દેશી વિદેશી ડિશ ઝાંખી પડી જશે એટલું નક્કી.

# બાળકોના ઉછેર પર સૈફ અલી ખાને કહ્યું 'તૈમૂર અને જેહને શીખવું છું ભગવાન એક છે'

(એજન્સી) મુંબઈ | તા.30

બોલિવૂડ એક્ટર સૈફ અલી ખાને પોતાની પત્ની કરીના કપૂર અને બંને દીકરાઓ, તૈમૂર અને જેહના ઉછેર વિશે ખુલીને વાત કરી છે. 'વી ધ વિમેન્સ ઈવેન્ટ'માં સૈફે જણાવ્યું કે તે પોતાના બાળકોને ધર્મ વિશે એક ખુલ્લો દૃષ્ટિકોણ આપવાનું પસંદ કરે છે. સૈફના મતે, તે પોતાના દીકરાઓને કહે છે કે ભગવાન એક જ છે અને તેના ઘણા અલગ-અલગ નામ છે.

તેણે એ પણ શેર કર્યું કે તે પોતે બહુ ધાર્મિક નથી, પરંતુ ઘરમાં અધ્યાત્મ વિશે હંમેશા સકારાત્મક વાતચીત થતી રહે છે. તેણે પોતાના 9 વર્ષના દીકરા તૈમૂર સાથે થયેલી એક તાજેતરની વાતચીતનો પણ ઉલ્લેખ કર્યો, જેણે તેને આશ્ચર્યચકિત કરી દીધો.



સૈફ અલી ખાને જણાવ્યું કે ધર્મને લઈને આ શીખ તેને તેની માતા શર્મિલા ટાગોર પાસેથી મળી હતી. તેણે કહ્યું કે મારી માતાએ મને શીખવ્યું હતું અને તે જ વાત હું મારા બાળકોને શીખવી રહ્યો છું. વાત ખૂબ જ સાધારણ છે કે ભગવાન એક છે અને તેના નામ અનેક છે. તમે તેને અલગ-અલગ જગ્યાએ પૂજો છો. જો તમારો ધર્મ અન્ય મનુષ્યો પ્રત્યે પ્રેમ અને માફી શીખવે છે, તો બસ આ જ સૌથી જરૂરી વાત છે. પોતાના ઉછેરનો ઉલ્લેખ કરતા સૈફે કહ્યું કે તે ખ્રિસ્તી સંસ્થાઓ વચ્ચે મોટા થયા છે. તેણે પોતાનો ઘણો સમય ચર્ચમાં વિતાવ્યો છે અને એવી શાળાઓમાં અભ્યાસ કર્યો છે જ્યાં દિવસની શરૂઆત પ્રાર્થનાથી થતી હતી.

ત્યાં બાળકો પ્રાર્થના કરતા હતા અને ત્યારબાદ અન્ય ધર્મોની પ્રાર્થનાઓ પણ થતી હતી. સૈફે જણાવ્યું કે તેના શાળાના દિવસોમાં દિવાળી અને ક્રિસમસ બંનેને એક જ રીતે સમાન ઉત્સાહ સાથે ઉજવવામાં આવતા હતા.

# સૈફના નિવેદન બાદ કરીનાનો જૂનો ઈન્ટરવ્યૂ વાઈરલ...

## દીકરાનું નામ તૈમૂર રાખવા પર બંનેના નિવેદનોની સરખામણી થવા લાગી, જાણો હકીકત



(એજન્સી) મુંબઈ | તા.30

સૈફ અલી ખાનના મોટા પુત્ર તૈમૂર અલી ખાનનું નામ ફરી ચર્ચામાં આવ્યું છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેણે કહ્યું કે તૈમૂર નામ તેને તેના પડોશમાં રહેતા એક બાળકથી પ્રેરિત થઈને સૂઝ્યું હતું. જોકે, તેના આ નિવેદન પછી સોશિયલ મીડિયા યુઝર્સે સૈફ અને કરીનાના જૂના ઈન્ટરવ્યુ સામે લાવીને બંનેના નિવેદનોની સરખામણી કરવાનું શરૂ કરી દીધું.

બરખા દત્ત સાથેની વાતચીતમાં સૈફે કહ્યું, 'હું સાચું કહું તો મને ક્યારેય સમજાયું નહીં કે નામ વિશે આટલો વિવાદ કેમ થયો. બાળપણમાં અમારા પડોશમાં પણ આ જ નામનો એક બાળક રહેતો હતો. મને તો હંમેશા લાગતું હતું કે આ નામનો અર્થ આયર્ન (લોખંડ) થાય છે. અમને આ નામ ગમ્યું, તેથી મેં અને કરીનાએ તેને પસંદ કર્યું. અમને બિલકુલ ખબર નહોતી કે કેટલાક લોકો તેને ભારત પર હુમલો કરનાર એક જૂના તુર્ક શાસકના નામ સાથે જોડશે અને તેને નકારાત્મક માનશે.

તેણે આગળ કહ્યું, 'મારું માનવું છે કે આટલી જૂની વાતોને છોડી દેવી જોઈએ. જ્યારે અમે અમારા દીકરાનું નામ રાખ્યું હતું, ત્યારે અમારા મનમાં આવો કોઈ વિચાર નહોતો. અમારો પ્રયાસ માત્ર એટલો જ છે કે તૈમૂર એક સારો માણસ બને, સાચા સંસ્કારો સાથે મોટો થાય અને પોતાના કામથી લોકોનું નામ રોશન કરે.'

સૈફના આ નિવેદન પછી સોશિયલ મીડિયા પર કરીના કપૂરના એક જૂના ઈન્ટરવ્યુની ક્લિપ વાયરલ થવા લાગી. ઘણા યુઝર્સ દાવો કરવા લાગ્યા કે નામને લઈને સૈફ અને કરીનાના નિવેદનો અલગ-અલગ છે.

જ્યારે કરીનાને ઈન્ટરવ્યુમાં પૂછવામાં આવ્યું કે તૈમૂરનું નામ કોણે રાખ્યું, ત્યારે તેણે કહ્યું હતું કે, 'દેખીતી રીતે, તે સૈફ જ હતો. તેને ઈતિહાસ ખૂબ ગમે છે... તે જે યોદ્ધાઓને પસંદ કરે છે, તેમના વિશે તે ખૂબ સારી રીતે અને વિગતવાર વાત કરે છે. તે તેમના વિશે વાંચે પણ છે અને મને લાગે છે કે તે મોંગોલ તૈમૂરનો ચાહક હતો...'

જોકે, તે જ ઈન્ટરવ્યુમાં કરીનાએ પાડોશીની વાત પણ કહી હતી. એક્ટ્રેસે કહ્યું હતું કે સૈફના પાડોશમાં તૈમૂર નામનો એક છોકરો રહેતો હતો, જેનાથી તે પ્રભાવિત હતો અને આ નામ તેના મનમાં રહી ગયું. તેણે કહ્યું કે 'તૈમૂર'નો અર્થ 'લોખંડ' થાય છે અને તેને આ નામ મજબૂત વ્યક્તિત્વનું પ્રતીક લાગ્યું. આ જ કારણોસર તેણે પોતાના પુત્ર માટે આ નામ પસંદ કર્યું.

20 ડિસેમ્બર 2016 ના રોજ સૈફ અને કરીનાના પુત્ર તૈમૂરનો જન્મ થયો હતો. નામ જાહેર થયા પછી, સોશિયલ મીડિયા પર તેને મધ્ય એશિયાઈ શાસક તૈમૂર સાથે જોડીને વિવાદ શરૂ થયો હતો. તે સમયે સૈફ અને કરીનાને ટીકાનો સામનો કરવો પડ્યો હતો.

તૈમૂર અલી ખાન હાલમાં 9 વર્ષનો છે અને મુંબઈની ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યો છે.

તૈમૂર અલી ખાન હાલમાં 9 વર્ષનો છે અને મુંબઈની ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યો છે.

વિવાદ વધતા સૈફે પુત્રનું નામ બદલીને 'ફૈઝ' રાખવાનો પણ વિચાર કર્યો હતો. આ માટે તેણે એક પ્રેસ નોટનો ડ્રાફ્ટ પણ તૈયાર કરી લીધો હતો. પરંતુ કરીનાએ નામ બદલવાની સ્પષ્ટ ના પાડી દીધી. તેનું કહેવું હતું કે લોકોના દબાણમાં આવીને નિર્ણય ન લેવો જોઈએ. પછી સૈફે પણ નામ બદલવાનો નિર્ણય છોડી દીધો.

## 'હાથ જોડું છું, અટકળો ન લગાવો, મોતને વાર્તા ન બનાવો'

# મિત્રએ ફ્લેટમાં આત્મહત્યા કરી લીધા બાદ એક્ટ્રેસ કૃષિ થાપંદાએ મૌન તોડ્યું

(એજન્સી) મુંબઈ | તા.30

થોડા સમય પહેલા જ કન્નડ એક્ટ્રેસ કૃષિ થાપંદાના ઘરે એક જાણીતા ઉદ્યોગપતિએ ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી છે. ઘટનાની જાણકારી સામે આવ્યા બાદ ઘણા લોકો આ આત્મહત્યા સાથે એક્ટ્રેસનું નામ જોડી રહ્યા છે. હવે એક્ટ્રેસે અટકળો પર મૌન તોડીને ભાવુક અપીલ કરી છે.

કૃષિએ પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પર લખ્યું છે, 'મેં ક્યારેય વિચાર્યું ન હતું કે મારે આવું કંઈક લખવું પડશે. મારી પાસે ન તો તાકાત બચી છે અને ન તો માનસિક હિંમત કે હું આ બધું લખી શકું કે દુનિયા સામે રજૂ કરી શકું. આ મુશ્કેલ સમયમાં છેલ્લી વસ્તુ જે હું કરવા માંગતી હતી, તે કોઈ સાર્વજનિક નિવેદન આપવાનું હતું.'

એક્ટ્રેસે આગળ લખ્યું, 'જ્યારે આપણે એવા દુઃખમાંથી પસાર થઈ રહ્યા છીએ, જેની કલ્પના પણ કરી શકાતી નથી, ત્યારે અમારી પાસેથી તેની સફાઈ આપવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક દિવસોએ મારું જીવન સંપૂર્ણપણે બદલી નાખ્યું છે. જે કંઈ પણ થયું છે, તેની વચ્ચે મેં મારા ખૂબ જ નજીકના વ્યક્તિને પણ ગુમાવી દીધો છે.'

કૃષિએ આગળ લખ્યું, 'તેને ગુમાવવાથી મારા જીવનમાં એવી ખાલીપો આવી ગયો છે, જેને શબ્દોમાં વર્ણવી શકાય નહીં. આ દુઃખને વધુ કઠિન એટલા માટે બનાવવામાં આવ્યું છે કારણ કે મને



બરાબર શોક મનાવવાનો સમય અને તક પણ મળી નથી. જ્યારે તેનો પરિવાર, મિત્રો અને પોતાના લોકો આ અસહ્ય દુઃખથી ઝઝૂમી રહ્યા છે, તે જ દરમિયાન સતત અટકળો લગાવવામાં આવી રહી છે, જાતજાતના અનુમાન લગાવવામાં આવી રહ્યા છે અને કોઈના મૃત્યુને વાર્તા બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.' 'સૌથી પહેલો સવાલ અવારનવાર એ જ હોય છે, 'તમારી પ્રતિક્રિયા શું છે?', જ્યારે સવાલ એ હોવો જોઈતો હતો કે 'શું તમે ઠીક છો?' અથવા 'તમે તમારી જાતને કેવી રીતે સંભાળી રહ્યા છો?' હું આ વાત કોઈ એક વ્યક્તિ કે કોઈ એક મીડિયા પ્લેટફોર્મ માટે નથી કહી રહી, પરંતુ તે બધા લોકો માટે કહી રહી છું જેઓ પૂરી સચ્ચાઈ જાણ્યા વિના અને પોતાના વર્તનનો પાછળ રહી ગયેલા લોકો પર શું અસર પડે છે.

# 'એંગ્રી યંગ વુમન બનવાનું સપનું છે': હુમાએ ખોલ્યા છત્રીમાં બંદૂક રાખતી મૂક-બધિર 'બેબી'ના રાઝ, સાકિબે બહેન પાસેથી કામ કઢાવવાની ટ્રિકનો ખુલાસો કર્યો



(એજન્સી) મુંબઈ | તા.30

'સલીમ સિબલિંગ' એટલે કે હુમા કુરેશી અને તેના ભાઈ સાકિબ સલીમ ભારતની પહેલી 'હિટ વુમન' એટલે કે બેબીની વાર્તા લઈને સિનેમાઘરોમાં આવી રહ્યા છે. આ ક્રાઈમ થ્રિલર ફિલ્મના પ્રમોશન માટે હુમા અને સાકિબ અમદાવાદના ઝાયરા ડાઈમંડ હાઉસ ખાતે પહોંચ્યા હતા. ભાઈ-બહેનના બોન્ડ અને એંગ્રી યંગ વુમનના ટેગ વિશે ખૂલીને વાત કરી.

'સલીમ સિબલિંગ' પ્રોડક્શન હાઉસની શરૂઆત 'બેબી ડુ ડાઈ ડુ'થી જ કેમ કરવાનું વિચાર્યું? આ પ્રશ્નના જવાબમાં સાકિબે કહ્યું કે, 'આ ફિલ્મની ઓરિજનલ સ્ક્રિપ્ટ હુમા પાસે આવી હતી, જે તેને ખૂબ જ ગમી હતી. તેણે તેને બીજા લોકો સાથે બનાવવાનો પ્રયત્ન કર્યો, પણ વાત આગળ વધી શકી નહીં. ત્યારબાદ મારી પાસે સ્ક્રિપ્ટ આવી, મેં વાંચી અને મને પણ પસંદ પડી. પરંતુ અમને લાગ્યું કે તેમાં કેટલાક ફેરફારની જરૂર છે, કારણ કે જ્યારે ઓરિજનલ સ્ક્રિપ્ટ આવી હતી, તેને બે વર્ષ થઈ ગયા હતા. તો બાદમાં નચિકેત સાવંત (ડિરેક્ટર)ની એન્ટ્રી થઈ. પછી અમે હુમાને કહ્યું કે, હવે તમે ચીલ કરો, અમે છ મહિનામાં આ સ્ક્રિપ્ટ લઈને તમારી પાસે પાછા આવીએ છીએ.'

હુમાએ વાતને આગળ વધારતા કહ્યું કે, 'અમે બધાએ સ્ક્રિપ્ટ વાંચી, પછી અમે લેખક ગૌરવ શર્માને આ ફિલ્મમાં લાવ્યા. આ લાંબી પ્રક્રિયા હતી, પણ બધાએ મળીને જે એક સ્ટોરી ક્રેક કરી, એ કમાલ છે. એક બોલી અને સાંભળી ન શકતી યુવતી, જે હિટ વુમન છે, જેની લાલ છત્રીમાં બંદુક છે, તે બે જિંદગી જીવે છે. પણ આ બધું શા માટે છે? તે વાર્તા તમને જકડીને રાખશે. અમને આ ફિલ્મ બનાવવામાં ખૂબ મજા આવી છે.'

'બેબી ડુ ડાઈ ડુ'માં હુમાને હિટ વુમનનું ટેગ આપવામાં આવ્યું છે. ત્યારે ઈન્ડસ્ટ્રીની એંગ્રી યંગ વુમન ટેગ વિશે વાત કરતા હુમાએ કહ્યું, 'આપણે ત્યાં એંગ્રી યંગ મેન ઘણા વર્ષોથી છે, સલીમ-જાવેદ સાહેબે તે પાત્રને ખૂબ જીવંત બનાવી દીધું છે. મારું તો સપનું છે કે, હું એંગ્રી યંગ વુમનને રિપ્રેઝેન્ટ કરું અને આ ફિલ્મની એંગ્રી યંગ વુમન બનું.'

# જયપુરમાં મહિલા બાઈકર્સે 'આલ્ફા' ગર્લ્સનું સ્વાગત કર્યું

## આલિયા અને શર્વરીને જોવા ચાહકોની ભીડ જામી, બંને એક્ટ્રેસિસે ફિલ્મનો રોમાંચક અનુભવ શેર કર્યો




(એજન્સી) મુંબઈ | તા.30

યશરાજ બેનરની બહુપ્રતિક્ષિત સ્પાય યુનિવર્સ ફિલ્મ 'આલ્ફા'ના પ્રમોશન માટે બોલિવૂડ એક્ટ્રેસ આલિયા ભટ્ટ અને શર્વરી સોમવારે જયપુર પહોંચ્યાં.

જવાહર સર્કલથી મોટી સંખ્યામાં મહિલા બાઈકર્સે બંનેનું સ્વાગત કર્યું. બાઈક રાઈડ સાથે તેમનો કાફલો મિરાજ સિનેમા સુધી પહોંચ્યો. મિરાજ સિનેમા પહોંચ્યા પછી આલિયા અને શર્વરીએ મહિલા બાઈકર્સ સાથે સેલ્ફી લીધી.

આટલી મોટી સંખ્યામાં મહિલા બાઈકર્સને એકસાથે જોઈને આલિયા ખૂબ જ ઉત્સાહિત દેખાઈ. કાર્યક્રમ દરમિયાન ફિલ્મ 'આલ્ફા'નું નામ બાઈકર્સ સાથે મળીને બનાવવાની યોજના હતી, પરંતુ દર્શકોની ભીડને કારણે સુરક્ષા વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને બંને એક્ટ્રેસિસને સીધી થિયેટરની અંદર આયોજિત મીટ એન્ડ ગ્રીટ કાર્યક્રમમાં લઈ જવામાં આવી.

વાતચીત દરમિયાન આલિયા ભટ્ટે હળવાશથી શર્વરીને કહ્યું કે, 'જયપુર આવીને તારા ગાલ પણ ગુલાબી થઈ ગયા છે.' આ સાંભળીને શર્વરી હસી પડી અને શરમાઈને હા પાડી દીધી.

બંને વચ્ચેની આ સુંદર વાતચીત દર્શકોને ખૂબ ગમી અને આખો હોલ તાળીઓથી ગુંજી ઉઠ્યો. જવાહર સર્કલ પર આલિયા અને શર્વરીને જોવા માટે મોટી સંખ્યામાં લોકો પહોંચી ગયા. અચાનક વધેલી ભીડને કારણે થોડા સમય માટે સુરક્ષાકર્મીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો.

થિયેટરની અંદર ફિલ્મના ટીઝર અને ટ્રેલરની રજૂઆત દરમિયાન દર્શકો સતત વ્હિસલ વગાડતા રહ્યા. અવાજ એટલો બધો હતો કે ડાયલોગ સ્પષ્ટ સંભળાતા ન હતા. આના પર આલિયા ભટ્ટે નારાજગી વ્યક્ત કરતા ઈવેન્ટ ટીમને પ્રશ્ન કર્યો કે દર્શકોને વ્હિસલ શા માટે વહેંચવામાં આવી. મંચ સંચાલકને પણ વારંવાર દર્શકોને વ્હિસલ બંધ કરવાની અપીલ કરવી પડી, જેના પછી વાતાવરણ સામાન્ય થયું. આલિયા ભટ્ટે કહ્યું કે, ''આલ્ફા' 3 જુલાઈએ રિલીઝ થઈ રહી છે અને અમે અમારા પ્રમોશન સિટી ટૂરની શરૂઆત જયપુરથી કરી છે. આ અમારા માટે ખૂબ જ ખાસ છે. પિંક સિટી ખરેખર હેપ્પી સિટી છે. અહીંની સકારાત્મક ઊર્જા અમને આગળ વધવા માટે પ્રેરિત કરી રહી છે.'

# 'ચૌહાણ'ના હીટ ટીઝર બાદ વિવાદ શરૂ'

## પઠાણ સે કહે દો, ચૌહાણ આ ગયા' ડાયલોગ પર વાંધો; ક્ષત્રિય પરિષદે કહ્યું- ઈતિહાસને સાંપ્રદાયિક દૃષ્ટિકોણથી ન બતાવો

(એજન્સી) મુંબઈ | તા.30 અજય દેવગનની ફિલ્મ 'ચૌહાણ'નું ટીઝર વિવાદમાં આવ્યું. ક્ષત્રિય પરિષદ નામના સંગઠને કહ્યું કે ઐતિહાસિક વારસાને સાંપ્રદાયિક ધ્રુવીકરણનું માધ્યમ બનાવવું ન જોઈએ. સંગઠને ફિલ્મ નિર્માતાઓને રાજપૂત નામનો ઉપયોગ જાતિગત અને સાંપ્રદાયિક ભાવનાઓ ભડકાવવા માટે ન કરવા અપીલ કરી.25 જૂને ફિલ્મનું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું હતું. તેમાં અજય દેવગનના અવાજમાં એક ડાયલોગ છે, 'પઠાણ સે કહે દો, ચૌહાણ આ ગયા.


*Statement by Kshatriya Parishad*

Kshatriya Parishad strongly condemns the recent attempt by Neeraj Yadav and actor Ajay Devgn to appropriate the Chauhan clan name for contemporary communal politics. The Chauhans are a historic Rajput (Kshatriya) lineage whose legacy belongs to history, not to partisan campaigns or manufactured media controversies.

### ઈતિહાસના ઉદાહરણો પણ આપ્યા

સંગઠને કહ્યું કે ભારતીય ઈતિહાસને સાંપ્રદાયિક દૃષ્ટિકોણથી જોઈ શકાય નહીં. નિવેદનમાં કહેવામાં આવ્યું કે અનેક પ્રસંગોએ રાજપૂત અને પઠાણ એકબીજા સાથે મળીને લડ્યા. આમાં ખાનવાના યુદ્ધમાં મહારાણા સાંગાના નેતૃત્વમાં મહમૂદ લોદી, હલ્દીઘાટીમાં મહારાણા પ્રતાપની સેનામાં હકીમ ખાન સૂર, ફરીદ ખાન (પછીથી શેરશાહ સૂરી)નું રાજા રાયસલ શેખાવત સાથે જોડાણ અને પ્રથમ પાણીપતના યુદ્ધમાં મહારાજા વિક્રમાદિત્ય તોમરનું લોદી સેના સાથે લડવું સામેલ છે. સંગઠને કહ્યું કે આ ઘટનાઓ દર્શાવે છે કે મધ્યકાલીન રાજકીય ગઠબંધન શાસન, નિષ્ઠા અને સૈન્ય વ્યૂહરચના પર આધારિત હતા, ન કે આજે લાદવામાં આવી રહેલા સાંપ્રદાયિક દૃષ્ટિકોણ પર.

ફિલ્મના ટીઝરની સોશિયલ મીડિયા પર પ્રશંસા અને ટીકા, બંને થઈ. અભિનેત્રી સ્વરા ભાસ્કરે કાશ્મીરમાં પેલેટ ગનના સૌથી નાના પીડિત સાથે સંબંધિત એક સમાચાર શેર કરતા લખ્યું કે પેલેટ ગન ઓછું નુકસાન નથી પહોંચાડતી, પરંતુ તે ગંભીર માનવાધિકાર ઉલ્લંઘન છે. તેમણે એમ પણ કહ્યું કે મુખ્ય પ્રવાહના કાશ્મીરી પઠાણ નથી અને પોસ્ટ સાથે 'વિવેક અગ્નિહોત્રી-ફિકેશન ઓફ બોલિવૂડ' લખ્યું. સોશિયલ મીડિયા પર કેટલાક લોકોએ તેને ધાર્મિક વિભાજન વધારવાનો પ્રયાસ ગણાવ્યો. ફિલ્મને કાશ્મીર સંઘર્ષના ચિત્રણ અને પેલેટ ગનથી ઓછું નુકસાન થાય છે તે દર્શાવવા બદલ પણ ટીકા મળી.




# ઓસ્કર વિજેતા કોસ્ટા ગાવરાએ રાજામૌલીની બે ફિલ્મો જોઇને માસ્ટરક્લાસ એટેન્ડ કર્યો

ચેન્નાઈ : પારિસની જગવિખ્યાત ફિલ્મ સંસ્થા સિનેમાથેક ફ્રાન્કાઇઝમાં ભારતના ફિલ્મ નિર્દેશક એસ.એસ.રાજામૌલીને કાયમી સ્થાન આપવામાં આવ્યું છે. આ પ્રસંગે રાજામૌલીની ત્રણ ફિલ્મો આરઆરઆર, એગા અને બાહુબલિ: ધ બિગીનિંગ દર્શાવવામાં આવી હતી. આ પ્રસંગે યોજવામાં આવેલાં રાજામૌલીના માસ્ટર ક્લાસમાં દંતકથારૂપ ફિલ્મ સર્જક કોસ્ટા ગાવરાસ પણ ઉપસ્થિત રહ્યા હતા. કોસ્ટા ગાવરાસે આ ઉંમરે પણ આઠ કલાક સુધી રાજામૌલીની બે ફિલ્મ જોઇ હતી અને તેમનો માસ્ટરક્લાસ પણ એટેન્ડ કર્યો હતો.

આ પ્રસંગે રાજામૌલીએ સોશ્યલ મિડિયા પર જણાવ્યું હતું કે પારિસમાં મારી ફિલ્મો દર્શાવવામાં આવી તે મારા માટે એક સન્માન છે. વિખ્યાત હેન્રી લેંગ્વા દ્વારા સ્થાપવામાં આવેલી દુનિયાની સૌથી આદરપૂર્ણ ફિલ્મ સંસ્થાના હોલમાં મને કાયમી સ્થાન આપવામાં આવ્યું છે તે કદી વિસરી ન શકાય તેવું બહુમાન છે. આ પ્રસંગે રાજામૌલીએ કોસ્ટા ગાવરા અને સિનેમાથેક ફ્રેન્કાઇઝ પરિવારનો ભારતીય સિનેમાને હુંફાળો આવકાર આપવા બદલ આભાર માન્યો હતો. ઝેડ નામની ક્લાસિક ફિલ્મ જેમના નામે બોલે છે તે ઓસ્કરવિજેતા ફિલ્મ સર્જક કોસ્ટા ગાવરા માત્ર આરઆરઆર જ જોવાના હતા.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

### ફિફા વર્લ્ડ કપમાં વિવાદ

# કેપ વર્ડેના કેપ્ટન રયાન મેન્ડિસ સામે દુષ્કર્મનો ગંભીર આરોપ




(એજન્સી) નવી દિલ્હી । તા. 30

ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬માં શાનદાર પ્રદર્શન કરી રહેલી કેપ વર્ડેની ટીમ એક મોટા વિવાદમાં ફસાઈ ગઈ છે. ટુર્નામેન્ટના નોકઆઉટ રાઉન્ડમાં પહોંચેલી આ ટીમ માટે અત્યારે સૌથી મોટો આઘાત તેમના કેપ્ટન રયાન મેન્ડિસ પર લાગેલો દુષ્કર્મનો ગંભીર આરોપ છે. બ્રાઝિલની એક ટ્રાન્સલેટર મહિલાએ કરેલા આ દાવા બાદ ફૂટબોલ જગતમાં સનસનાટી મચી ગઈ છે.

પ્રતિષ્ઠિત મીડિયા અહેવાલો અનુસાર, આ ઘટના માર્ચ ૨૦૨૬ની છે, જ્યારે કેપ વર્ડેની ટીમ ફિફા સિરીઝ માટે ન્યૂઝીલેન્ડના પ્રવાસે હતી. પીડિત મહિલાએ આરોપ લગાવ્યો છે કે ઓકલેન્ડની એક હોટલમાં કેપ્ટન રયાન મેન્ડિસ જબરદસ્તીથી તેના રૂમમાં પ્રવેશ્યા હતા અને તેનું જાતીય શોષણ કર્યું હતું. મહિલાએ ઘટના બાદ તરત જ ન્યૂઝીલેન્ડ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી અને મેડિકલ તપાસ પણ કરાવી હતી. મેડિકલ રિપોર્ટમાં મહિલાના શરીર પર ઈજાના નિશાન હોવાનું પણ બહાર આવ્યું છે. મહિલાનો એવો પણ દાવો છે કે તેણે આ બાબતે ટીમ સાથે જોડાયેલા અધિકારીઓને જાણ કરી હતી, પરંતુ તેમને ત્યાંથી કોઈ સંતોષકારક પ્રતિસાદ મળ્યો ન હતો.

આ ગંભીર મામલાને લઈને ફિફાએ પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. ફિફાના પ્રવક્તાએ જણાવ્યું છે કે, તેઓ કોઈપણ પ્રકારના ગેરવર્તણૂકના આરોપોને અત્યંત ગંભીરતાથી લે છે અને હાલમાં ન્યૂઝીલેન્ડના સંબંધિત સત્તાધિકારીઓના સંપર્કમાં છે. તપાસ હજુ ચાલુ હોવાથી ફિફાએ વધુ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો છે. બીજી તરફ, ન્યૂઝીલેન્ડ પોલીસ હાલમાં આ મામલાની તપાસ કરી રહી છે. નોંધનીય છે કે, હજુ સુધી મેન્ડિસ સામે કોઈ સત્તાવાર ગુનાહિત આરોપ નક્કી કરવામાં આવ્યો નથી.

### અમેરિકન ગેમ્બિટ્સમાં નિહાલ સરીન જોડાયા

# ચેસ લીગ ટીમમાં નિહાલ સરીનનો દમદાર પ્રવેશ



(એજન્સી) અમદાવાદ । તા. 30

વૈશ્વિક ચેસ જગતમાં ભારતનું નામ રોશન કરી રહેલા બે દિગ્ગજ ખેલાડીઓ નિહાલ સરીન અને દિવ્યા દેશમુખ હવે નવી ટીમ સાથે પોતાની આગવી ઓળખ બનાવવા તૈયાર છે. ચેસની દુનિયામાં ચાલી રહેલી હાઈ-પ્રોફાઈલ લીગ માટેની ટીમ પસંદગીમાં આ બંને ખેલાડીઓ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

બુલેટ ચેસ ચેમ્પિયનશિપ જીત્યા બાદ અને જીસીએલ સીઝન-૨માં 'મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર' તરીકેનો ખિતાબ મેળવ્યા પછી, નિહાલ સરીનની લોકપ્રિયતા આસમાને છે. આ જ કારણ છે કે ટીમ ડ્રાફ્ટમાં તેમની ભારે માંગ જોવા મળી હતી. ફાયર્સ અમેરિકન ગેમ્બિટ્સ ટીમે નિહાલ સરીનને પોતાની ટીમમાં સામેલ કરીને પોતાની મજબૂતીમાં અનેકગણો વધારો કર્યો છે. ઉલ્લેખનીય છે કે, આ ટીમે અગાઉ ૨૦૨૬ કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટના વિજેતા જવોખીર સિંદારોવને પણ સાઈન કર્યા હતા. નિહાલનું આ ટીમમાં જોડાવું ચેસ પ્રેમીઓ માટે મોટી ખુશખબર છે. પ્રતિભાશાળી મહિલા ચેસ ખેલાડી દિવ્યા દેશમુખ પણ હવે મેગ્નસ કાર્લસનની ટીમ સાથે જોડાઈ ગઈ છે. વિશ્વના સર્વશ્રેષ્ઠ ખેલાડી ગણાતા મેગ્નસ કાર્લસન સાથે એક જ ટીમમાં રમવું એ દિવ્યા માટે પોતાની રમતને વધુ નિખારવાની એક મોટી તક છે. નિહાલ અને દિવ્યા જેવા યુવા પ્રતિભાઓનું આંતરરાષ્ટ્રીય સ્તરે આ રીતે વિવિધ ટીમોમાં સ્થાન પામવું તે ભારતીય ચેસના ઉજ્જવળ ભવિષ્યનું સૂચક છે. નિહાલ સરીન અને દિવ્યા દેશમુખની આ નવી શરૂઆત ભારતીય ચેસ ક્ષેત્રમાં ઉત્સાહનું વાતાવરણ લાવી છે. નિષ્ણાતો માને છે કે અમેરિકન ગેમ્બિટ્સ જેવી ટીમમાં નિહાલનું હોવું ટીમને ચેમ્પિયન બનાવવા માટે દાવેદાર બનાવે છે.

### ભારતનો ઐતિહાસિક વિજય: કેપ્ટન જેરોમ વિનીતના નેતૃત્વમાં ભારતીય વોલીબોલ ટીમનો શાનદાર દેખાવ

# AVC કપમાં પ્રથમવાર બ્રોન્ઝ મેડલ જીતી રચ્યો ઈતિહાસ

(એજન્સી) અમદાવાદ । તા. 30

અમદાવાદમાં આયોજિત એ.વી.સી. મેન્સ વોલીબોલ કપ ૨૦૨૬માં ભારતીય ટીમે ઈતિહાસ રચી દીધો છે. આંતરરાષ્ટ્રીય સ્તરની આ સ્પર્ધામાં ભારતે પ્રથમવાર પોડિયમ ફિનિશ (મેડલ) મેળવીને બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો છે. કાંસ્ય પદક માટેની આ નિર્ણાયક મેચમાં ભારતીય ટીમે શિસ્તબદ્ધ અને આક્રમક રમતનું પ્રદર્શન કરી પ્રતિસ્પર્ધી ટીમને ૨૫-૨૩, ૨૩-૨૫, ૨૫-૨૧ અને ૨૫-૧૭ થી પરાજય આપ્યો હતો.




#### કેપ્ટન જેરોમ વિનીતનું શાનદાર પ્રદર્શન

ભારતીય ટીમના કેપ્ટન અને ઓપોઝિટ સ્પાઈકર સી. જેરોમ વિનીત આ જીતના મુખ્ય સૂત્રધાર રહ્યા હતા. સેમીફાઈનલની નિરાશા બાદ ટીમમાં પાછા ફરવું અને મેડલ જીતવો એ ખેલાડીઓ માટે માનસિક રીતે ખૂબ જ પડકારજનક હતું. જેરોમ વિનીતે મેચમાં સર્વાધિક ૨૪ પોઈન્ટ્સ મેળવીને ટીમને વિજય અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન જેરોમે સાત મેચ રમીને કુલ ૯૯ પોઈન્ટ્સ હાંસલ કર્યા છે. જેરોમના મતે, આ મેડલ માત્ર એક જીત નથી, પરંતુ ભારતીય વોલીબોલની ઈકોસિસ્ટમમાં રહેલી ખામીઓને દૂર કરવા અને તેને વધુ બહેતર બનાવવા માટેનો એક સમયસરનો સંદેશ છે.સેમીફાઈનલમાં મળેલી હાર બાદ ખેલાડીઓ માટે માનસિક રીતે તૈયાર થવું સરળ નહોતું. જેરોમ વિનીતે જણાવ્યું હતું કે, મેચ દરમિયાન ઓછી ઊંઘ અને મર્યાદિત રિકવરી છતાં ખેલાડીઓમાં એક જ ભાવના હતી - 'હાર ન માનવી'. ઘરઆંગણે રમાઈ રહેલી આ સ્પર્ધામાં ભારતીય પ્રેક્ષકોનો સાથ પણ ટીમને ખૂબ કામ આવ્યો. આ વિજય એ ખેલાડીઓની મહેનત અને ટીમ વર્કનું પરિણામ છે, જે હવે ભારતીય વોલીબોલ માટે નવા દ્વાર ખોલી શકે છે.

#### ભવિષ્યની તૈયારીઓ: એશિયન ગેમ્સ પર નજર

આ બ્રોન્ઝ મેડલ ભારતીય ટીમ માટે આગામી સમયમાં યોજાનારી 'આઈચી-નાગોયા એશિયન ગેમ્સ' માટે આત્મવિશ્વાસ વધારનારી ઘટના બની રહેશે. ભારતીય ટીમમાં રહેલી સંભવિત ક્ષમતાને આ મેડલે ફરી એકવાર વિશ્વ સામે સાબિત કરી છે. નિષ્ણાતોના મતે, જો ભારતીય વોલીબોલ માળખામાં યોગ્ય સુધારા કરવામાં આવે અને ખેલાડીઓને વધુ સુવિધાઓ મળે, તો ભારત આવનારા સમયમાં એશિયાની ટોચની ટીમોમાં સ્થાન મેળવી શકે છે.

#### રમત જગતમાં નવો ઉત્સાહ

આ ઐતિહાસિક જીત બાદ દેશભરના રમતપ્રેમીઓમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) દ્વારા પણ ટીમના આ પ્રદર્શનને આવકારવામાં આવ્યું છે. આ સફળતા ભારતીય વોલીબોલ માટે એક વળાંક સાબિત થઈ શકે છે.

# એશિયન ગેમ્સ મહિલા ક્રિકેટ ટીમમાં મોટો ફેરફાર, ભારતીય મહિલા ક્રિકેટ ટીમ સજ્જ



(એજન્સી) નવી દિલ્હી । તા. 30

સપ્ટેમ્બર મહિનામાં આઈચી-નાગોયા, જાપાન ખાતે યોજાનારી એશિયન ગેમ્સ માટે ભારતીય મહિલા ક્રિકેટ ટીમની જાહેરાત કરવામાં આવી છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે ઉતરી રહેલી ભારતીય ટીમમાં એક મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે, જેમાં વિકેટકીપર-બેટર યસ્તિકા ભાટિયાના સ્થાને ૧૭ વર્ષીય યુવા પ્રતિભા જી. કમલિનીને ટીમમાં સામેલ કરવામાં આવી છે.

#### ટીમમાં બદલાવ અને નવી આશા

મહિલા ટી-૨૦ વિશ્વકપમાં ગ્રુપ સ્ટેજમાંથી બહાર થયા બાદ, ભારતીય ટીમ માટે આ એશિયન ગેમ્સ પોતાની ખોવાયેલી પ્રતિષ્ઠા પાછી મેળવવાની મોટી તક છે. ટીમમાં મોટાભાગના ખેલાડીઓ યથાવત રાખવામાં આવ્યા છે. જી. કમલિનીએ તાજેતરમાં ડબલ્યુપીએલ (WPL) માં મુંબઈ ઈન્ડિયન્સ માટે અદભૂત પ્રદર્શન કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. કમલિની અત્યાર સુધી એક ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી ચૂકી છે, જ્યારે યસ્તિકા ભાટિયા વર્લ્ડ કપની ત્રણ મેચોમાં માત્ર ૪૧ રન બનાવી શકી હતી, ત્યારબાદ આ ફેરફાર કરવામાં આવ્યો છે.

ટીમમાં અન્ય એક મહત્વપૂર્ણ સમાચાર શ્રેયંકા પાટિલની વાપસીના છે. પગની ઘૂંટીની ઈજાને કારણે વિશ્વકપ અધવચ્ચે છોડનાર આ ઓફસ્પિન ઓલરાઉન્ડરને ફિટનેસ ક્લિયરન્સને આધીન ટીમમાં સામેલ કરવામાં આવી છે. બીજી તરફ, વિશ્વકપમાં શ્રેયંકાની જગ્યા લેનાર લેગ-સ્પિનર પ્રેમા રાવતને એશિયન ગેમ્સ માટે ટીમમાં સ્થાન મળ્યું નથી. ભારત માટે આ ટૂર્નામેન્ટ ખૂબ જ મહત્વની છે કારણ કે ૨૦૨૩માં જીતેલો ગોલ્ડ મેડલ જાળવી રાખવો એ મુખ્ય લક્ષ્ય છે. એશિયન ગેમ્સમાં ભારત ઉપરાંત બાંગ્લાદેશ, પાકિસ્તાન, શ્રીલંકા, જાપાન, થાઈલેન્ડ, મલેશિયા અને ચીન જેવી ટીમો ગોલ્ડ મેડલ માટે ટક્કર આપશે. ભારતીય ટીમનું મુખ્ય ધ્યાન પોતાની ભૂલો સુધારીને મેદાન પર ઉતરવા પર રહેશે. યુવા અને અનુભવી ખેલાડીઓના મિશ્રણ સાથે ઉતરી રહેલી ભારતીય ટીમ ફરી એકવાર સુવર્ણ સફળતા મેળવવા માટે મક્કમ છે. હવે જોવાનું એ રહેશે કે ૧૭ વર્ષની કમલિની અને અન્ય ખેલાડીઓ એશિયન ગેમ્સમાં ભારત માટે કેવું પ્રદર્શન કરે છે.

# સ્ટાર ઓલરાઉન્ડર બેન સ્ટોક્સની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ

### માનસિક અને શારીરિક થાકને કારણે લીધો ભાવુક નિર્ણય



(એજન્સી) લંડન । તા. 30

ઈંગ્લેન્ડના સ્ટાર ઓલરાઉન્ડર બેન સ્ટોક્સે ૨૮ જૂને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સન્યાસ લેવાની જાહેરાત કરીને સમગ્ર રમતજગતને ચોંકાવી દીધું છે. ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી ટ્રેન્ટ બ્રિજ ટેસ્ટ દરમિયાન સ્ટોક્સે આ આશ્ચર્યજનક નિર્ણય જાહેર કર્યો હતો. ૩૫ વર્ષીય સ્ટોક્સે જણાવ્યું છે કે, આ તેમનો સંપૂર્ણપણે વ્યક્તિગત નિર્ણય છે અને કોઈ પણ બાહ્ય દબાણ હેઠળ લેવામાં આવ્યો નથી.

સ્ટોક્સે પોતાની નિવૃત્તિ અંગેની અટકળોને ફગાવી દેતા સ્પષ્ટ કર્યું કે, લંડનની એક નાઈટક્લબના વિવાદ કે શિસ્તભંગની તપાસ તેમના સન્યાસનું કારણ નથી. તેમણે જણાવ્યું કે, ઓસ્ટ્રેલિયામાં રમાયેલી એશેઝ સિરીઝથી જ તેઓ માનસિક અને શારીરિક થાક અનુભવી રહ્યા હતા. 'સ્કાય સ્પોર્ટ્સ' સાથેની વાતચીતમાં તેમણે સ્વીકાર્યું કે, લોર્ડ્સ ટેસ્ટ દરમિયાન તેમને પોતાની કારકિર્દીને લઈને ફરીથી નકારાત્મક લાગણીઓ અનુભવાઈ હતી, જે તેમને એશેઝ પ્રવાસ દરમિયાન થઈ હતી.

બેન સ્ટોક્સે લોર્ડ્સ ટેસ્ટના મુશ્કેલ અઠવાડિયાને યાદ કરતા જણાવ્યું હતું કે, ડ્રેસિંગ રૂમમાં જો રૂટ સાથેની વાતચીત દરમિયાન તેમને અહેસાસ થયો કે તેઓ માનસિક રીતે સંપૂર્ણપણે તૂટી ગયા છે. તેમણે કહ્યું, "છેલ્લા કેટલાક મહિનાઓથી મેં ટીમ માટે પોતાનું સર્વસ્વ આપી દીધું હતું, પરંતુ હવે એવી સ્થિતિ આવી ગઈ હતી કે ક્રિકેટનો આનંદ પણ ઓછો થવા લાગ્યો હતો." જો કે તેમણે સ્વીકાર્યું કે નાઈટક્લબના વિવાદે તેમના પર માનસિક દબાણ ચોક્કસપણે વધાર્યું હતું, પરંતુ તે નિર્ણયનું મુખ્ય કારણ નહોતું.

શિસ્તભંગના મામલે ક્લીન ચીટ મળ્યા બાદ જ્યારે સ્ટોક્સ પોતાની કાઉન્ટી ટીમ ડરહમ માટે રમ્યા, ત્યારે તેમને થોડા સમય માટે ક્રિકેટ પ્રત્યે ફરીથી ઉત્સાહ અનુભવાયો હતો. પરંતુ ટ્રેન્ટ બ્રિજ ટેસ્ટમાં પરત ફર્યા બાદ, તે જ જૂની થકવી નાખનારી લાગણીઓએ ફરી તેમને ઘેરી લીધા હતા.

### ભોપાલ બંગલામાં કર્મચારી સાથે મારપીટ

# IPL ક્રિકેટર વિવાદમાં શશાંક સિંહ ફસાયો, શશાંક સિંહ વિરુદ્ધ નોંધાયો કેસ

(એજન્સી) ભોપાલ । તા. 30

મધ્યપ્રદેશના ભોપાલમાં આઈપીએલના જાણીતા ક્રિકેટર શશાંક સિંહ અને તેમના પિતા, જેઓ નિવૃત્ત સ્પેશિયલ ડીજી છે, તેમના વિરુદ્ધ એક ગંભીર કેસ નોંધાતા ખળભળાટ મચી ગયો છે. પોતાના જ બંગલામાં કામ કરતા એક કર્મચારી સાથે અમાનવીય વર્તન, ગેરવર્તણૂક અને મારપીટ કરવાના આરોપમાં પોલીસે ૨૪ કલાકની અંદર એફઆઈઆર નોંધીને તપાસનો દોર તેજ કર્યો છે.

#### નોકરીની લાલચ અને શોષણ

પીડિત કર્મચારીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેને કાયમી નોકરીની લાલચ આપીને બંગલામાં બોલાવવામાં આવ્યો હતો. પરંતુ અંદર પ્રવેશતા જ તેની સાથે ગુલામો જેવું વર્તન શરૂ થયું હતું. પીડિતના જણાવ્યા અનુસાર, તેને દિવસભર ઊભો રાખીને કામ કરાવવામાં આવતું, તેનો મોબાઈલ ફોન પણ ત્રણ દિવસ સુધી છીનવી લેવામાં આવ્યો હતો અને કામમાં નાની ભૂલ થતાં તેને અપશબ્દો કહીને માર મારવામાં આવતો હતો.

શશાંક સિંહ, તેમના નિવૃત્ત પિતા શૈલેષ સિંહ અને તેમના ડ્રાઈવરે મળીને તેની સાથે ક્રૂર મારપીટ કરી હતી. એટલું જ નહીં, આરોપી ક્રિકેટરની બહેને તેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. સૌથી આઘાતજનક વાત એ છે કે આરોપીઓએ પોતાની સત્તાનો દુરુપયોગ કરતા રૌફ જમાવ્યો હતો. પીડિતના દાવા મુજબ, આરોપીઓએ ધમકાવતા કહ્યું હતું કે, "અમારી સામે પૂર્વ મુખ્યમંત્રી પણ નમતા હતા અને અહીંના એસપી સ્તરના અધિકારીઓ તો અમારા ઘરે ઝાડુ-પોતું કરવા આવે છે." આ હાઈ-પ્રોફાઈલ મામલો સામે આવતા જ ભોપાલ પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે. શશાંક સિંહ કે તેમના પિતા તરફથી અત્યાર સુધી આ મામલે કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી. પોલીસ હાલમાં ઘટનાસ્થળના પુરાવાઓ એકત્રિત કરી રહી છે અને પીડિતના નિવેદનના આધારે કાયદેસરની કાર્યવાહી આગળ વધારી રહી છે.




### ટીમ માટે વિદેશી કોચની નિમણૂક

# પાકિસ્તાન હોકી ટીમમાં હવે વિદેશી કોચની એન્ટ્રી

(એજન્સી) લાહોર । તા. 30

આંતરરાષ્ટ્રીય હોકીમાં એક સમયે વર્ચસ્વ ધરાવતી પાકિસ્તાન હોકી ટીમ હાલમાં પોતાના અત્યંત ખરાબ ફોર્મમાંથી પસાર થઈ રહી છે. તાજેતરમાં સંપન્ન થયેલી એફઆઈએચ (FIH) પ્રો લીગમાં પાકિસ્તાની ટીમનું પ્રદર્શન અત્યંત નિરાશાજનક રહ્યું હતું, જેના પગલે પાકિસ્તાન હોકી ફેડરેશન (PHF) એ ટીમનું માળખું સંપૂર્ણપણે બદલવાનો મોટો નિર્ણય લીધો છે. હવે ટીમમાં વિદેશી કોચ અને સપોર્ટ સ્ટાફની નિમણૂક કરવામાં આવશે.

પ્રો લીગમાં પાકિસ્તાનની સ્થિતિ કેટલી ગંભીર હતી તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે નવ ટીમોની આ લીગમાં પાકિસ્તાન એક પણ મેચ જીત્યા વગર સૌથી નીચેના ક્રમે રહ્યું હતું. ખાસ કરીને લંડનમાં રમાયેલી મેચોમાં ભારત સામે પાકિસ્તાનને ૩-૪ અને ૧-૭ થી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો, જે પાકિસ્તાની હોકી માટે ખૂબ જ શરમજનક બાબત હતી.

પાકિસ્તાન હોકી ફેડરેશનના વચગાળાના પ્રમુખ મુહીયુદ્દીન વાનીના જણાવ્યા અનુસાર, ફેડરેશન ઓસ્ટ્રેલિયા, નેધરલેન્ડ અથવા જર્મનીમાંથી અનુભવી કોચ અને ટ્રેનર્સની ભરતી કરવાનું આયોજન કરી રહ્યું છે. આ વિદેશી નિષ્ણાતો માત્ર સિનિયર ટીમ જ નહીં, પરંતુ જુનિયર ખેલાડીઓ અને સ્થાનિક સ્તરે પણ કામ કરશે, જેથી પાકિસ્તાની હોકીનો પાયો ફરીથી મજબૂત થઈ શકે. ફેડરેશને એક સત્તાવાર નિવેદનમાં સ્વીકાર્યું છે કે પાકિસ્તાનની સમૃદ્ધ હોકી વિરાસતને ધ્યાનમાં રાખતા હવે આધુનિક અભિગમ અપનાવવો અત્યંત અનિવાર્ય બની ગયો છે.

પાકિસ્તાન હોકી ટીમની આ કંગાળ સ્થિતિ માટે જૂની પદ્ધતિઓ અને યોગ્ય તાલીમનો અભાવ જવાબદાર માનવામાં આવે છે. વિદેશી કોચની નિમણૂક પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ખેલાડીઓને આધુનિક ટેકનિક અને રણનીતિથી વાકેફ કરવાનો છે. આટલી નિષ્ફળતા બાદ પાકિસ્તાન હોકી ફેડરેશન હવે કોઈપણ પ્રકારની ભૂલ કરવાના મૂડમાં નથી. શું વિદેશી કોચની નિમણૂક પાકિસ્તાની હોકીને તેના સુવર્ણ કાળમાં પાછા લાવી શકશે? તે જોવું આગામી સમયમાં રસપ્રદ રહેશે. હાલ તો હોકી ચાહકો માટે આ

### ખેલદિલી // બ્રાઝિલ સામેના પરાજય બાદ મેદાન પર ભાવુક દ્રશ્યો, કોચ અને ખેલાડીઓએ પ્રશંસકો સમક્ષ નમીને માંગી માફી

# ફિફા વર્લ્ડ કપમાં જાપાનની વિદાય: સંસ્કાર અને ખેલદિલીથી જીત્યા દિલ

(એજન્સી) સ્ટાયરિયન । તા. 30

ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬માં રવિવારે રમાયેલી રોમાંચક મેચમાં જાપાનની સફરનો અંત આવ્યો છે. રાઉન્ડ ઓફ ૩૨ની મુકાબલામાં પાંચ વખતની ચેમ્પિયન બ્રાઝિલે જાપાનને ૨-૧ થી પરાજય આપીને આગલા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે. આ હાર બાદ જાપાનના ખેલાડીઓ અને કોચ હાજીમે મોરિયાસુનું વર્લ્ડ કપ નોકઆઉટ મેચ જીતવાનું સપનું અધૂરું રહી ગયું હતું, પરંતુ મેચ પછીના તેમના વર્તને વિશ્વભરના ફૂટબોલ ચાહકોના દિલ જીતી લીધા છે.

#### રોમાંચક મુકાબલો અને અંતિમ ક્ષણનો ગોલ

મેચની શરૂઆત જાપાન માટે ખૂબ જ આશાસ્પદ રહી હતી. પ્રથમ હાફમાં કાઈશુ સાનોએ ગોલ કરીને ટીમને ૧-૦ ની મહત્વની લીડ અપાવી હતી, જેનાથી બ્રાઝિલની ટીમ દબાણમાં આવી ગઈ હતી. જોકે, બીજા હાફમાં બ્રાઝિલે વળતી લડત આપી હતી. કેસેમિરોએ શાનદાર ગોલ કરીને સ્કોર ૧-૧ થી બરાબર કરી દીધો હતો. મેચ જ્યારે એક્સ્ટ્રા ટાઈમ તરફ આગળ વધી રહી હતી ત્યારે સ્ટોપેજ ટાઈમની ૫મી મિનિટે ગેબ્રિયલ માર્ટિનેલીએ વિનિંગ ગોલ ફટકારીને જાપાનનું સપનું તોડી નાખ્યું હતું.

મેચ પૂરી થયાની વ્હીસલ વાગતાની સાથે જ જાપાની ખેલાડીઓ નિરાશામાં મેદાન પર પડી ગયા હતા. કોચ હાજીમે



મોરિયાસુએ તમામ ખેલાડીઓને મેદાનની વચ્ચે એકઠા કર્યા હતા અને તેમને સંબોધતી વખતે કોચ પોતે પણ આંસુ રોકી શક્યા નહોતા. હારના આ આઘાતજનક પળો વચ્ચે પણ જાપાની ટીમની ખેલદિલી જોવા મળી હતી. ખેલાડીઓ અને કોચ સ્ટેડિયમમાં હાજર પોતાના પ્રશંસકો તરફ આગળ વધ્યા હતા અને તેમની સમક્ષ ઊંડા આદર સાથે નમીને માફી માંગી હતી તથા સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન મળેલા સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

#### જાપાની સંસ્કૃતિ, ફૂટબોલ પ્રત્યે સમર્પણ

જાપાને પોતાની મજબૂત ડિફેન્સ લાઈનના જોરે બ્રાઝિલ જેવી મજબૂત ટીમને લાંબા સમય સુધી રોકી રાખી હતી. જોકે છેલ્લી ઘડીએ મળેલી હારથી તેમનું નોકઆઉટ જીતવાનું લક્ષ્ય અધૂરું રહ્યું છે. પ્રેક્ષકોએ પણ આ હારને સ્વીકારીને તાળીઓના ગડગડાટ સાથે ખેલાડીઓની હિંમત વધારી હતી. જાપાની ટીમની આ નમ્રતાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે ફૂટબોલની રમત માત્ર સ્કોરબોર્ડ પૂરતી સીમિત નથી, પરંતુ તે ખેલાડીઓના સંસ્કાર અને ચાહકો પ્રત્યેના આદરનું પણ પ્રતીક છે.

આ ટૂર્નામેન્ટમાં જાપાનના શાનદાર પ્રદર્શનને ફૂટબોલ નિષ્ણાતોએ પણ બિરદાવ્યું છે. ભલે તેઓ રાઉન્ડ ઓફ ૧૬ માં પહોંચવામાં સફળ ન રહ્યા હોય, પરંતુ તેમની રણનીતિ અને મેદાન પરના સંઘર્ષે વિશ્વને ચોક્કસપણે પ્રભાવિત કર્યું છે. આગામી સમયમાં જાપાની ટીમ આ અનુભવમાંથી શીખીને વધુ મજબૂત વાપસી કરશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.


### ફોર્મ્યુલા વન રેસમાં રસેલ પ્રથમ

# ઓસ્ટ્રિયન ગ્રાન્ડ પ્રિક્સમાં રસેલનો દમદાર વિજય

(એજન્સી) સ્ટાયરિયન । તા. 30

ફોર્મ્યુલા વન રેસિંગની દુનિયામાં એક અત્યંત રોમાંચક અને સંઘર્ષપૂર્ણ સ્પર્ધા બાદ જ્યોર્જ રસેલે ઓસ્ટ્રિયન ગ્રાન્ડ પ્રિક્સ જીતીને પોતાની વિજેતા તરીકેની શાન પાછી મેળવી છે. સીઝનની શરૂઆતમાં ઓસ્ટ્રેલિયન ગ્રાન્ડ પ્રિક્સ જીત્યા બાદ, રસેલ માટે આ જીત અત્યંત મહત્વની અને સમયસરની સાબિત થઈ છે.

ઓસ્ટ્રિયન ગ્રાન્ડ પ્રિક્સ એક ક્લાસિક રેસ સાબિત થઈ, જેમાં ટોચના ત્રણ ખેલાડીઓ માત્ર બે સેકન્ડના ગાળામાં હતા. રેસના અંતે મર્સિડીઝના જ્યોર્જ રસેલે મેક્સ વર્સ્ટાપેન અને પોતાના સાથી ખેલાડી કિમી એન્ટોનેલીને પાછળ છોડીને ચેકર્ડ ફ્લેગ પોતાના નામે કર્યો હતો. આ જીત રસેલના આત્મવિશ્વાસને મજબૂત કરનારી છે, કારણ કે છેલ્લા બે સપ્તાહ તેમના માટે માનસિક રીતે ઘણા પડકારજનક રહ્યા હતા. ૨૮ વર્ષીય બ્રિટિશ ડ્રાઈવર રસેલ માટે આ જીતનું મૂલ્ય ઘણું વધારે છે. માર્ચથી જૂન દરમિયાન કિમી એન્ટોનેલીએ સતત પાંચ ગ્રાન્ડ પ્રિક્સ જીતીને પોઈન્ટ ટેબલમાં નોંધપાત્ર લીડ મેળવી લીધી હતી, જેની સામે રસેલ પાછળ ધકેલાઈ ગયા હતા. ઓસ્ટ્રિયામાં પણ શરૂઆત તેમના માટે મુશ્કેલ હતી; પ્રેક્ટિસ સેશન દરમિયાન તેઓ સતત એન્ટોનેલી કરતા ત્રણ સેકન્ડ પાછળ હતા. જોકે, ફાઈનલ રેસમાં રસેલે પોતાની રણનીતિ અને ડ્રાઈવિંગ ક્ષમતાના જોરે બાજી પલટી નાખી.




ફેરારી જેવી મજબૂત ટીમો આ રેસમાં પ્રભુત્વ જમાવવામાં નિષ્ફળ રહી, જેનો લાભ મર્સિડીઝને મળ્યો. રસેલના આ વિજયે ફરી એકવાર ટાઈટલ રેસને જીવંત કરી દીધી છે. બાર્સેલોનામાં બીજા ક્રમે રહ્યા બાદ, આ જીત સાબિત કરે છે કે રસેલ હજુ પણ ટાઈટલની રેસમાં અડગ છે.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
WEDNESDAY • 01-07-2026

દોહામાં મંગળવારે યોજાનારી મંત્રણા પર સમગ્ર વિશ્વની મીટ, ઈરાન જળમાર્ગ પર દેખરેખ અને ફી વસૂલવાની જીદ પર અડગ

# હોર્મુઝ જળમાર્ગ પર જંગ: ઈરાનની અમેરિકાને સ્પષ્ટ ચેતવણી

(એજન્સી) તેહરાન । તા. 30

વૈશ્વિક તેલ પુરવઠા માટે જીવાદોરી સમાન હોર્મુઝ જળમાર્ગને લઈને ઈરાન અને અમેરિકા વચ્ચેનો વિવાદ ફરી એકવાર વકર્યો છે. તાજેતરમાં થયેલા ડ્રોન હુમલાઓ બાદ પરિસ્થિતિ અત્યંત તંગ બની હતી, ત્યારે હવે ઈરાને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે, આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ પર આગામી એક મહિના સુધી તેમનું જ સંપૂર્ણ નિયંત્રણ રહેશે. ઈરાનના આ કડક વલણે આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતાનું મોજું ફેલાવી દીધું છે.



### સમજૂતીના દાવા અને ઈરાનનું વલણ

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ બગદાદમાં આયોજિત એક પત્રકાર પરિષદમાં મોટો દાવો કરતા કહ્યું હતું કે, અમેરિકા સાથે અગાઉ હસ્તાક્ષર કરવામાં આવેલા સમજૂતી કરાર (MOU) હેઠળ જ ઈરાનને હોર્મુઝ પર દેખરેખ રાખવાનો કાયદેસરનો અધિકાર પ્રાપ્ત થયો છે. ઈરાન આ માર્ગ પરથી પસાર થતા જહાજોની દેખરેખ રાખવા અને તેમની પાસેથી ફી વસૂલવાના પોતાના નિર્ણય પર મક્કમ છે. અરાઘચીએ સ્પષ્ટ કર્યું કે આ બાબતે કોઈપણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહીં.

### અમેરિકા અને ઈરાન વચ્ચે મંત્રણાનો માર્ગ

તાજેતરમાં હોર્મુઝ વિસ્તારમાં એક જહાજને નિશાન બનાવી ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો, જેના પ્રત્યાઘાત રૂપે અમેરિકાએ ઈરાની સંપત્તિઓ પર અને ઈરાને ગલ્ફ દેશોમાં આવેલા અમેરિકી ઠેકાણાઓ પર વળતા હુમલા કર્યા હતા. જોકે, છેલ્લા ત્રણ દિવસથી ચાલતી આ લશ્કરી ખેંચતાણ બાદ બંને દેશો શાંતિ સ્થાપવા માટે તૈયાર થયા છે. મળતી માહિતી મુજબ, અમેરિકા અને ઈરાન કતારની રાજધાની દોહામાં આગામી મંગળવારે બેઠક યોજવા અને વિવાદ ઉકેલવા સહમત થયા છે.

### વૈશ્વિક અર્થતંત્ર માટે મહત્વ

હોર્મુઝ જળમાર્ગ એ ફારસની ખાડી અને ઓમાનની ખાડીને જોડતો વિશ્વનો સૌથી વ્યસ્ત અને મહત્વપૂર્ણ ઓઈલ ટ્રેડિંગ રૂટ છે. વિશ્વભરમાં તેલ અને ગેસની સપ્લાયનો મોટો હિસ્સો આ માર્ગેથી થાય છે. અમેરિકાનું માનવું છે કે આ માર્ગ કોઈપણ પ્રકારની ફી વગર વિશ્વના તમામ દેશોના જહાજો માટે મુક્ત રહેવો જોઈએ, જેથી તેલના વૈશ્વિક ભાવ સ્થિર રહી શકે. બીજી તરફ, ઈરાન આ વિસ્તારમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખીને ભૌગોલિક રાજકીય ફાયદો મેળવવાના પ્રયાસમાં છે.

### આગામી પરિણામોની શક્યતા

દોહામાં યોજાનારી આ બેઠક બંને દેશો માટે પરીક્ષા સમાન છે. જો કોઈ મધ્યમ માર્ગ નહીં નીકળે તો વૈશ્વિક તેલ બજારમાં અસ્થિરતા આવવાની પૂરેપૂરી શક્યતા છે. વિશ્વના અનેક દેશો આ બાબતે ગંભીર ચિંતા વ્યક્ત કરી રહ્યા છે, કારણ કે જળમાર્ગ પરનો કોઈપણ અવરોધ કે તણાવ સીધો જ આંતરરાષ્ટ્રીય અર્થતંત્રને અસર કરશે. હવે જોવાનું એ રહેશે કે મંગળવારે યોજાનારી મંત્રણામાં કોઈ નક્કર પરિણામ આવે છે કે પછી હોર્મુઝ પરનો આ તણાવ હજુ લાંબો સમય ચાલશે.

'ગ્રે લિસ્ટ'માં ધકેલવાની તૈયારી

# FATF માં પાકિસ્તાન સામે ભારતનો માસ્ટરપ્લાન



(એજન્સી) નવી દિલ્હી । તા. 30

આંતરરાષ્ટ્રીય સ્તરે આતંકવાદને પોષવા માટે હંમેશા ચર્ચામાં રહેતા પાકિસ્તાન સામે ભારત હવે નિર્ણાયક લડાઈ લડવા જઈ રહ્યું છે. આગામી ઓક્ટોબર ૨૦૨૬માં પેરિસ ખાતે ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) ની મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે. આ બેઠકમાં ભારત પાકિસ્તાનને ફરી એકવાર 'ગ્રે લિસ્ટ'માં ધકેલવા માટે સંપૂર્ણ વ્યૂહરચના સાથે તૈયાર છે. ઉલ્લેખનીય છે કે, ઓક્ટોબર ૨૦૨૨માં પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાંથી મુક્ત કરવામાં આવ્યું હતું, પરંતુ તેની હરકતોમાં કોઈ સુધારો ન આવતા ભારતે હવે આકરા પાણીએ જવાનો નિર્ણય કર્યો છે.

### ભારતની વ્યૂહાત્મક સ્થિતિ મજબૂત

આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતની સ્થિતિ અત્યારે ઘણી મજબૂત છે. ભારતીય અધિકારી વિવેક અગ્રવાલ FATF ના વાઈસ-પ્રેસિડેન્ટ તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે, જે ભારત માટે એક મોટું રાજદ્વારી પાસું છે. આ પદના કારણે ભારત આતંકવાદી ફંડિંગ અને મની લોન્ડરિંગના મુદ્દે પાકિસ્તાન પર વધુ દબાણ લાવવા સક્ષમ બન્યું છે. નિષ્ણાતોના મતે, જ્યારે પાકિસ્તાન અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન સાથે સંબંધો સુધારીને પોતાની છબી સુધારવાનો પ્રયાસ કરી રહ્યું છે, ત્યારે ભારતની આ આક્રમક રણનીતિ પાકિસ્તાનને બેકફૂટ પર લાવી શકે છે.

### ગ્રે લિસ્ટ શું છે અને તેની અસર શું?

FATF ની ગ્રે લિસ્ટમાં સામેલ થવું એ કોઈપણ દેશ માટે આર્થિક રીતે મોટી મુસીબત સમાન છે. જે દેશ આ યાદીમાં આવે છે, તેના પર આંતરરાષ્ટ્રીય સ્તરે કડક દેખરેખ રાખવામાં આવે છે. આવા દેશોએ આતંકવાદી ફંડિંગ રોકવા માટે ચોક્કસ કાયદાઓ અને સુધારાઓ કરવા પડે છે. જો નિયમોનું પાલન કરવામાં નિષ્ફળતા મળે, તો આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાસેથી મળતી લોન બંધ થઈ જાય છે અને વૈશ્વિક રોકાણકારો પણ હાથ પાછા ખેંચી લે છે. પાકિસ્તાન જેવી કંગાળ અર્થવ્યવસ્થા માટે આ સ્થિતિ જીવલેણ સાબિત થઈ શકે છે.

ભારતનું લક્ષ્ય માત્ર પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં મૂકવાનું જ નથી, પરંતુ વિશ્વને એ સમજાવવાનું છે કે આતંકવાદની નાણાકીય વ્યવસ્થાને તોડ્યા વિના વૈશ્વિક સુરક્ષા શક્ય નથી. ઓક્ટોબર મહિનામાં યોજાનારી આ બેઠક માત્ર પાકિસ્તાન માટે જ નહીં, પરંતુ સમગ્ર દક્ષિણ એશિયાની શાંતિ માટે ખૂબ જ મહત્વની બની રહેશે. હવે જોવાનું એ રહેશે કે ભારત રજૂ કરેલા પુરાવાઓ પર વિશ્વના અન્ય દેશો કેવી પ્રતિક્રિયા આપે છે.

#### પુરાવા બનશે પાકિસ્તાન માટે ગળાનો ફાંસો

ભારત પાસે પાકિસ્તાનની કથિત આતંકવાદી પ્રવૃત્તિઓ અંગેના મજબૂત ડિજિટલ અને દસ્તાવેજી પુરાવાઓ છે. 'ઓપરેશન સિંદૂર' બાદ સામે આવેલા વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, પાકિસ્તાની સેના અને કુખ્યાત ગુપ્તચર એજન્સી (ISI) ના ઉચ્ચ અધિકારીઓ આતંકવાદીઓની અંતિમવિધિમાં ખુલ્લેઆમ હાજરી આપી રહ્યા છે. આ ઉપરાંત, આતંકી સંગઠનોની સભાઓ અને રેલીઓમાં પાકિસ્તાની નેતાઓની ઉપસ્થિતિના પુરાવા પણ ભારત પેરિસની બેઠકમાં રજૂ કરશે. આ દસ્તાવેજો પાકિસ્તાનના આતંકવાદી ચહેરાને વિશ્વની સામે ખુલ્લો પાડવા માટે પૂરતા છે.

## ન્યૂઝ બ્રીફ

### ફોર્ડ કંપની એઆઇ નિષ્ફળતા બાદ સફાળી જાગી



વોશિંગ્ટન | આધુનિક ટેકનોલોજી અને કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઇ) પર અતિશય નિર્ભરતા કાર નિર્માતા કંપની ફોર્ડને મોંઘી પડી છે. કંપનીની ઓટોમેટેડ સિસ્ટમ્સ ધાર્યા પરિણામો આપવામાં નિષ્ફળ રહેતા, ફોર્ડે ભૂતકાળની ભૂલ સુધારતા છેલ્લા ત્રણ વર્ષમાં ૩૫૦ અનુભવી એન્જિનિયર્સને ફરીથી નોકરી પર પાછા બોલાવ્યા છે. આ નિર્ણય બાદ કંપનીની ઉત્પાદન ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. ફોર્ડના ઉચ્ચ અધિકારીઓએ કબૂલ્યું છે કે કંપનીએ માનવ અનુભવને કોરાણે મૂકીને માત્ર ઓટોમેશન પર વધુ પડતો મદાર રાખ્યો હતો. ફોર્ડના વેહિકલ હાર્ડવેર એન્જિનિયરિંગના વાઈસ પ્રેસિડેન્ટ ચાર્લ્સ પુના જણાવ્યા મુજબ, એઆઈ શું હાંસલ કરી શકે તેનો અંદાજ કંપનીએ જરૂર કરતા વધારે લગાવી લીધો હતો. ટેકનોલોજી એક ઉપયોગી સાધન ચોક્કસ છે, પરંતુ તે અનુભવી માનવ મગજ અને વ્યવહારુ જ્ઞાનનું સ્થાન લઈ શકતું નથી. ફોર્ડના અનુભવી એન્જિનિયર્સ જ્યારે કંપની છોડી રહ્યા હતા ત્યારે તેમના વર્ષો જૂના જ્ઞાનને જાળવી રાખવા માટે કોઈ નક્કર વ્યવસ્થા કરવામાં આવી ન હતી. આ અનુભવી ઈજનેરો, જેમને 'ગ્રે બિયર્ડ' તરીકે પણ ઓળખવામાં આવે છે, હવે યુવા કર્મચારીઓને માર્ગદર્શન આપી રહ્યા છે.

### સોશિયલ મીડિયા પ્રતિબંધ વચ્ચે બાળકોની મનમાની



કેનબેરા | ઓસ્ટ્રેલિયા સરકારે બાળકોને ડિજિટલ દુનિયાના જોખમોથી બચાવવા માટે સોશિયલ મીડિયા પર કડક પ્રતિબંધ મૂક્યો હોવા છતાં, વાસ્તવિકતા કંઈક અલગ જ જોવા મળી રહી છે. સરકારી નિયમોને ઘોળીને પી જતા બાળકો ટેકનોલોજીનો ઉપયોગ કરીને પ્રતિબંધોને હંફાવી રહ્યા છે. આ પરિસ્થિતિને જોતા હવે સરકારે ટેક કંપનીઓ પર પોતાનો મિજાજ કડક કર્યો છે અને દંડની રકમમાં તોતિંગ વધારો કર્યો છે. એક ચોંકાવનારા રિપોર્ટ મુજબ, પ્રતિબંધ લાગુ થયાના મહિનાઓ બાદ પણ ૧૨ થી ૧૫ વર્ષના ૮૫ ટકા ઓસ્ટ્રેલિયન બાળકો સોશિયલ મીડિયાનો બેધડક ઉપયોગ કરી રહ્યા છે. બાળકો ઉંમરની ચકાસણી કરતી સિસ્ટમને છેતરવા માટે ફેક સેલ્ફીનો ઉપયોગ કરી રહ્યા છે અથવા ખોટી ઉંમર દર્શાવીને એકાઉન્ટ બનાવી રહ્યા છે. કેટલીક જગ્યાએ તો ટેક કંપનીઓએ ઉંમરનો કોઈ પુરાવો માંગવાની પણ તસ્દી લીધી નથી, જે સરકારની ચિંતામાં વધારો કરે છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનિસે આ મામલે નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ટેક કંપનીઓ બાળકોને પ્લેટફોર્મથી દૂર રાખવા માટે પૂરતા પગલાં લઈ રહી નથી.

નિર્દોષોના મોતથી અફઘાનિસ્તાનમાં ભારે આક્રોશ, હવાઈ હુમલામાં મહિલાઓ અને બાળકોએ જીવ ગુમાવ્યા

# પાકિસ્તાન-અફઘાનિસ્તાનસીમાપરતણાવ: એરસ્ટ્રાઈકમાં નાગરિકોના મોતનો દાવો

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેની સરહદ પરનો તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. સોમવાર, ૨૯ જૂનના રોજ પાકિસ્તાની સેના દ્વારા હાથ ધરવામાં આવેલા એક ભીષણ લશ્કરી અભિયાન બાદ બંને દેશો વચ્ચે રાજદ્વારી વાતાવરણ ગંભીર બન્યું છે. આ કાર્યવાહી દરમિયાન થયેલા હવાઈ હુમલાઓને લઈને બંને પક્ષો દ્વારા તદ્દન વિરોધાભાસી દાવાઓ કરવામાં આવી રહ્યા છે, જેના કારણે પ્રાદેશિક સુરક્ષા સામે મોટો પ્રશ્ન ઊભો થયો છે.



### સેનાની કાર્યવાહી અને પાકિસ્તાનનો દાવો

પાકિસ્તાનના સૂચના અને પ્રસારણ મંત્રી અતાઉલ્લાહ તરાહના જણાવ્યા અનુસાર, દેશની સેનાએ ગુપ્તચર માહિતીના આધારે એક સચોટ અભિયાનનું આયોજન કર્યું હતું. આ કાર્યવાહી અંતર્ગત બાજોડ જેવા સરહદી વિસ્તારોમાં જમીની દળ દ્વારા હુમલા કરવામાં આવ્યા હતા, ત્યારબાદ અફઘાનિસ્તાનની સરહદની અંદર આવેલા આતંકી અડ્ડાઓને નિશાન બનાવી હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. પાકિસ્તાની સેનાનો દાવો છે કે પક્તિઆ, પક્તિકા અને કુનાર પ્રાંતોમાં આવેલા તહેરિક-એ-તાલિબાન-એ-પાકિસ્તાન (ટીટીપી) અને જમાત-ઉલ્-ખહરારના ત્રણ મુખ્ય અડ્ડાઓ નેસ્તનાબૂદ કરી દેવાયા છે. પાકિસ્તાની સત્તાવાર નિવેદન મુજબ, આ ઓપરેશનમાં ૨૯ જેટલા આતંકીઓ માર્યા ગયા છે.

### અફઘાનિસ્તાનનો ગંભીર આરોપ

બીજી તરફ, અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે પાકિસ્તાનના આ દાવાને સંપૂર્ણપણે નકારી કાઢ્યો છે. તાલિબાન સરકારના પ્રવક્તા જબીહુલ્લાહ મુજાહીદ અને ઉપ-પ્રવક્તા હમદુલ્લા ફિતરતે આ હુમલાને કાયરતાપૂર્ણ ગણાવ્યા છે. અફઘાની અધિકારીઓના જણાવ્યા મુજબ, હુમલામાં માર્યા ગયેલા લોકો આતંકવાદીઓ નહીં, પરંતુ નિર્દોષ નાગરિકો હતા. સૌથી કરુણ બાબત એ છે કે હુમલાનો ભોગ બનનારાઓમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે.

સ્થાનિક અહેવાલો અને તાલિબાન સરકારના દાવા મુજબ, જ્યારે પ્રથમ હવાઈ હુમલો થયો ત્યારે ભયભીત બનેલા નાગરિકો જીવ બચાવવા માટે સુરક્ષિત સ્થળે ભાગી રહ્યા હતા. તે જ સમયે, ખૂબ જ ટૂંકા ગાળામાં બીજો હવાઈ હુમલો કરવામાં આવ્યો, જેણે અનેક નિર્દોષ પરિવારોને મોતને ઘાટ ઉતારી દીધા. અફઘાનિસ્તાન સરકારના મતે, આ હુમલામાં કુલ ૩૬ નિર્દોષ નાગરિકોના મોત થયા છે, જેણે આંતરરાષ્ટ્રીય સ્તરે માનવીય ચિંતાઓ જગાવી છે.

### વધતો જતો તણાવ અને આગળનો માર્ગ

આ ઘટના બાદ પાકિસ્તાન-અફઘાનિસ્તાન વચ્ચેનો સીમા વિવાદ વધુ ઘેરો બન્યો છે. પાકિસ્તાન પોતાની આંતરિક સુરક્ષા માટે આ હુમલાઓને અનિવાર્ય ગણાવે છે, જ્યારે અફઘાનિસ્તાન પોતાની સાર્વભૌમત્વ પરના હુમલા તરીકે જોઈ રહ્યું છે. સરહદી વિસ્તારોમાં હાલમાં ભયનું વાતાવરણ છે. નિષ્ણાતોના મતે, જો આ પ્રકારના લશ્કરી હુમલાઓ ચાલુ રહેશે, તો સરહદ પરની સ્થિતિ વધુ સ્ફોટક બની શકે છે. હાલમાં બંને દેશો વચ્ચે કોઈ સત્તાવાર વાતચીતની શક્યતા દેખાઈ રહી નથી, જેના કારણે સરહદી ગામડાઓમાં વસતા લોકોમાં ભારે અનિશ્ચિતતા અને ભયનો માહોલ છે. આગામી દિવસોમાં આ વિવાદ કઈ દિશામાં વળે છે તેના પર સમગ્ર વિશ્વની નજર ટકેલી છે.

## અમેરિકા-ઈરાન શાંતિ વાર્તા પર ટ્રમ્પનો મોટો દાવો, દોહામાં શાંતિ મંત્રણા અદ્ધરતાલ

(એજન્સી) દોહા । તા. 30

મધ્ય-પૂર્વમાં શાંતિ સ્થાપવાના પ્રયાસોને મોટો ફટકો પડ્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કતારના પાટનગર દોહામાં અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ વાર્તા યોજાવાની જાહેરાત કરી હતી, પરંતુ ઈરાને આ દાવાને નકારી કાઢીને વિશ્વને ચોંકાવી દીધું છે. આ ઘટનાક્રમ બાદ બંને દેશો વચ્ચે ચાલી રહેલી નાજુક શાંતિ પ્રક્રિયા અત્યારે અદ્ધરતાલ લટકી ગઈ છે.

થોડા દિવસો પહેલા જ સ્વિટ્ઝરલેન્ડમાં બંને દેશો વચ્ચે સૈન્ય સંઘર્ષ સમાપ્ત કરવા માટે એક સમજૂતી થઈ હતી. જોકે, હોર્મુઝની ખાડીમાં જહાજોની અવરજવરને લઈને શરૂ થયેલા નવા વિવાદે ફરી તણાવ વધારી દીધો છે. આ વિવાદના વળતા જવાબમાં અમેરિકાએ ઈરાનના કેટલાક શહેરો પર હુમલા પણ કર્યા હતા, જેના કારણે વાતાવરણ તંગ બની ગયું છે.

ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર દાવો કર્યો હતો કે ઈરાને પોતે જ આ વાતચીત માટે વિનંતી કરી છે અને વ્હાઈટ હાઉસના વિશેષ દૂતો દોહા જવા રવાના થઈ રહ્યા છે. આ દાવાની પુષ્ટિ વ્હાઈટ હાઉસે પણ કરી હતી. જોકે, ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બગાઈએ આ દાવાને ફગાવી દીધો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે, "ઈરાનનું પ્રતિનિધિમંડળ કતારની મુલાકાતે ચોક્કસ જશે, પરંતુ તેનો અમેરિકી અધિકારીઓ સાથેની કોઈ બેઠક કે વાર્તાલાપ સાથે કોઈ લેવાદેવા નથી." ઈરાનના મતે, હાલમાં તેમની પ્રાથમિકતા સમજૂતીની મુખ્ય જોગવાઈઓનો અમલ કરાવવાની છે, નહીં કે નવી બેઠક યોજવાની.

ઈરાનના આ કડક વલણને પગલે મધ્ય-પૂર્વમાં ફરીથી યુદ્ધના વાદળો ઘેરાઈ રહ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

## ચીન મિલિટરી કાર્યવાહીમાં જિનપિંગનો મોટો ધડાકો, શી જિનપિંગ ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન તેજ

### ચીની સેનામાં હલચલ મચાવતી મોટી કાર્યવાહી

(એજન્સી) બીજિંગ । તા. 30

ચીનમાંથી એક અત્યંત ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. રાષ્ટ્રપતિ શી જિનપિંગે સત્તા પર પોતાની પકડ મજબૂત રાખવા માટે અત્યાર સુધીની સૌથી મોટી મિલિટરી કાર્યવાહી હાથ ધરી છે. ચીનની સર્વોચ્ચ કાયદાકીય સંસ્થા 'નેશનલ પીપલ્સ કોંગ્રેસ' દ્વારા લેવાયેલા એક નિર્ણયમાં એકસાથે ૬ લશ્કરી કમાન્ડરો અને ૨ મોટા નેતાઓની હકાલપટ્ટી કરવામાં આવી છે. આ આકરા પગલા બાદ સમગ્ર ચીની સેનામાં ભારે ગભરાટ અને હલચલ મચી જવા પામી છે.

### ભ્રષ્ટાચારના નામે શક્તિ પ્રદર્શન



સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ કાર્યવાહી શી જિનપિંગના ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનનો એક ભાગ ગણાવવામાં આવી રહી છે. જોકે, નિષ્ણાતો આને સેનામાં રહેલા જિનપિંગ વિરોધી તત્વોને ડામવાની રણનીતિ તરીકે પણ જોઈ રહ્યા છે. હથિયાર ખરીદી અને ટેસ્ટિંગ વિભાગના વડા જનરલ શૂ શ્યુછિયાંગની હકાલપટ્ટી સૌથી મહત્વપૂર્ણ માનવામાં આવે છે. શૂ વર્ષ ૨૦૨૨ થી ચીનના મહત્વકાંક્ષી સ્પેસ પ્રોગ્રામના કમાન્ડર-ઈન-ચીફ પણ હતા. આટલા ઉચ્ચ પદ પર બેઠેલા અધિકારીને હટાવવા તે સૂચવે છે કે ચીની સરકાર સેનાના આંતરિક માળખામાં મોટા ફેરફાર કરી રહી છે.


માત્ર સૈન્ય અધિકારીઓ જ નહીં, પણ ૨ મોટા નેતાઓ પર પણ ગાજ પડી છે. જેમાં પૂર્વ નાણાકીય નિયામક પ્રમુખ લી યુંઝે અને પોલિત બ્યુરોના સભ્ય મા શિંગરુઈનો સમાવેશ થાય છે. અન્ય હટાવવામાં આવેલા સૈન્ય અધિકારીઓમાં વેસ્ટર્ન થિયેટર કમાન્ડના જનરલ લી ફેંગબિયાઓ, એરફોર્સના જનરલ ગુઓ પુક્ષિયાઓ, ઈસ્ટર્ન થિયેટર કમાન્ડના વાંગ કાંગપિંગ, સાયબરસ્પેસ ફોર્સના ઝાંગ મિંગહુઆ અને આર્મીના યિન હોંગશિંગનો સમાવેશ થાય છે. મીડિયા અહેવાલ મુજબ, આ તમામ ૬ અધિકારીઓ હાલ સંપર્કવિહોણા છે અને કોઈ પણ સ્તરેથી તેમની તરફેણમાં સ્પષ્ટતા કરવામાં આવી નથી.

ચીનના સંરક્ષણ મંત્રાલયે અત્યાર સુધી આ મામલે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી. આ આખી ઘટનાક્રમ એવા સમયે બન્યો છે જ્યારે ચીન વૈશ્વિક સ્તરે પોતાની સૈન્ય ક્ષમતા વધારવા માટે પ્રયત્નશીલ છે.

એઆઈ | અમેરિકા અને ચીનને ટક્કર આપવા માટે ચાર નવા સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થાપાશે, ૫૭૭ અબજ ડોલરનો મહાપ્લાન

## કૃત્રિમ મેધા (AI) ક્ષેત્રે દક્ષિણ કોરિયાનું ઐતિહાસિક રોકાણ

(એજન્સી) સિઓલ । તા. 30



આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે કૃત્રિમ મેધાની વૈશ્વિક દોડમાં પોતાનું સ્થાન વધુ મજબૂત કરવા માટે દક્ષિણ કોરિયાએ અત્યાર સુધીની સૌથી મોટી અને મહત્વાકાંક્ષી યોજનાની જાહેરાત કરી છે. રાષ્ટ્રપતિ લી જે મ્યુંગે સત્તાવાર રીતે જાહેર કર્યું છે કે દેશ આગામી વર્ષોમાં આ ક્ષેત્રે ૫૭૬ અબજ ડોલર (આશરે ૪૯ લાખ કરોડ રૂપિયા) નું જંગી રોકાણ કરશે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય અમેરિકા અને ચીન જેવા ટેકનોલોજીના દિગ્ગજો સાથે સ્પર્ધા કરવાનો છે.

આ ભવ્ય રોકાણના મુખ્ય ભાગ રૂપે, દેશની દિગ્ગજ કંપનીઓ સેમસંગ ઈલેક્ટ્રોનિક્સ અને એસકે હાયનિક્સ મહત્વની ભૂમિકા ભજવશે. આ કંપનીઓ તેમના સપ્લાયરો સાથે મળીને દેશના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં ચાર નવા અદ્યતન સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટ સ્થાપશે. આ માટે આશરે ૫૧૮ અબજ ડોલરનું રોકાણ કરવામાં આવશે. આ ઉપરાંત, ચુંગચિઓંગ વિસ્તારમાં અત્યાધુનિક ચિપ પેકેજિંગ ક્લસ્ટર ઊભું કરવા માટે વધારાના ૮૧ ટ્રિલિયન વોન ફાળવવામાં આવ્યા છે, જે દેશની ઉત્પાદન ક્ષમતામાં અનેકગણો વધારો કરશે.

રાષ્ટ્રપતિ લીના જણાવ્યા અનુસાર, સેમિકન્ડક્ટર, ફિઝિકલ એઆઈ અને ડેટા સેન્ટર એ દેશના ભવિષ્યના વિકાસના મુખ્ય આધારસ્તંભ છે. સરકારે વર્ષ ૨૦૩૦ સુધીમાં મેમરી ચિપનું ઉત્પાદન બમણું કરવાનું લક્ષ્ય રાખ્યું છે. ખાસ કરીને એઆઈ સર્વર્સ માટે અત્યંત આવશ્યક એવી 'હાઈ-બેન્ડવિડ્થ મેમરી ચિપ'ના સંશોધન અને ઉત્પાદનને સરકાર દ્વારા સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવશે. આ પગલાથી દક્ષિણ કોરિયા વૈશ્વિક ચિપ માર્કેટમાં પોતાની પકડ વધુ મજબૂત કરી શકશે.

આ યોજનાનો ત્રીજો અને સૌથી મહત્વપૂર્ણ ભાગ દેશભરમાં વિશાળ એઆઈ ડેટા સેન્ટર નેટવર્ક વિકસાવવાનો છે. વર્ષ ૨૦૩૫ સુધીમાં સરકાર અને ખાનગી ક્ષેત્ર મળીને ૧,૦૦૦ ટ્રિલિયન વોનથી વધુનું રોકાણ કરીને ઉચ્ચ ક્ષમતાવાળા ડેટા સેન્ટરોનું નિર્માણ કરશે. આ ઉપરાંત, ૨૦૩૦ સુધીમાં દક્ષિણ કોરિયાને 'ફિઝિકલ એઆઈ' અને રોબોટિક્સ ક્ષેત્રે વિશ્વનું નેતૃત્વ કરતું રાષ્ટ્ર બનાવવાનો રોડમેપ પણ તૈયાર કરવામાં આવ્યો છે.

દક્ષિણ કોરિયાનું આ પગલું માત્ર આર્થિક રોકાણ નથી, પરંતુ વૈશ્વિક ટેકનોલોજીના બદલાતા પ્રવાહો સામે એક રણનીતિક તૈયારી છે. સેમિકન્ડક્ટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પરના આ વિશેષ ભારને કારણે દક્ષિણ કોરિયા ટૂંક સમયમાં જ ટેકનોલોજીની દુનિયામાં એક નવી શક્તિ તરીકે ઉભરી આવશે.

## ફ્રાંસ ગરમી સંકટ વચ્ચે US પર આક્ષેપ, અમેરિકા પર ગ્લોબલ વોર્મિંગનો આક્ષેપ

(એજન્સી) પેરિસ । તા. 30

સમગ્ર યુરોપ હાલમાં અસહ્ય ગરમીની લપેટમાં છે, પરંતુ ફ્રાંસની સ્થિતિ સૌથી વધુ ચિંતાજનક બની છે. પેરિસ સહિત ફ્રાંસના વિવિધ ભાગોમાં તાપમાન ૪૦ અંશ સેલ્સિયસને પાર કરી ગયું છે, જેના કારણે અત્યાર સુધીમાં ૧૦૦૦ થી વધુ લોકોના મોત થયા હોવાના કરુણ અહેવાલ છે. આ ભયંકર ગરમી વચ્ચે ફ્રાંસ અને અમેરિકા વચ્ચે એક નવો રાજદ્વારી અને સામાજિક વિવાદ છેડાયો છે.

ફ્રાંસમાં ગરમીને કારણે મૃત્યુનો આંકડો વધી રહ્યો છે, ત્યારે અહીં આવેલા અમેરિકી પ્રવાસીઓ અને નાગરિકો દ્વારા સ્થાનિક લોકોની મજાક ઉડાવવામાં આવી રહી છે. પ્રવાસીઓએ ઠેર-ઠેર પોસ્ટરો લગાવીને પૂછ્યું છે કે, "તમે એસી કેમ નથી રાખતા?" આ કટાક્ષનો ફ્રાંસના ડેપ્યુટી મેયર એન્ડ્રુ પુલવરે આકરો જવાબ આપ્યો છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું છે કે, ગ્લોબલ વોર્મિંગ પાછળ અમેરિકાનો મોટો હાથ છે અને આ ગરમી માટે અમેરિકા જ જવાબદાર છે.

યુરોપિયન દેશોમાં સામાન્ય રીતે એસીનો ઉપયોગ ખૂબ ઓછો જોવા મળે છે. ફ્રાંસમાં માત્ર ૨૫ ટકા અને જર્મનીમાં માત્ર ૭ ટકા લોકોના ઘરોમાં એસીની સુવિધા છે. ફ્રેન્ચ સંસ્કૃતિમાં એસીનો અતિશય ઉપયોગ પર્યાવરણ માટે હાનિકારક માનવામાં આવે છે. આ મુદ્દે વળતો પ્રહાર કરતા ડેપ્યુટી મેયરે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ અને અમેરિકી પત્રકારોને આડે હાથ લેતા જણાવ્યું હતું કે, "તમે પેરિસની મજાક ઉડાવો છો, પરંતુ કાર્બન ઉત્સર્જનમાં અમેરિકા વિશ્વમાં બીજા ક્રમે છે. તમારા શહેરોમાં ૯૦ ટકા ઘરો એસીથી સજ્જ છે, જે ગ્રીન હાઉસ ગેસ ફેલાવવામાં મોટું કારણ છે."

## સ્થાનિક સંગઠનના મેમોરેન્ડમ બાદ વિવાદ વકર્યો

# અરુણાચલ સરહદે ચીનની ઘૂસણખોરીના દાવા ભારતીય સેનાએ ફગાવ્યા, કહ્યું- અહેવાલો ખોટા અને પાયાવિહોણા

(એજન્સી) નવી દિલ્હી | તા.30

ભારતીય સેનાએ અરુણાચલ પ્રદેશમાં ચીની સેના દ્વારા ભારતીય ક્ષેત્રમાં સૈન્ય કેમ્પ સ્થાપવાના મીડિયા અહેવાલોને સદંતર નકારી કાઢ્યા છે. સેનાએ સોમવારે એક નિવેદનમાં જણાવ્યું કે, આવા તમામ દાવાઓ "ખોટા અને આધારવિહીન" છે. સરહદ પર સુરક્ષા ચુસ્ત છે અને ભારતીય સૈનિકો દેશની સરહદોનું રક્ષણ કરવા સક્ષમ છે. ભારતીય સેનાએ સોમવારે તે મીડિયા અહેવાલોને સખત શબ્દોમાં નકારી કાઢ્યા છે, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) એ અરુણાચલ પ્રદેશમાં ઘૂસણખોરી કરીને ભારતીય ક્ષેત્રની અંદર પોતાના સૈન્ય કેમ્પ સ્થાપી દીધા છે. ભારતીય સેનાએ સત્તાવાર નિવેદન જારી કરીને આ



તમામ અહેવાલોને સદંતર "ખોટા અને કોઈપણ આધાર વિનાના" ગણાવ્યા છે. સેનાએ સ્પષ્ટ કર્યું છે કે, સરહદ પર સુરક્ષા વ્યવસ્થા સંપૂર્ણપણે ચુસ્ત છે અને ભારતીય સૈનિકો દેશની સરહદોની સુરક્ષા કરવા માટે સક્ષમ છે.આ વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે કેટલાક મીડિયા આઉટલેટ્સમાં અહેવાલ આવ્યા કે અરુણાચલ પ્રદેશના અપર સુબનસિરી જિલ્લાના ડેપ્યુટી કમિશનરને 'નાહ વેલફેર સોસાયટી' (NWS) દ્વારા એક મેમોરેન્ડમ સોંપવામાં આવ્યું છે. આ મેમોરેન્ડમમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે ચીનની સેનાએ અરુણાચલ પ્રદેશના ટાક્સિંગ સરહદી વિસ્તારોમાં ધીમે-ધીમે પોતાની હાજરી વધારી દીધી છે. સંગઠનનો દાવો હતો કે ચીને છેલ્લા 6 વર્ષમાં નાહ આદિવાસી સમુદાયની પરંપરાગત ગૌચર, શિકાર અને ખેતીની જમીન પર મોટા પાયે કબજો જમાવી લીધો છે.NWS ના પ્રમુખ કેરુ ચાદરે મેમોરેન્ડમમાં જણાવ્યું હતું કે, જે વિસ્તારોમાં સ્થાનિક લોકો અગાઉ મુક્તપણે હરી-ફરી શકતા હતા અને વન પેદાશો એકત્ર કરતા હતા, તે હવે ચીનની સેનાના નિયંત્રણમાં છે. સંગઠને એવો પણ આક્ષેપ કર્યો હતો કે ચીને સરહદી ક્ષેત્રમાં રસ્તા, પુલ અને સૈન્ય કેમ્પ બનાવીને પોતાનો પ્રભાવ વધાર્યો છે. વર્ષ 2020 સુધી સમુદાયના નિયંત્રણ હેઠળ રહેલા ઓયિંગ (અસાફિલા વિસ્તાર), પનિયાર, મરપન, પોત્રાંગ તળાવ અને ટિન્ડિંગટાંગ જેવા ધાર્મિક અને પવિત્ર સ્થળો પર ચીની સૈન્યની ગતિવિધિઓ ચિંતાજનક હોવાનો દાવો કરાયો હતો. જો કે, ભારતીય સેનાએ આ તમામ આશંકાઓ અને અહેવાલોને ફગાવીને સરહદે સ્થિતિ નિયંત્રણમાં હોવાનું જણાવ્યું છે. આ દરમિયાન સરહદી વિસ્તારોમાં શાંતિ જાળવી રાખવા માટે રાજદ્વારી પ્રયાસો પણ ચાલુ છે. ગયા મહિને જ બેઈજિંગ ખાતે ભારત-ચીન સરહદ બાબતો પર પરામર્શ અને સંકલન માટેની સંસ્થાકીય પદ્ધતિ (WMCC) ની 35મી બેઠક યોજાઈ હતી.

## આરએસએસ પરના નિવેદન બાદ પ્રિયંક ખડગેને કોર્ટનું સમન્સ

બેંગલુરુ : કર્ણાટકના ગૃહમંત્રી પ્રિયંક ખડગેએ મંગળવારે સ્પષ્ટ કર્યું હતું કે તેઓ કોઈ પણ પ્રકારના દબાણ સામે ઝુકશે નહીં અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અંગે પ્રશ્નો ઉઠાવવાનું ચાલુ રાખશે. બેંગલુરુની એક કોર્ટે આરએસએસ વિરુદ્ધ કરેલી ટિપ્પણીઓને લઈને પ્રિયંક ખડગે વિરુદ્ધ સમન્સ જારી કર્યા છે, જેની સામે પ્રતિક્રિયા આપતા તેમણે કહ્યું કે જો તેમની પાસે બંધારણનું સમર્થન હોય, તો તેમને કોઈનો ડર નથી. આરએસએસ વિરુદ્ધ કથિત માનહાનિકારક નિવેદનો કરવા બદલ એક ખાનગી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ ફરિયાદના આધારે બેંગલુરુની અદાલતે કર્ણાટકના મંત્રી પ્રિયંક ખડગે અને પ્રદેશ યુવા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મોહમ્મદ હારિસ નલપાદને સમન્સ પાઠવ્યા છે. કોર્ટે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૫૬ હેઠળ ગુનાની નોંધ લીધી છે અને કાનૂની પ્રક્રિયાના ભાગરૂપે સમન્સ જારી કર્યા છે.ફરિયાદી તેજસ ગૌડાએ જણાવ્યું હતું કે, કથિત ટિપ્પણીઓથી તેમની લાગણી દુભાતા તેમણે કાનૂની સલાહ લીધા બાદ કોર્ટમાં અરજી કરી હતી. તેમણે કહ્યું કે તેઓ કાયદાના માર્ગે લડાઈ લડી રહ્યા છે અને અદાલતે તેમની અરજી સ્વીકારીને આ મામલે તપાસ શરૂ કરી છે. ફરિયાદીના મતે, આ એક કાનૂની લડાઈ છે જે બંધારણીય મર્યાદામાં રહીને લડવામાં આવી રહી છે.પ્રિયંક ખડગેએ અગાઉ આરએસએસના વડા મોહન ભાગવતને એક ખુલ્લો પત્ર લખીને સંસ્થાની કાનૂની સ્થિતિ, આર્થિક પારદર્શિતા અને બંધારણીય જવાબદારીઓ વિશે સ્પષ્ટતા માંગી હતી. ખડગેનું માનવું છે કે જે સંસ્થાના ૬૦,૦૦૦ થી વધુ શાખા અને લાખો સ્વયંસેવકો હોય, તેણે પારદર્શિતાના સર્વોચ્ચ ધોરણોનું પાલન કરવું જોઈએ. તેમણે આઝાદીના આંદોલન અને તિરંગાના મુદ્દે પણ અગાઉ અનેક સવાલો ઉઠાવ્યા હતા. આ સમગ્ર વિવાદે કર્ણાટકના રાજકીય વર્તુળોમાં ગરમાવો લાવી દીધો છે. એક તરફ પ્રિયંક ખડગે પોતાના પ્રશ્નો પર અડગ છે, તો બીજી તરફ ભાજપ અને તેના સહયોગી સંગઠનો આ નિવેદનોનો ઉગ્ર વિરોધ કરી રહ્યા છે. ખડગેના મતે, જ્યારે પણ આરએસએસની તપાસ કરવામાં આવે છે, ત્યારે ભાજપ રક્ષણાત્મક બની જાય છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે તેઓ આરએસએસના અસ્તિત્વ અને તેની કામગીરી પર પ્રશ્નો પૂછવાનું બંધ કરવાના નથી.

## News Brief

### ઉદ્ધવ ઠાકરેને મોટો ઝટકો, સચિન આહીર શિંદે જૂથમાં જોડાયા

મુંબઈ : મહારાષ્ટ્રના રાજકારણમાં શિવસેના (UBT) માટે ફરી એકવાર મુશ્કેલીનો સમય આવ્યો છે. મંગળવારે ઉદ્ધવ ઠાકરેને મોટો ફટકો આપતા, તેમના વિશ્વાસુ ગણાતા અને વિધાન પરિષદના સભ્ય (MLC) સચિન આહીર મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેનામાં જોડાઈ ગયા છે. આ પક્ષપલટાને કારણે ઉદ્ધવ ઠાકરે જૂથની સંખ્યાબળ પર ફરી એકવાર અસર પડી છે.શિંદે જૂથમાં જોડાવાની સાથે જ સચિન આહીરે મહારાષ્ટ્ર વિધાન પરિષદના ડેપ્યુટી ચેરમેન પદ માટે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને સુનેત્રા પવાર તેમની સાથે ઉપસ્થિત રહ્યા હતા.

આ ઘટનાક્રમ દર્શાવે છે કે સત્તાધારી પક્ષ દ્વારા ઠાકરે જૂથના નેતાઓને પોતાની સાથે લાવવાની વ્યૂહરચના ખૂબ જ સક્રિય છે.સચિન આહીરનો પક્ષપલટો એ કોઈ એકલી ઘટના નથી. તાજેતરમાં જ શિવસેના (UBT) ના છ લોકસભા સાંસદો પણ શિંદેની શિવસેનામાં જોડાયા હતા, જેને 'ઓપરેશન ટાઈગર' નામ આપવામાં આવ્યું હતું. આ ઘટનાઓને પગલે ઉદ્ધવ ઠાકરે સતત કેન્દ્ર અને રાજ્ય સરકારની નીતિઓ પર આકરા પ્રહારો કરી રહ્યા છે. તાજેતરમાં ધારાશિવમાં એક સભાને સંબોધતા ઠાકરેએ આક્ષેપ કર્યો હતો કે શિવસેનાને ખતમ કરવાનું કાવતરું ઘડવામાં આવી રહ્યું છે અને મહારાષ્ટ્રનો વિકાસ રૂંધાઈ રહ્યો છે. તેમણે વધુમાં આરોપ લગાવ્યો હતો કે મહારાષ્ટ્રના રોકાણો ગુજરાત તરફ વાળવામાં આવી રહ્યા છે.

## ભારતીય બંદરો પર રશિયન જહાજોની લાઇન!

# જૂનમાં તૂટ્યા તમામ રેકોર્ડ, એક્સપર્ટે કહ્યું 'આવું પહેલાં ક્યારેય નથી જોયું'

(એજન્સી) નવી દિલ્હી | તા.30

જૂન મહિનામાં રશિયાથી ભારત આવતા ક્રૂડ ઓઈલની આયાત અત્યાર સુધીના રેકોર્ડ હાઈ પર પહોંચી શકે છે. એનર્જી એક્સપર્ટએ આ અંગે મોટો દાવો કર્યો છે. તેમણે જણાવ્યું છે કે, ભારતીય બંદરો પર અત્યારે રશિયન ક્રૂડ ઓઈલથી ભરેલા ટેન્કરોની અભૂતપૂર્વ સંખ્યા જોવા મળી રહી છે. તેમણે પોતાના નિવેદનમાં કહ્યું કે, 'મેં મારા જીવનમાં ભારતીય બંદરો પર રશિયન ઓઈલના આટલા બધા ટેન્કરો એકસાથે ક્યારેય જોયા નથી.'

'એનજીપી એનર્જી કેપિટલ મેનેજમેન્ટ'ના ચીફ ઈકોનોમિસ્ટ અલહાજીએ સોમવારે સોશિયલ મીડિયા પર કેપ્લર (Kpler)નો એક નકશો પણ શેર કર્યો હતો, જેમાં ઘણા બધા ટેન્કરો રશિયાથી ભારતભરના બંદરો તરફ ક્રૂડ ઓઈલ લઈને આવતા સ્પષ્ટ દેખાઈ રહ્યા છે.

મે મહિનામાં ભારતે ખરીદ્યું $6.7 અબજનું ઈંધણ: ચીન પછી ભારત બીજા ક્રમે

એક્સપર્ટનો આ દાવો 'સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર' (CREA)ના રિપોર્ટના થોડા અઠવાડિયા બાદ આવ્યો છે. આ રિપોર્ટ અનુસાર, મે મહિનામાં પણ ભારત રશિયન અશ્મિભૂત ઈંધણ (Fossil Fuel) ખરીદવામાં વિશ્વનો બીજા નંબરનો સૌથી મોટો દેશ રહ્યો હતો. ભારતે મે મહિનામાં આશરે $6.7 અબજ (આશરે 48 અબજ યુરો)ની કિંમતના રશિયન હાઈડ્રોકાર્બનની આયાત કરી હતી.રિપોર્ટ પ્રમાણે, રશિયાથી ભારતની કુલ આયાતમાં ક્રૂડ ઓઈલનો હિસ્સો આશરે 83% જેટલો મોટો હતો. આ સિવાય અન્ય ઓઈલ પ્રોડક્ટ્સની ખરીદી 550 મિલિયન યુરો અને કોલસાની આયાત 429 મિલિયન યુરો રહી હતી. રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદીમાં 21%નો મોટો ઉછાળો આવવાને કારણે મે મહિનામાં ભારતની એકંદર તેલ આયાતમાં મહિના દર મહિનાના ધોરણે 8%ની તેજી નોંધાઈ છે.

ભારતના સૌથી મોટા ઓઈલ રિફાઈનિંગ સેન્ટર્સે રશિયન ઓઈલની આવકમાં મોટો વધારો નોંધાવ્યો છે:વાડીનાર રિફાઈનરી (ગુજરાત): અહીં એપ્રિલ મહિનાની સરખામણીએ મે મહિનામાં રશિયન ઓઈલની આવક 36% વધી ગઈ છે.જામનગર રિફાઈનિંગ કોમ્પ્લેક્સ (ગુજરાત): જામનગરમાં રશિયન ઓઈલની સપ્લાય 14% વધ્યો છે.

સરકારી રિફાઈનરીઓ: સરકારી ઓઈલ કંપનીઓએ પણ આ વર્ષની શરૂઆતમાં આયાત ફરી શરૂ કર્યા પછી ખરીદી ઝડપી બનાવી છે. મે મહિનામાં ન્યૂ મેંગલોર રિફાઈનરીમાં રશિયન ઓઈલનો સપ્લાય 13% અને વિશાખાપટ્ટનમ રિફાઈનરીમાં આયાત 42% વધી છે. ઓડિશાની પારાદીપ રિફાઈનરીએ છેલ્લા બે વર્ષમાં રશિયન ઓઈલની માત્રામાં બમણો વધારો નોંધાવ્યો છે. વાસ્તવમાં, યુક્રેન પર રશિયાના આક્રમણ બાદ પશ્ચિમી દેશોએ રશિયા પર આકરા વેપાર પ્રતિબંધો લગાવ્યા હતા, જેણે વૈશ્વિક ઊર્જા બજારનું ચિત્ર બદલી નાખ્યું છે.

## રામ મંદિર દાન વિવાદ પર માયાવતીનું ગંભીર નિવેદન સામે આવ્યું

લખનૌ : ઉત્તર પ્રદેશમાં રામ મંદિરના દાનમાં કથિત આર્થિક ગેરરીતિઓને લઈને રાજકીય વાતાવરણ ગરમાયું છે. બહુજન સમાજ પાર્ટી (BSP) ના વડા અને ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી માયાવતીએ આ સમગ્ર મામલાને અત્યંત ગંભીર અને ચિંતાજનક ગણાવ્યો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે જે પણ લોકો આમાં દોષિત જણાય તેમની સામે કડક કાર્યવાહી થવી જોઈએ, પરંતુ સાથે જ તેમણે આ મુદ્દાનું રાજકીયકરણ ન કરવા માટે તમામ પક્ષોને ચેતવણી પણ આપી છે. માયાવતીએ મીડિયા અહેવાલોનો સંદર્ભ આપતા જણાવ્યું હતું કે અયોધ્યામાં શ્રી રામ મંદિરમાં દાનની ઉચાપત અને ગેરરીતિના સમાચાર ખૂબ જ ગંભીર બાબત છે. ભવિષ્યમાં આવી ફરિયાદો ન ઉઠે તે માટે તેમણે સૂચન કર્યું છે કે દેશના અન્ય મોટા અને પ્રતિષ્ઠિત મંદિરોમાં જે પ્રકારની નાણાકીય હિસાબ રાખવાની પદ્ધતિ (એકાઉન્ટિંગ સિસ્ટમ) અનુસરવામાં આવે છે, તે જ રીતે રામ મંદિરમાં પણ પારદર્શક વ્યવસ્થા લાગુ કરવી જોઈએ. તેમના મતે, આ બાબતનું જલ્દી નિરાકરણ લાવવું અત્યંત જરૂરી છે.

BSP સુપ્રીમોએ દેશના બંધારણીય મૂલ્યોને જાળવી રાખવા માટે રાજકારણ, ગુનાખોરી અને ધર્મને કડક રીતે અલગ રાખવાની હિમાયત કરી છે. તેમણે કહ્યું કે, "દેશમાં રાજકારણનું ગુનાખોરીકરણ ન થાય, ગુનાનું રાજકીયકરણ ન થાય, ધર્મનું રાજકીયકરણ ન થાય અને રાજકારણનું આંધળું સાંપ્રદાયિકકરણ ન થાય તે જોવું બંધારણીય રીતે યોગ્ય રહેશે." માયાવતીએ તમામ રાજકીય પક્ષોને રાષ્ટ્ર અને જનહિતમાં આ બાબતને ગંભીરતાથી લેવા સલાહ આપી છે.

તાજેતરમાં દાનમાં ગેરરીતિના આરોપોને લઈને ઉત્તર પ્રદેશના રાજકારણમાં એક નવો વિવાદ શરૂ થયો છે. વિપક્ષી દળો સરકારને ઘેરી રહ્યા છે, જ્યારે સત્તાધારી ભાજપ (BJP) આ આરોપોને પાયાવિહોણા ગણાવી વિપક્ષ પર જ વળતા પ્રહાર કરી રહ્યો છે. અયોધ્યાની એક સ્થાનિક અદાલતે તમામ આરોપીઓને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા છે.

## આર્થિક રીતે સક્ષમ પત્ની માત્ર મહિલા હોવાના આધારે ભરણપોષણ ના માગી શકે




બેંગલુરુ : છૂટાછેડાના મામલાઓમાં પતિ દ્વારા પત્નીને આપવામાં આવતા ભરણપોષણને લઈને કર્ણાટક હાઈકોર્ટે કેટલીક સ્પષ્ટતા કરી છે. હાઈકોર્ટે કહ્યું છે કે જો મહિલા આર્થિક રીતે સક્ષમ હોય તો તેવા મામલામાં તે પતિ પાસેથી ભરણપોષણ માગવાની હકદાર નથી. હાઈકોર્ટે અન્ય કોર્ટોને પણ આવા કેસોમાં પત્નીની આર્થિક સ્થિતિ ચકાસવાની સલાહ આપી હતી.

કર્ણાટકના એક કપલના લગ્ન ૨૦૨૪માં થયા હતા, ૨૦૨૫માં પત્નીએ પતિ સામે ઘરેલુ હિંસાનો કેસ કર્યો હતો, બાદમાં બન્ને અલગ રહેવા લાગ્યા હતા. આ દરમિયાન પત્નીએ પતિ પાસેથી વચગાળાનું રૂપિયા ૧.૧૩ લાખ રૂપિયાનું માસિક ભરણપોષણ માગ્યું હતું. ટ્રાયલ કોર્ટે પતિને મહિને ૨૦ હજાર રૂપિયા પત્નીને આપવા આદેશ કર્યો હતો. બાદમાં પતિ દ્વારા આ આદેશ સામે હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. હાઈકોર્ટમાં પત્ની દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે તેના માતા પિતાએ લગ્ન માટે લોન લીધી હતી જેને ચુકવવાની જવાબદારી મારી છે.

જોકે હાઈકોર્ટના ન્યાયાધીશ ચિલ્લાકુર સુમલતાએ નોંધ્યું હતું કે લોન લીધી હોવાનું પત્ની સાબિત નથી કરી શકી, જોકે તેના સોગંદનામામાં પત્નીએ કહ્યું છે કે તેની માસિક આવક પતિ કરતા વધુ છે. એટલે કે મહિને આશરે એક લાખ રૂપિયા છે જેમાં તે પોતાનું ભરણપોષણ કરી શકે તેમ છે. બીજી તરફ પતિની માસિક આવક ૬૦ હજાર રૂપિયા છે જે પત્નીની આવક કરતા ઓછી છે. એવામાં ટ્રાયલ કોર્ટ પતિને મહિને ૨૦ હજાર રૂપિયા પત્નીને આપવા આદેશ ના કરી શકે. માત્ર મહિલા હોવાથી જ ભરણપોષણ મેળવવાનો અધિકાર નથી મળી જતો.

પત્નીની આર્થિક સ્થિતિ શું છે વગેરે પાસા પણ મહત્વના હોય છે. હાઈકોર્ટે હાલ આ મામલે ટ્રાયલ કોર્ટ દ્વારા ભરણપોષણ આપવા પતિને જે આદેશ કરાયો હતો તેને રદ કરી દેવામાં આવ્યો છે.

## દિલ્હીમાં ઈલેક્ટ્રિક વાહનોને એક લાખ સુધીની સબસીડી

નવી દિલ્હી : દિલ્હીમાં મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કેબિનેટ બેઠક બાદ નવી ઈવી પૉલિસી જાહેર કરી છે. ૧લી જુલાઈથી લાગુ થનારી આ ઈવી પૉલિસી પ્રમાણે ઈવી ખરીદનારા લોકોને સરકાર ખાસ ઈન્સેન્ટિવ આપશે. ચાર વર્ષ માટે આ નવી યોજના લાગુ પડશે અને તેની પાછળ દિલ્હીની સરકાર ૧૫ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. સીએમ રેખા ગુપ્તાએ કહ્યું હતું કે દિલ્હી માટે આ ઐતિહાસિક દિવસ છે. ઈવીને ઉત્તેજન આપવા માટે આવી મોટી પૉલિસી લાવનારું દિલ્હી દેશનું પહેલું રાજ્ય બન્યું છે.દિલ્હીની નવી ઈવી પૉલિસી પ્રમાણે ૧લી જુલાઈથી ઈવી ખરીદનારને રોડ ટેક્સ અને રજિસ્ટ્રેશનમાંથી માફી આપવામાં આવશે. ટુ-વ્હીલર્સ ખરીદનારાને ૩૦ હજાર સુધીનું ઈન્સેન્ટિવ મળશે. ૧લી માર્ચ, ૨૦૩૦ સુધી દિલ્હીમાં આ નવી પૉલિસી લાગુ રહેશે અને યોજનાના લાભો પણ મળશે. સીએમના જણાવ્યા પ્રમાણે આ ચાર વર્ષમાં ૭૦૦૦ કરોડ રૂપિયા આ યોજનાનો લાભ આપવા પાછળ અપાશે. ૮૦૦૦ કરોડ રૂપિયા ઈવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરવા માટે અપાશે. પહેલા વર્ષે ટુ-વ્હીલર્સ ખરીદનારને ૩૦ હજાર, બીજા વર્ષે ૨૦ હજાર અને ત્રીજા વર્ષે ૧૦ હજારનો લાભ મળશે. ઈવી કારમાં રજિસ્ટ્રેશન અને ટેક્સમાંથી રાહત મળશે. થ્રી-વ્હીલર્સ કરીદી પર પહેલા વર્ષે ૫૦ હજાર, બીજા વર્ષે ૪૦ હજાર અને ત્રીજા વર્ષે ૩૦ હજારનું ઈન્સેન્ટિવ અપાશે. એન-૧ કેટેગરીના વાહનોને પણ પહેલા વર્ષે એક લાખ રૂપિયાની રાહત અપાશે. તે સિવાય સ્ક્રેપિંગ પૉલિસી હેઠળ પણ લાભ અપાશે. જે વાહનોના રજિસ્ટ્રેશન પૂરા થઈ ગયા છે તેમને સ્ક્રેપિંગ માટે પ્રોત્સાહન આપવાના હેતુથી કારમાં એક લાખ રૂપિયા સુધી અને ટુ-વ્હીલર્સમાં ૧૦ હજાર સુધીનું વળતર મળશે. ટ્રક અને થ્રી-વ્હીલર્સ માટે પણ આ યોજના લાગુ રહેશે.આ નવી ઈવી પૉલિસીની સમાંતરે વાહનોના રજિસ્ટ્રેશનની પૉલિસી પણ જાહેર થઈ છે. ૧લી જાન્યુઆરી-૨૦૨૭થી દિલ્હીમાં એ જ ટ્રક અને થ્રી-વ્હીલર્સ રજિસ્ટર થશે, તે ઈવી હશે. ૧લી એપ્રિલ-૨૦૨૮થી દિલ્હીમાં માત્ર ઈવી ટુ-વ્હીલર્સનું જ રજિસ્ટ્રેશન થશે. એટલે કે એપ્રિલ-૨૦૨૮ પછી દિલ્હીમાં માત્ર ઈવી ટુ-વ્હીલર્સ જ વેચાશે. ઈલેક્ટ્રિક વાહનોના ચાર્જિંગની મુશ્કેલી ન થાય તે માટે દિલ્હીની સરકાર ચાર વર્ષમાં ૩૨ હજાર ચાર્જિંગ સ્ટેશન્સ બનાવશે. તે માટે દિલ્હીમાં જુદા જુદા વિસ્તારોમાં જગ્યા પસંદ કરી લેવામાં આવી છે. દિલ્હીમાં ૩૩ ટકા વાયુ પ્રદૂષણ કમર્શિયલ વાહનોથી ફેલાય છે. ૪૬ ટકા ટુ-વ્હીલર્સ અને કાર વાયુ પ્રદૂષણ વધારે છે. તેના ભાગરૂપે દિલ્હીમાં ઈવી વાહનો વધારવાની દિશામાં આ પૉલિસી બનાવવામાં આવી છે.

## NFR મુખ્ય સ્ટેશનો પર સ્માર્ટ ઓનલાઈન લિફ્ટ મોનિટરિંગ સિસ્ટમ લાગુ કરે છે

માલીગાંવ | ડિજિટલ નવીનતા દ્વારા મુસાફરોની સુવિધાઓને મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલામાં, નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) એ રંગિયા ડિવિઝન હેઠળના મુખ્ય સ્ટેશનો પર લિફ્ટના ઓનલાઈન મોનિટરિંગ માટે ભારતીય રેલ્વે, નેટિવ IoT આધારિત યીલ્ડ એનાલિસિસ, ટેલિમેટ્રી, રેકોર્ડિંગ અને કંટ્રોલ (IR-NIYANTRAC) સિસ્ટમ સફળતાપૂર્વક લાગુ કરી છે. સેન્ટર ફોર રેલ્વે ઈન્ફોર્મેશન સિસ્ટમ્સ (CRIS) દ્વારા વિકસિત ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT) આધારિત પ્લેટફોર્મ લિફ્ટ કામગીરીનું કેન્દ્રિયકૃત, રીઅલ-ટાઈમ મોનિટરિંગ સક્ષમ કરે છે, જે વધેલી વિશ્વસનીયતા, સલામતી અને ઓપરેશનલ





કાર્યક્ષમતા સુનિશ્ચિત કરે છે.ભારતીય રેલ્વે નેટિવ IoT આધારિત યીલ્ડ એનાલિસિસ, ટેલિમેટ્રી, રેકોર્ડિંગ અને કંટ્રોલ સિસ્ટમ સતત લિફ્ટની ઓપરેશનલ સ્થિતિનું નિરીક્ષણ કરે છે, તાત્કાલિક ખામીઓ અથવા ઓપરેશનલ અસામાન્યતાઓ શોધી કાઢે છે અને જાળવણી કર્મચારીઓ માટે રીઅલ-ટાઈમ ચેતવણીઓ ઉત્પન્ન કરે છે. બુદ્ધિશાળી મોનિટરિંગ પ્લેટફોર્મ ઝડપી ખામી નિદાન, સેવાઓનું ઝડપી પુનઃસ્થાપન અને વ્યવસ્થિત નિવારક જાળવણીની સુવિધા આપે છે, જેનાથી ડાઉનટાઈમ ઓછો થાય છે અને મુસાફરો માટે સલામત, વિશ્વસનીય અને અવિરત લિફ્ટ સેવાઓ સુનિશ્ચિત થાય છે. સિસ્ટમ ડેટા આધારિત સંપત્તિ વ્યવસ્થાપનને પણ સમર્થન આપે છે, જે સ્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરની એકંદર કાર્યક્ષમતા અને કામગીરીમાં વધારો કરે છે.આ પ્રોજેક્ટ 100% અમલીકરણ સાથે સફળતાપૂર્વક પૂર્ણ થયો છે, જેમાં રંગિયા ડિવિઝન હેઠળના બે મુખ્ય સ્ટેશનો પર ચાર લિફ્ટનો સમાવેશ થાય છે. આમાં ન્યૂ બોંગાઈગાંવ ખાતે બે લિફ્ટ અને રંગિયા ખાતે બે લિફ્ટનો સમાવેશ થાય છે. આ સ્માર્ટ મોનિટરિંગ સિસ્ટમનું સફળ સંચાલન ઉત્તર-પૂર્વ રેલ્વે દ્વારા નવીનતા, કાર્યકારી શ્રેષ્ઠતા અને ટેકનોલોજી-સક્ષમ મુસાફરો સેવાઓ પર સતત ભાર મૂકવાનું પ્રતિબિંબ પાડે છે.

## કેન્દ્રને તત્કાળ અસરથી રદ કરાયું

### જયપુરમાં પેરામેડિકલ પરીક્ષામાં મોટા કૌભાંડનો પર્દાફાશ

જયપુર : રાજસ્થાનમાં પરીક્ષાઓની પવિત્રતા જાળવવા માટે જયપુર પોલીસે મોટી સફળતા મેળવી છે. રાજસ્થાન યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સ (RUHS) ની પેરામેડિકલ પરીક્ષાઓ શરૂ થાય તે પહેલાં જ પોલીસે એક મોટા નકલ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ મામલે પોલીસે કોલેજના વડા સહિત ચાર મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે. આ કૌભાંડમાં સામેલ વ્યક્તિઓએ પરીક્ષા ખંડમાં નકલ કરાવવા માટેની સંપૂર્ણ યોજના બનાવી હતી.

પોલીસ તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, આરોપીઓએ ૪૦ થી ૪૫ ઉમેદવારો પાસેથી મોટી રકમ વસૂલી હતી. આ રકમ તેમને પરીક્ષામાં નકલ કરવામાં મદદ કરવાના બદલામાં લેવામાં આવી હતી. ધરપકડ કરાયેલા લોકોમાં એસ કરણ કોલેજના પેરામેડિકલ વિભાગના વડા કૃષ્ણ કુમાર સૈની અને રેડિયોલોજી વિભાગના લેક્ચરર શંકર લાલ જાટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રભા મેમોરિયલ પીજી કોલેજના વહીવટકર્તા દેવકૃષ્ણ માંડીવાલ અને રામકૃષ્ણ માંડીવાલની પણ પોલીસે ધરપકડ કરી છે. જયપુર પોલીસને ૨૭ જૂનના રોજ મળેલી બાતમીના આધારે ખોરાબિસલ પોલીસ સ્ટેશનની એક વિશેષ ટીમે આ ઓપરેશન હાથ ધર્યું હતું. આરોપીઓની પૂછપરછ દરમિયાન તેમની બેગમાંથી બે ડાયરીઓ મળી આવી હતી, જેમાં પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓના નામ અને તેમની પાસેથી વસૂલાયેલી રોકડ રકમની વિગતો નોંધાયેલી હતી. આ ઉપરાંત, આરોપીઓના મોબાઈલ ફોનમાંથી પણ નાણાકીય વ્યવહારના પુરાવા અને ઉમેદવારોના એડમિટ કાર્ડની નકલો મળી આવી છે.

આ કૌભાંડના ખુલાસા બાદ રાજસ્થાન પેરામેડિકલ કાઉન્સિલે તાત્કાલિક અસરથી પ્રભા દેવી મેમોરિયલ પીજી કોલેજનું પરીક્ષા કેન્દ્ર રદ કરી દીધું છે. આ કેન્દ્ર પર લેવાનાર DCLT, DDT અને DECGT અભ્યાસક્રમોની પરીક્ષાઓ આગામી આદેશ સુધી મોકૂફ રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ કેન્દ્ર પર પ્રથમ વર્ષની મુખ્ય થિયરી પરીક્ષાઓ તેમજ વર્ષો જૂની બેકલોગની પરીક્ષાઓ લેવાનું આયોજન હતું.

## રાજ્યસભામાં વધ્યો NDAનો દબદબો

# બે-તૃતીયાંશ બહુમતીથી માત્ર 11 ડગલાં દૂર, વિપક્ષની વધી ચિંતા

(એજન્સી) નવી દિલ્હી | તા.30

રાજ્યસભામાં નવા સાંસદોના શપથ ગ્રહણ બાદ રાજકીય સમીકરણો બદલાયા છે. NDAની સંખ્યા હવે 141 થઈ, જે સામાન્ય બહુમતીથી ઘણી વધુ છે. BJD અને YSRCPના 9 સાંસદોના સમર્થનથી આંકડો 160 સુધી પહોંચી શકે છે. પશ્ચિમ બંગાળની પેટાચૂંટણી અને TMCમાં ભંગાણથી 164નો જાદુઈ આંકડો પણ શક્ય બનશે, જે મોદી સરકાર માટે બંધારણીય સુધારા પસાર કરવામાં મદદરૂપ થશે. દેશના રાજકારણ અને સંસદના ઉપલા ગૃહ એટલે કે રાજ્યસભામાંથી એક ખૂબ જ મોટા સમાચાર સામે આવ્યા છે. સોમવારે નવા ચૂંટાયેલા રાજ્યસભા સાંસદોએ શપથ લીધાની સાથે જ ગૃહનું આખું ગણિત બદલાઈ ગયું છે. હવે ભારતીય જનતા પાર્ટી (BJP)ના નેતૃત્વવાળા NDA ગઠબંધનનું પલ્લું રાજ્યસભામાં પહેલાં કરતાં ઘણું વધારે મજબૂત થઈ ગયું છે. આ ફેરબદલને કારણે મોદી સરકાર માટે રાજ્યસભામાં બે-તૃતીયાંશ (2/3) બહુમતી મેળવવાની એક સુવર્ણ તક ઊભી થઈ છે. જો સરકાર આગામી સમયમાં લોકસભાની બેઠકો વધારવા



અથવા આગામી સામાન્ય ચૂંટણીથી મહિલાઓ માટે 33% અનામત બેઠકો લાગુ કરવા જેવા મોટા બંધારણીય સુધારાના બિલ પસાર કરાવવા માંગતી હશે, તો રાજ્યસભાનું આ નવું સમીકરણ સરકાર માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે.સામાન્ય બહુમતીથી ઘણો આગળ નીકળ્યો NDAનો આંકડો. વર્તમાન સમયમાં 242 સભ્યોની સંખ્યા ધરાવતી રાજ્યસભામાં એનડીએના પોતાના સાંસદોની સંખ્યા વધીને 141 થઈ ગઈ છે. આ ઉપરાંત, સરકારને 10 નોમિનેટેડ અને અપક્ષ સાંસદોના સમર્થન પર પણ પૂરો ભરોસો છે. આ બંનેને મેળવતાં એનડીએની પાકી સંખ્યા 151 સુધી પહોંચી જાય છે, જે સદનમાં સામાન્ય બહુમતી માટે જરૂરી આંકડા કરતાં ઘણી વધારે છે. જોકે, બે-તૃતીયાંશ બહુમતી મેળવવા માટે એનડીએ હજુ પણ જરૂરી આંકડાથી 11 બેઠક દૂર છે.BJD અને YSRCP કિંગમેકરની ભૂમિકામાં: તાકાત 160 સુધી પહોંચશે.સંસદના આ નવા સમીકરણમાં બે પ્રાદેશિક પક્ષો- ઓડિશાની બીજુ જનતા દળ (BJD- 5 સાંસદ) અને આંધ્રપ્રદેશની વાયએસઆર કોંગ્રેસ પાર્ટી (YSRCP- 4 સાંસદ) કિંગમેકરની ભૂમિકામાં આવી ગયા છે. આ બંને પક્ષો ન તો એનડીએનો ભાગ છે અને ન તો વિપક્ષી 'INDIA' બ્લોક સાથે જોડાયેલા છે. પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે આ બંને પાર્ટીઓએ ભૂતકાળમાં પણ સરકારના ઘણા મોટા કાયદાકીય એજન્ડાનું ખુલ્લેઆમ સમર્થન કર્યું છે. જો આ 9 સાંસદોનું સમર્થન પણ સરકારને મળી જાય, તો રાજ્યસભામાં એનડીએનો આંકડો 160 પર પહોંચી જશે.

સિટી એક્સપ્રેસ
WEDNESDAY 01 JULY-2026
AHMEDABAD

## હાટકેશ્વર ચાર રસ્તા સંપૂર્ણપણે બંધ કરાશે

અમદાવાદ | અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટે ટ્રાફિક પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશન સંયુક્ત રીતે કામગીરી કરી રહી છે. કેપ્સુલ પ્રકારના ડિઝાઈન બનાવીને ટ્રાફિકને સતત ચાલુ રાખવાની કામગીરીના ભાગરૂપે હાટકેશ્વર ચાર રસ્તા પાસે ટ્રાફિકની સમસ્યાને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશનના ટ્રાફિક વિભાગના એડિશનલ સીટી ઈજનેર સહિતના અધિકારીઓ અને ટ્રાફિક ડીસીપી તેમજ પીઆઈ સહિતના અધિકારીઓએ સ્થળ નિરીક્ષણ કર્યું હતું.ટેમ્પરરી બેરીકેટ લગાવીને બંધ કરેલા ચાર રસ્તા પર હવે ડિવાઈડર લગાવી સંપૂર્ણ પણે બંધ કરી 100 મીટર યુ ટર્ન કરવામાં આવશે.

## ગુજરાત યુનિવર્સિટીની કમાન સંઘ પાસે જ રહેશે!

અમદાવાદ | રાજ્યની સૌથી મોટી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ નીરજા ગુપ્તાની ટર્મ આજે 30 જૂન પૂરી થવાની છે, ત્યારે નવા કુલપતિ માટેની પ્રક્રિયા ચાલી રહી છે. પરંતુ નવા કાયમી કુલપતિ ન મળે ત્યાં સુધી સરકાર દ્વારા ઈન્ચાર્જ કુલપતિની નિમણૂક કરવામાં આવશે. ઈન્ચાર્જ કુલપતિ તરીકે શંકરસિંહ વાઘેલાની કોલેજના પ્રિન્સિપાલ આશિષ દવેની નિમણૂક થાય તેવી શક્યતા છે અથવા હાલના કુલપતિ નીરજા ગુપ્તાને પણ ઈન્ચાર્જ તરીકે નિમણૂક કરવામાં આવી શકે છે. મહત્વનું છે કે આશિષ દવે સંઘ સાથે જોડાયેલા છે જેથી તેમના નામની હાલમાં ચર્ચા ચાલી રહી છે.



**નવસારીમાં ઘરોમાં પાણી ઘૂસ્યાં : ગીર પંથકમાં પણ વાવણી લાયક વરસાદ; 5 દિવસ ભારે પવન ફૂંકાવાની શક્યતા, માછીમારો માટે એલર્ટ : સુરતમાં અઢી ઈંચથી વધુ વરસાદ, પાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરી ધોવાઈ....**

# 11 તાલુકામાં 1 ઈંચથી વધુ વરસાદ...

અમદાવાદ | સમગ્ર દેશ સહિત ખાસ કરીને ગુજરાતમાં ચોમાસું આગળ વધવા માટે સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ છે. હવામાન વિભાગ (IMD)ના જણાવ્યા અનુસાર, આગામી 2 દિવસમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ગુજરાતના વધુ ભાગોને આવરી લેશે અને ત્યારબાદના 2-3 દિવસમાં સમગ્ર રાજ્યમાં તે સક્રિય થઈ જશે. આ સાથે જ, 2 જુલાઈથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પણ સક્રિય થવાની સંભાવના છે, જે વરસાદનું જોર વધારશે.

બીજી તરફ, આજે વહેલી સવારથી જ રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદી માહોલ જામ્યો છે. સવારે 6થી 12 વાગ્યા સુધીમાં રાજ્યના 33 તાલુકામાં વરસાદે ધમાકેદાર જમાવટ કરી છે. જેમાં સૌથી ઓછો રાજકોટના જસદણમાં 1 મિમી વરસાદ નોંધાયો છે, જ્યારે સૌથી વધુ સુરતના કામરેજમાં આભ ફાટ્યું હોય તેમ 2.36 ઈંચ વરસાદ ખાબક્યો છે.

સુરતમાં છેલ્લા 15 દિવસની લાંબી રાહ જોયા બાદ મોડીરાતથી વિધિવત ચોમાસું શરૂ થઈ ગયું છે. અરૂઆતના વરસાદમાં જ સ્માર્ટ સિટી સુરતના અનેક ગરનાળા, સોસાયટીઓ અને મુખ્ય માર્ગો બેટમાં ફેરવાઈ ગયા છે. સુરત ઉપરાંત નવસારી, અમરેલી, જૂનાગઢ, ઉના અને તાપી સહિતના પંથકોમાં પણ વહેલી સવારથી સાર્વત્રિક વરસાદ શરૂ થતાં અસહ્ય બફારાથી લોકોને રાહત મળી છે અને ધરતીપુત્રોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે.

સુરતમાં ચોમાસાની શરૂઆતમાં જ માત્ર 4 કલાકમાં 2 ઈંચ વરસાદ ખાબકતાં મનપાની પ્રી-મોન્સૂન કામગીરી ધોવાઈ ગઈ છે. મોટા વરાછા વિસ્તારમાં તાજેતરમાં જ બનેલો આખેઆખો 400 મીટરનો રોડ જમીનમાં ધસી પડ્યો હતો, જ્યાં રસ્તા પર પડેલા ભયાનક ભુવામાં એક ચાલુ કાર અને ત્યારબાદ સમારકામ માટે આવેલી પાલિકાની જ મોટી ટ્રક ગરકાવ થઈ ગઈ હતી. આ ઉપરાંત કતારગામ, ઉધના અને પર્વત પાટિયા જેવા વિસ્તારો બેટમાં ફેરવાઈ જતાં હજારો નોકરીયાતો કલાકો સુધી ટ્રાફિકજામમાં અટવાયા હતા.

ભારે વરસાદ અને મીઠી ખાડીના પાણી બેક મારવાને કારણે ભગવાન મહાવીર યુનિવર્સિટી અને સરસ્વતી વિદ્યાલય જેવા શૈક્ષણિક કેમ્પસોમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં માસૂમ વિદ્યાર્થીઓ ભારે હાલાકીમાં મુકાયા હતા. તંત્રની આ ઘોર બેદરકારી સામે સ્થાનિક જનતામાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.





### નવસારીમાં ધારાસભ્યના ઘર પાસેનો રસ્તો બગડ્યો, ટેમ્પો ખૂપી ગયો

નવસારી શહેરમાં વહેલી સવારથી વરસી રહેલા વરસાદને કારણે જનજીવન પ્રભાવિત બન્યું છે. રોડમાં ટેમ્પો ખૂપી જતા રસ્તાની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે. શહેરના કેટલાક વિસ્તારોમાં ઘરોમાં પાણી ભરાયા છે, તો ક્યાંક રસ્તામાં ખાડા પડ્યા છે તો ક્યાંક ભુવાની સમસ્યા પણ સામે આવી છે. ધારાસભ્ય રાકેશ દેસાઈના ઘર પાસે જ આ ઘટના બનતા મહાનગરપાલિકા દ્વારા નિર્મિત રોડ રસ્તાની મજબૂતાઈ સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે.

આજની સ્થિતિ (30 જૂનથી 1 જુલાઈ): દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે અને તેની આસપાસના અરબી સમુદ્રમાં 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે, જે વધીને 60 કિમી પ્રતિ કલાક સુધી પહોંચવાની સંભાવના છે. આ દરમિયાન દરિયામાં ખરાબ હવામાન જોવા મળશે.

ત્યારપછીના દિવસોમાં (1 જુલાઈથી લઈને 5 જુલાઈ સુધી) સમગ્ર ગુજરાતના દરિયાકાંઠા પંથકમાં અને ઉત્તર-પૂર્વ અરબી સમુદ્રમાં આ જ પ્રકારે 40થી 50 કિમી અને વધુમાં વધુ 60 કિમી પ્રતિ કલાકની ઝડપે તોફાની પવન ફૂંકાવાની શક્યતા સેવાઈ રહી છે. દરિયામાં સર્જાનારા આ ખરાબ અને તોફાની હવામાનને ધ્યાનમાં રાખીને ગુજરાત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) સહિત સંબંધિત તંત્રોને પણ આ અંગે એલર્ટ કરી દેવામાં આવ્યા છે. માછીમારોને આગામી દિવસોમાં દરિયો ન ખેડવા અથવા સાવચેતી રાખવા તાકીદ કરવામાં આવી છે.

1 જુલાઈ: દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, નવસારી, વલસાડ અને તાપી જિલ્લાઓ તેમજ દમણ અને દાદરા-નગર હવેલીમાં અલગ-અલગ સ્થળોએ ભારે વરસાદની શક્યતા છે. સાથે જ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આનંદ, પંચમહાલ, દાહોદ અને મહીસાગર, દક્ષિણ ગુજરાતના વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવ ખાતે 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે ગાજવીજ, વીજળી અને હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

2 જુલાઈ: રોજ દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, નવસારી, વલસાડ અને તાપી જિલ્લાઓ તેમજ દમણ અને દાદરા-નગર હવેલીમાં અલગ-અલગ સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. ઉપરાંત વડોદરા, છોટાઉદેપુર, નર્મદા અને ભરૂચ જિલ્લામાં તેમજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવ ખાતે ભારે વરસાદની શક્યતા છે.

રાજ્યના ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્ર-કચ્છના મોટાભાગના જિલ્લાઓમાં 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે ગાજવીજ, વીજળી અને હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે.

03થી 06 જુલાઈ: ભારે આફતની સંભાવના: આ દિવસો દરમિયાન દક્ષિણ ગુજરાતમાં ચોમાસું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી શકે છે. સુરત, નવસારી, વલસાડ, તાપી અને ડાંગમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. આ સિવાય પંચમહાલ, વડોદરા, ભરૂચ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં પણ ભારે વરસાદની સંભાવના છે.

## પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ-દરભંગા અને ગાંધીધામ-ભાગલપુર સ્પેશિયલ ટ્રેનોના ફેરાનું વિસ્તરણ

**માર્ગ પરિવર્તનની સાથે વિશેષ ટ્રેનનું સંચાલન ચાલુ રહેશે**

પશ્ચિમ રેલવે | અમદાવાદ

યાત્રીઓની સુવિધા તથા ગ્રીષ્મકાલીન અને આગામી તહેવારો દરમિયાન વધતી યાત્રા માંગને ધ્યાનમાં રાખતાં પશ્ચિમ રેલવે એ અમદાવાદ-દરભંગા તથા ગાંધીધામ-ભાગલપુર વિશેષ ભાડાની સ્પેશિયલ ટ્રેનોના ફેરાનું વિસ્તરણ કરવાનો નિર્ણય લીધો છે. સાથે જ, ઉત્તર રેલવેના લખનઉ સ્ટેશન પર આરએલડીએ (RLDA) કામને લીધે આ ટ્રેનોનું સંચાલન પરિવર્તિત માર્ગથી કરવામાં આવશે. ટ્રેન નંબર 09465/09466 અમદાવાદ-દરભંગા-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ, ટ્રેન નંબર 09465 અમદાવાદ-દરભંગા સાપ્તાહિક સ્પેશિયલ (દરેક શુક્રવાર) ના ફેરાનું 03 જુલાઈ, 2026 થી 31 જુલાઈ, 2026 સુધી તથા ટ્રેન નંબર 09466 દરભંગા-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ (દરેક સોમવાર) ના ફેરાનું 06 જુલાઈ, 2026 થી 03 ઓગસ્ટ, 2026 સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે. આ ટ્રેન પરિવર્તિત માર્ગ વાયા છાયાપુરી, રતલામ, ઉજ્જૈન, ગુના, બીના, વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રયાગરાજ, જ્ઞાનપુર રોડ, વારાણસી, ઔંડિહાર, ગાજીપુર સિટી, છપરા, મુજફ્ફરપુર અને સમસ્તીપુર થઈને ચાલશે. ટ્રેન નંબર 09451/09452 ગાંધીધામ-ભાગલપુર સાપ્તાહિક સ્પેશિયલ, ટ્રેન નંબર 09451 ગાંધીધામ-ભાગલપુર સાપ્તાહિક સ્પેશિયલ (દરેક શુક્રવાર) ના ફેરાનું 03 જુલાઈ, 2026 થી 31 જુલાઈ, 2026 સુધી તથા ટ્રેન નંબર 09452 ભાગલપુર-ગાંધીધામ સાપ્તાહિક સ્પેશિયલ (દરેક સોમવાર) ના ફેરાનું 06 જુલાઈ, 2026 થી 03 ઓગસ્ટ, 2026 સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે. આ ટ્રેન પરિવર્તિત માર્ગ ભચાઉ, સામાખિયાળી, ધ્રાંગધ્રા, અમદાવાદ, નડિયાદ, દાહોદ, રતલામ, ભવાની મંડી, કોટા જંક્શન, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, હિન્ડૌન સિટી, બયાના જંક્શન, ભરતપુર, મથુરા, હાથરસ સિટી, કાસગંજ, ફર્રૂખાબાદ, કાનપુર સેન્ટ્રલ, ફતેહપુર, પ્રયાગરાજ, જ્ઞાનપુર રોડ, વારાણસી, ઔંડિહાર, ગાજીપુર સિટી, છપરા, હાજીપુર, મુજફ્ફરપુર, સમસ્તીપુર, બરૌની જંક્શન, બેગૂસરાય, મુંગેર, સુલ્તાનગંજ અને ભાગલપુર થઈને ચાલશે. ટ્રેન નંબર 09465 અને 09451 નું બુકિંગ 01 જુલાઈ, 2026 થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર ઉપલબ્ધ થશે. યાત્રીઓને જણાવવામાં આવે છે કે યાત્રાથી પહેલાં ટ્રેનના સમય, હોલ્ટ અને અન્ય વિગતોની માહિતી માટે www.enquiry.indianrail.gov.in નું અવલોકન કરે.

## EDએ જપ્ત કરેલા પૈસા છોડાવી આપવાના બહાને 3.18 કરોડ પડાવ્યા

**રેડ દરમિયાન આંગડિયા પેઢીના 11 કરોડ જપ્ત કર્યા હતા, વકીલ સહિત પાંચ સામે ફરિયાદ**

અમદાવાદ | અમદાવાદની આંગડિયા પેઢીના 11 કરોડથી વધુની રકમ ED દ્વારા જપ્ત કરવામાં આવી હતી. આ જપ્ત કરેલી રકમ છોડાવવા પાંચ શખ્સોએ 40 ટકા કમિશન નક્કી કર્યું હતું જેમાંથી ટોકન પેટે 3.18 કરોડ મેળવ્યા પણ હતા.જોકે કમિશન મેળવીને EDએ જપ્ત કરેલી રકમ છોડવી ન આપીને ઠગાઈ કરતા આંગડિયા પેઢીના માલિકે વકીલ સહિત પાંચ શખ્સો સામે ક્રાઈમ બ્રાન્ચના ફરિયાદ નોંધાવી છે.

શાહીબાગમાં રહેતા સાંકળચંદ વિષ્ણુ કાંતિ નામની આંગડિયા પેઢી ચલાવે છે. ડિસેમ્બર 2024માં તેમની આંગડિયા પેઢીમાં EDની રેડ થઈ હતી, જેમાં 11.10 કરોડ રોકડ મળી આવતા ED દ્વારા જપ્ત કરવામાં આવ્યા હતા. વિજય પટેલ નામના વ્યક્તિએ ED દ્વારા જપ્ત કરવામાં આવેલા પૈસા વહીવટ કરાવી કઢાવી આપવાનું જણાવ્યું હતું.વિજય પટેલે પોતાની મોટી ઓળખાણ હોવાનું કહીને ત્રણથી ચાર મહિનામાં પૈસા પરત લાવી આપીશ તેવું જણાવ્યું હતું.

વિજય પટેલ એવું પણ કહ્યું હતું કે, EDની ઓફિસ આવીને આ તમામ રકમ મારા નામે ડિકલેર કરી આપો તો રકમ છોડાવી દઈશ.જે બાદ વિજય પટેલે હાઈકોર્ટના સામે આવેલા વકીલ સુધાંશુ ઝાની ઓફિસે લઈ જઈ EDનો કેસ પૂરો કરવા અને પૈસા છોડાવવા 40% ખર્ચ થશે તેવું જણાવ્યું હતું. જેમાં સાંકળચંદ પટેલ સહમત થયા હતા. જે બાદ સાંકળચંદ પટેલે ટુકડે ટુકડે 3.18 કરોડ રૂપિયા આપ્યા હતા.

પૈસા આપ્યા બાદ વિજય પટેલે જણાવ્યું હતું કે, EDએ જપ્ત કરેલા રૂપિયા મારા હોવાનું કરાર કરી આપવો પડશે. વિજય પટેલના કહેવાથી પૈસાનો કરાર દર્શન વેદ નામના વ્યક્તિના નામે કરી આપ્યો હતો. કરાર કર્યો અને કમિશન પણ આપ્યું પરંતુ લાંબા સમય સુધી જપ્ત કરેલા પૈસા પરત ના લઈ આપતા સાંકળચંદ પટેલે વિજય પટેલ પાસેથી પૈસા પરત માંગ્યા હતા,જે પૈસા પરત ના આપતા સાંકળચંદ પટેલે વિજય પટેલ, દર્શન વેદ,સુધાંશુ ઝા, પ્રવીણ ભાનુશાલી અને વિરાટ સિંહ એમ પાંચ વ્યક્તિઓ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે

## યાત્રીઓની સુવિધા માટે અમદાવાદ મંડળની 03 જોડી ટ્રેનોમાં અસ્થાયી રૂપે અતિરિક્ત કોચ જોડવામાં આવશે

અમદાવાદ | યાત્રીઓની વધતી ભીડ તથા યાત્રા માંગને ધ્યાનમાં રાખતાં પશ્ચિમ રેલવેએ નીચે જણાવેલી ટ્રેનોમાં અસ્થાયી રૂપે અતિરિક્ત કોચ જોડવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે :

v ટ્રેન નંબર 20485/20486 સાબરમતી-જેસલમેર-સાબરમતી ઈન્ટરસિટી એક્સપ્રેસમાં 02 એસી 3-ટિયર અને 01 સ્લીપર કોચ સાબરમતીથી 03 જુલાઈ, 2026 થી 02 ઓગસ્ટ, 2026 સુધી તથા જેસલમેરથી 01 જુલાઈ, 2026 થી 31 જુલાઈ, 2026 સુધી અસ્થાયી રૂપે જોડવામાં આવશે. v ટ્રેન નંબર 20492/20491 સાબરમતી-જેસલમેર-સાબરમતી સુપરફાસ્ટ એક્સપ્રેસમાં 02 એસી 3-ટિયર અને 01 સ્લીપર કોચ સાબરમતીથી 01 જુલાઈ, 2026 થી 31 જુલાઈ, 2026 સુધી તથા જેસલમેરથી 02 જુલાઈ, 2026 થી 01 ઓગસ્ટ, 2026 સુધી અસ્થાયી રૂપે જોડવામાં આવશે.



v ટ્રેન નંબર 20987/20988 ઉદયપુર સિટી-અસારવા-ઉદયપુર સિટી સુપરફાસ્ટ એક્સપ્રેસમાં 01 સેકન્ડ સીટિંગ કોચ અસારવાથી 02 જુલાઈ, 2026 થી 01 ઓગસ્ટ, 2026 સુધી તથા ઉદયપુર સિટીથી 01 જુલાઈ, 2026 થી 31 જુલાઈ, 2026 સુધી અસ્થાયી રૂપે જોડવામાં આવશે.

યાત્રીઓને જણાવવામાં આવે છે કે તેઓ યાત્રાથી પહેલાં ટ્રેનના સમય, હોલ્ટ અને અન્ય વિગતોની માહિતી માટે www.enquiry.indianrail.gov.in નું અવલોકન કરે.

## GCASના 4 રાઉન્ડ બાદ પણ સરકારી યુનિવર્સિટીઓમાં 60% બેઠકો ખાલી

અમદાવાદ | રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં GCAS પોર્ટલ મારફતે અંડર ગ્રેજ્યુએશન કોર્સમાં પ્રવેશ માટેના ચાર રાઉન્ડ પૂરા કરી દેવામાં આવ્યા છે. GCAS પોર્ટલ પર પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી ત્યારે ચાર રાઉન્ડમાં જ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાના દાવા કરવામાં આવતા હતા. પરંતુ ચાર રાઉન્ડ બાદ પણ 50થી 70 ટકા બેઠકો હજુ પણ ખાલી હોવાનું સામે આવ્યું છે.

પરિણામે હવે પ્રવેશ પ્રક્રિયા વધુ લંબાવવાની અને વધારાના રાઉન્ડ કરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જોકે નવા રાઉન્ડ ક્યારે કરવામાં આવશે તેને લઈને હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી હતી. જેથી વિદ્યાર્થીઓ પણ મૂંઝવણમાં મુકાયા છે.

રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં GCAS પોર્ટલ મારફતે પ્રવેશ પ્રક્રિયાના ચારેય રાઉન્ડ પૂર્ણ થઈ ગયા હોવા છતાં મોટી સંખ્યામાં બેઠકો હજુ પણ ખાલી પડી છે. શરૂઆતમાં માત્ર ચાર રાઉન્ડમાં જ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરીને નવા શૈક્ષણિક સત્રનો સમયસર પ્રારંભ કરાવવાનો દાવો કર્યો હતો, પરંતુ હાલની સ્થિતિ તેનાથી વિપરીત જોવા મળી રહી છે. ચાર રાઉન્ડ પૂર્ણ થયા બાદ પણ અનેક યુનિવર્સિટીઓમાં અંદાજે 50થી 70 ટકા જેટલી બેઠકો હજુ ખાલી હોવાનું સામે આવ્યું છે.

રાજ્યની મોટાભાગની સરકારી યુનિવર્સિટીઓમાં 50થી 70 ટકા બેઠકો હજુ પણ ખાલી છે. તેમજ વિદ્યાર્થીઓ હજુ પણ પસંદગીની કોલેજની રાહ જોઈ રહ્યા હોવાથી એલોર્ટ કરેલી યુનિવર્સિટી કે કોલેજમાં પ્રવેશ કન્ફર્મ કરાવતા નથી. જેના કારણે એલોર્ટ સામે પ્રવેશ કન્ફર્મેશનના આંકડા પણ ખૂબ ઓછા જોવા મળી રહ્યા છે.

GCAS પોર્ટલ મારફતે કુલ 4,20,294 વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરીને ફી ભરી હતી. જેમાંથી 2.21 લાખ જેટલા વિદ્યાર્થીઓએ જ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો છે. પ્રવેશ પ્રક્રિયામાં સૌથી મોટો પડકાર વિદ્યાર્થીઓ દ્વારા એલોર્ટ થયેલી બેઠક કન્ફર્મ ન કરાવવાનો રહ્યો છે. રાજ્યની પ્રતિષ્ઠિત સરકારી કોલેજોમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મેરિટ ખૂબ ઊંચું રહેતાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને તેમની પ્રથમ પસંદગીની કોલેજ અથવા કોર્સ મળ્યા નથી. જેના કારણે ઘણા વિદ્યાર્થીઓ હાલ મળેલી બેઠક સ્વીકારવાને બદલે વધુ સારી કોલેજની આશા રાખી રહ્યા છે. GCASમાં ચાર રાઉન્ડ જો પણ અનેક વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો નથી. ત્યારે હવે પાંચમો રાઉન્ડ જાહેર કરવો કે નહીં તેને લઈને હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. તેમજ હવે આગામી એડમિશન પ્રોસેસ જે તે યુનિવર્સિટી કે કોલેજને સોંપવી કે નહીં તેને લઈને પણ હજુ વિચારણા ચાલી રહી છે. જેથી હજારો વિદ્યાર્થીઓ પાંચમાં રાઉન્ડની જાહેરાત ક્યારે થશે તેની રાહ જોઈને બેઠા છે. જો કે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં ન આવતા પ્રવેશ પ્રક્રિયા લંબાય તેવી શકયતા જોવા મળી રહી છે.

## ગાંધીનગરમાં 127 કરોડના ખર્ચે નિર્માણ પામશે ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટિચર્સ એજ્યુકેશન IITEનું નૂતન ભવન અને હોસ્ટેલ બનશે

ગાંધીનગર | વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પરિકલ્પનાથી સ્થપાયેલી સ્ટેટ યુનિવર્સિટી ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટિચર્સ એજ્યુકેશનનું નવું અદ્યતન ભવન ગાંધીનગરમાં નિર્માણ પામશે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રૂ.127 કરોડના અંદાજિત ખર્ચે નિર્માણ થનારા આ નૂતન ભવનનું ભૂમિપૂજન શિક્ષણ મંત્રી શ્રી પ્રદ્યુમનભાઈ વાજા તથા રાજ્ય મંત્રીશ્રીઓ સર્વ શ્રી ત્રિકમભાઈ છાંગા, અને રિવાબા જાડેજાની ઉપસ્થિતિમાં કર્યુ હતું.આ નવા ભવનમાં એકેડેમિક બિલ્ડિંગ, આધુનિક સાયન્સ લેબ તથા સેમીનાર રૂમ તેમજ સ્ટેટ ઓફ આર્ટ લાયબ્રેરી અને મ્યુઝીયમ જેવી સુવિધાઓ ઉપરાંત વિવિધ રમતો માટે પ્લે ગ્રાઉન્ડ, આધુનિક સુવિધાઓ સાથેની 600થી વધુ ભાઈઓ તથા બહેનોને સમાવી શકાય તેવી હોસ્ટેલનું બાંધકામ હાથ ધરાશે.આ ભારતીય શિક્ષક શિક્ષણ સંસ્થાનની સ્થાપના સમાજને ઉત્તમ શિક્ષકો મળે તે હેતુસર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગવા વિઝનથી કરવામાં આવેલી છે.આ પ્રસંગે શિક્ષણ



મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, આજે માત્ર ભવન કે મકાન નિર્માણની શરૂઆત નથી થઈ, પરંતુ ભારતના ભવિષ્યના ઘડતરમાં અમૂલ્ય યોગદાન આપનારા ઉત્તમ શિક્ષકોના નિર્માણના એક નવા યુગની શરૂઆત થઈ છે. ભારત માત્ર સામાન્ય શિક્ષકો જ નહીં, પણ 'રાષ્ટ્ર નિર્માતા' શિક્ષકો તૈયાર કરીને વૈશ્વિક સ્તરે અગ્રણી ભૂમિકા ભજવે અને વિદેશોમાં પણ શ્રેષ્ઠ શિક્ષકો પૂરા પાડે, તેવા ભગીરથ દ્રષ્ટિકોણને આ સંસ્થા આજે નવી ઊંચાઈએ લઈ જઈ રહી છે. શિક્ષણ મંત્રી શ્રી વાજાએ જણાવ્યું હતું કે, વિશ્વકક્ષાના શિક્ષકો તૈયાર કરવા માટે વૈશ્વિક સ્તરની સંસ્થા સ્થાપવાના ઉદ્દેશ સાથે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દુરંદેશી વિચારથી વર્ષ-૨૦૧૦માં આ વિશિષ્ટ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરવામાં આવી હતી. સંસ્થાના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૨૭ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આ ગ્રાન્ટ અંતર્ગત કેમ્પસમાં નવા એકેડેમિક અને ફેકલ્ટી બિલ્ડિંગ, અદ્યતન વર્ગખંડો, આધુનિક વિજ્ઞાન પ્રયોગશાળાઓ, સેમિનાર હોલ, સ્ટેટ-ઓફ-ધ-આર્ટ લાઈબ્રેરી, મ્યુઝિયમ તેમજ રમત-ગમતની ઉત્કૃષ્ટ સુવિધાઓ ઊભી કરાશે. આ ઉપરાંત, અંદાજે ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ હોસ્ટેલનું નિર્માણ પણ કરવામાં આવશે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -NEP-2020ના અસરકારક અમલીકરણમાં ગુજરાત દેશભરમાં અગ્રેસર રહ્યું છે. આ નવી શિક્ષણ નીતિ બહુ-વિષયક શિક્ષણ, સંશોધન, ઈનોવેશન અને કૌશલ્ય આધારિત અભ્યાસક્રમ પર વિશેષ ભાર મૂકે છે. આ જ દિશામાં આગળ વધતા, IITE ને હવે એક 'મલ્ટીડિસિપ્લિનરી યુનિવર્સિટી' તરીકે વિકસાવવામાં આવી રહી છે. જે અંતર્ગત વિવિધ જ્ઞાન શાખાઓના સંકલન સાથે સર્વગ્રાહી શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન આપતી સાત નવી 'યુનિવર્સિટી સ્કૂલ્સ' ની રચના કરવામાં આવી છે.

## સરખેજમાં ગેરકાયદે બનાવાયેલી મસ્જિદ તોડી પાડવામાં આવી:ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ડિમોલીશન કામગીરી

અમદાવાદ | અમદાવાદ શહેરના સરખેજ વિસ્તારમાં ગેરકાયદે બનાવી દેવાયેલી મસ્જિદના બાંધકામને AMC દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું. સાણંદ ક્રોસિંગ નજીક ગેરકાયદેસર રીતે બનાવવામાં આવી રહેલી નવી મસ્જિદને મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા સરખેજ પોલીસના બંદોબસ્ત સાથે ડિમોલેશનની કાર્યવાહી કરવામાં આવી છે. નવી મસ્જિદનું બાંધકામ કરી દેવામાં આવ્યું હતું ને કોઈપણ પ્રકારની મંજૂરી લેવામાં આવી નહોતી આસપાસ પતરા લગાવી દેવામાં આવ્યા હતા જેના પગલે તેને તોડવામાં આવ્યું છે.

દક્ષિણ પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગના જણાવ્યા મુજબ સરખેજ વિસ્તારમાં સાણંદ ક્રોસિંગ પાસે એક નવી ગેરકાયદેસર પરવાનગી વિનાની મસ્જિદનું બાંધકામ કરવામાં આવ્યું હતું અને આસપાસ પતરા લગાવવામાં આવ્યા હતા. હજી કેટલુંક તેનું બાંધકામ કરવાનું બાકી હતું ત્યારે એસ્ટેટ વિભાગ દ્વારા નોટિસ પાઠવવામાં આવી હતી. બાંધકામને દૂર કરવાની



નોટિસ આપવામાં આવી હતી છતાં પણ તેને ડિમોલેશન ન કરવામાં આવતા આજે 30 જૂનના રોજ સવારે સરખેજ પોલીસના બંદોબસ્ત સાથે એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા મસ્જિદનું ડિમોલેશન કરવામાં આવ્યું છે.